દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 95 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ સુદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 April 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૨૩ એપ્રિલ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈડીના કામમાં મમતાની દખલ લોકશાહી માટે ખતરોઃ સુપ્રીમ

**મુખ્ય પ્રધાને ઈડી દ્વારા ચાલતી તપાસમાં દખલગીરી કરીને લોકશાહી સામે જોખમ ઊભું કર્યું ગણાય**

## આઈ-પૅક પર ઈડીના દરોડાના કેસમાં બંગાળનાં સીએમને કોર્ટે ઝાટક્યાં

નવી દિલ્હીઃ કોલકાતામાં ઇન્ડિયન પૉલિટિકલ ઍક્શન કમિટી (આઇ-પૅક)ના ડિરેક્ટરના ઘરે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) દ્વારા પાડવામાં આવેલા દરોડામાં પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ કરેલી કહેવાતી દખલગીરીની સર્વોચ્ચ અદાલતે બુધવારે આકરી ટીકા કરી હતી.

સર્વોચ્ચ અદાલતે જ્યાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, તે પશ્ચિમ બંગાળમાંના સામાજિક-રાજકીય વાતાવરણને 'ઘણું ગંભીર' ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાનનું આવું પગલું લોકશાહીમાં અરાજકતા ફેલાવી શકે છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશે જણાવ્યું હતું કે મમતા બેનરજીનું આ પ્રકારનું પગલું લોકતાંત્રિક માળખા સામે સીધું જોખમ ઊભું કરે છે. આ મુદ્દો રાજ્ય અને કેન્દ્ર વચ્ચેના વિવાદનો નથી. આ કિસ્સામાં મુખ્ય પ્રધાને ઇડી દ્વારા ચાલતી તપાસમાં દખલગીરી કરીને લોકશાહી સામે જોખમ ઊભું કર્યું ગણાય. અમે ક્યારેય વિચાર્યું પણ નહોતું કે આ દેશમાં

(જુઓ પાનું ૨) ▶▶

### શું કહ્યું સર્વોચ્ચ અદાલતે?

- અમે ક્યારેય વિચાર્યું પણ નહોતું કે આ દેશમાં કોઇ મુખ્ય પ્રધાન ઇડી દ્વારા ચાલતી તપાસમાં દખલગીરી કરવા તપાસના સ્થળે પહોંચી જશે
- આ અદાલત પશ્ચિમ બંગાળની વાસ્તવિક પરિસ્થિતિ પ્રત્યે 'આંખ આડા કાન' કરી ન શકે

### ચીઝને કરો ચૂઝ

## તમારી પ્લેટમાંનાં ચીઝ-પનીર ઍનાલોગ કે દૂધનાં?: હૉટેલો માટે જણાવવું ફરજિયાત

**રાજ્યની હૉટેલોમાં ચાલતી છેતરપિંડીના હવે ફક્ત આઠ દિવસ બાકીઃ પહેલી મેથી આવો નિયમ અમલી કરનાર મહારાષ્ટ્ર પહેલું રાજ્ય બનશે**

વિપુલ વૈદ્ય

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હવે હોટેલમાં ખાનારાઓ નક્કી કરી શકશે કે તેમને ઍનાલોગ ચીઝ ખાવું છે કે પછી દૂધમાંથી બનેલું, કેમ કે હવે મહારાષ્ટ્રના અન્ન અને ઔષધ વિભાગે બધી જ હોટેલો માટે તેમના મેન્યુ કાર્ડમાં તેમણે બનાવેલી ચીઝ-પનીરની આઈટમો દૂધમાંથી બનેલી છે કે ઍનાલોગ ચીઝમાંથી તે લખવું ફરજિયાત બનાવ્યું છે. આવા પ્રકારનો નિયમ બનાવનારું મહારાષ્ટ્ર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

મહારાષ્ટ્ર સરકારના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ એક નવો આદેશ જારી કર્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે વાસ્તવિક ચીઝને બદલે 'ચીઝ એનાલોગ'નો

(જુઓ પાનું ૨) ▶▶

મોટા ભાગના ખાદ્યગૃહોમાં વપરાય છે ઍનાલોગ ચીઝ/પનીર ૯

# ટ્રમ્પે યુદ્ધવિરામ લંબાવ્યોઃ ગુજરાત આવતું જહાજ ઈરાને જપ્ત કર્યું

**અમેરિકાએ નાકાબંધી ચાલુ રાખીઃ ઈરાને ત્રણ જહાજ પર હુમલો કર્યો, બે જહાજ કબજામાં લીધાં**

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે યુદ્ધવિરામ અચોક્કસ મુદત માટે લંબાવવાની બુધવારે જાહેરાત કરી હતી, પરંતુ ઇરાનનાં બંદરોથી આવ-જા કરતા જહાજોની નાકાબંધી ચાલુ રાખવાનો નિર્ણય લીધો હતો. દરમિયાન, ઇરાને નાકાબંધી કરવાના અમેરિકાના પગલાંને યુદ્ધ સમાન ગણાવ્યું હતું અને હોર્મુઝ સામુદ્રધુનીમાં ત્રણ જહાજ પર હુમલો કર્યો હતો તેમ જ ગુજરાત જતાં એક જહાજ સહિત કુલ બે જહાજને જપ્ત કર્યા હતાં. ગુજરાત જઇ રહેલું લાઇબેરિયાના ધ્વજવાળું 'ઇપામિનોન્ડાસ' નામનું કન્ટેનર જહાજ ઇરાનના રિવૉલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના નૌકાદળે જપ્ત કર્યું હતું.

બીજું જહાજ શ્રીલંકાના હામબાન્ટોટા જતું પનામાના ધ્વજવાળું 'એમએસસી-ફ્રાન્સેસિકા' કન્ટૅનર જહાજ હતું, તેને પણ ઇરાને જપ્ત કર્યું હતું.

ઇરાનના રિવૉલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે આ સંબંધમાં સ્પષ્ટતા કરી હતી કે ભારત અને શ્રીલંકા જતાં આ જહાજો જરૂરી પરવાના વિના કામ કરી રહ્યા હતા અને નેવિગેશન સિસ્ટમ્સ સાથે ચેડાં કરીને ઇરાનની સલામતીને જોખમમાં મૂકી રહ્યા

(જુઓ પાનું ૨) ▶▶

## મુનીર અમેરિકાના દલાલ, રમે છે ડબલ ગેમઃ ઈરાનનો આક્ષેપ

ઇસ્લામાબાદઃ ઇરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી રહેલા પાકિસ્તાન પર ઇરાને ડબલ ગેમનો આરોપ લગાવ્યો છે. ઈરાને પાકિસ્તાનની મધ્યસ્થી તરીકેની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા છે. ઇસ્લામાબાદ પર બેવડાં ધોરણ અપનાવવાનો અને નિષ્પક્ષતાનો અભાવ હોવાનો આરોપ લગાવ્યો છે. ઇરાને આરોપ લગાવ્યો છે કે અમેરિકા-ઈરાન તણાવના આ મહત્વપૂર્ણ સમયે પાકિસ્તાન 'ડબલ ગેમ' રમી રહ્યું છે. ઇરાને દાવો કર્યો છે કે મધ્યસ્થી તરીકે પાકિસ્તાન પરનો વિશ્વાસ

(જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝમાં ફાયરિંગનો ભોગ ભારતીય જહાજ ક્રિપ્ટોકરન્સી કૌભાંડનો શિકાર બન્યું?

તહેરાનઃ પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાં કોમર્શિયલ જહાજોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે. સાયબર ગુનેગારો હવે આ વૈશ્વિક કટોકટીનો લાભ લઈ રહ્યા છે. તેઓ ફસાયેલા જહાજોને સુરક્ષિત રસ્તો આપવાના નામે શિપિંગ કંપનીઓ પાસેથી ક્રિપ્ટોકરન્સીમાં મોટી રકમ પડાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ગ્રીક મેરિટાઇમ રિસ્ક એસેસમેન્ટ ફર્મ 'મૈરિસ્ક'ના એક રિપોર્ટ અનુસાર, અજાણ્યા સાયબર ગુનેગારો ઇરાની અધિકારીઓની ઓળખાણ આપી શિપિંગ કંપનીઓનો સંપર્ક કરી રહ્યા છે. આ છેતરપિંડી કરનારાઓ કંપનીઓને મેસેજ મોકલી રહ્યા છે જેમાં

(જુઓ પાનું ૨) ▶▶

## બંગાળની ૧૫૨ અને તમિળનાડુની ૨૩૪ બેઠક પર આજે મતદાન

કોલકાતાઃ ગુરુવારે પશ્ચિમ બંગાળના વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૬ જિલ્લાની ૧૫૨ બેઠકમાં મતદાન થશે. આ તબક્કામાં ૧,૪૭૮ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ચૂંટણી પંચે મુક્ત, નિષ્પક્ષ અને શાંતિમય ચૂંટણી માટે બધી તૈયારી કરી છે. ૪૪,૩૭૬ બૂથમાં મત પડશે. આમાં ત્રણ હજાર ઓક્ઝીલરી બૂથનો સમાવેશ થાય છે. ૫,૪૦૦ બૂથનું સંચાલન મહિલા કરશે અને ૨૦૭ બૂથ મૉડેલ બૂથ હશે.

બંગાળમાં બીજા તબક્કાનું મતદાન બુધવારે થશે. તમિળનાડુમાં વિધાનસભાની બધી એટલે કે ૨૩૪ બેઠકનું મતદાન એક સાથે થશે. રાજ્યમાં ૫,૭૩,૪૩,૦૦૦ મતદાતા છે. આ ચૂંટણીમાં ૨૩૪ બેઠક માટે ૪,૦૨૩ ઉમેદવારો ઊભા છે. બે રાજ્યોમાં મતદારને લોભાવવા માટે અપાતી રોકડ રકમ, ડ્રગ્સ અને દારૂની જપ્તી કરાઈ છે આ જપ્તી ૧,૦૦૦ કરોડ રૂપિયાની છે. ૧૨૭.૬૭ કરોડ રૂપિયા રોકડા મળ્યા છે. ૧૮૪ કરોડ રૂપિયાના માદક દ્રવ્યો મળ્યાં છે. સોનું અને ચાંદી જેવી કિંમતી ધાતુ ૨૧૫ કરોડ રૂપિયાની જપ્ત કરાઈ છે. ૪૧,૦૦૦ લિટર દારૂ જેની કિંમત ૧૦૬.૩ કરોડ રૂપિયા છે એ પકડવામાં આવ્યો છે. ■

## વલસાડના કપરાડામાં પિકઅપ વૅન પલટાતા સાતનાં મોત, ૨૦ કરતા વધુ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડના કપરાડામાં વીરક્ષેત્ર ગામે એક ગમખ્વાર રોડ અકસ્માતમાં સાત જણ મૃત્યુ પામ્યાં હતાં. આણુ વાળવાના પ્રસંગમાં એક પિકઅપ વૅનમાં જઈ રહેલા પરિવાર અને સંબંધીઓ ત્યારે વૅનનો અચાનક અકસ્માત થયો હતો, જેમાં સાત જણનાં મોત થયાં હોવાની માહિતી મળી છે. વૅન એક ઢોળાવ પર ચડવા જઈ રહી હતી ત્યારે રિવર્સ થઈ હતી અને કાબૂ ગુમાવતા પલટી ગઈ હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. વૅનમાં ક્ષમતા કરતા વધારે લોકો બેઠા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ તમામ લોકો વલસાડના ગિરનારા ગામના હોવાની માહિતી મળી છે. આ અકસ્માતમાં સાત જણે જીવ ગુમાવ્યો હતો જ્યારે ૨૦ જેટલા લોકોને ઈજાઓ થઈ હતી. ઇજાગ્રસ્તોને હૉસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ઇજાગ્રસ્તોમાં અમુકની હાલત ગંભીર હોવાની માહિતી પણ મળી છે. ઘટના બનતા સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા અને ત્યારબાદ પોલીસ પણ આવી ગઈ હતી.

શુભપ્રસંગ ઉજવીને આવેલા લોકો આ રીતે અકસ્માતનો ભોગ બનતા સમગ્ર માહોલ ગમગીન બની ગયો હતો. ■

**૧૯ વર્ષે પણ નિરુત્તર રહ્યો એ પ્રશ્ન કે ૩૧નો જીવ લેનારા ધડાકા કોણે કરાવ્યા...**

## માલેગાંવ બ્લાસ્ટ કેસના ચારેય આરોપી નિર્દોષ

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટે માલેગાંવના શ્રેણીબદ્ધ બૉમ્બ-ધડાકાના ચાર આરોપીને ત્રાસવાદ સહિતના આરોપમાંથી ૧૯ વર્ષ બાદ બુધવારે નિર્દોષ જાહેર કર્યા હતા અને તેથી ૩૧ જણનો જાન લેનારા આ ધડાકા માટે કોણ જવાબદાર? એ સવાલ ફરી ઊભો થયો છે.

ચાર આરોપી - રાજેન્દ્ર ચૌધરી, ધાન સિંહ, મનોહર રામસિંહ નરવારિયા અને લોકેશ શર્માએ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની ખાસ કોર્ટ દ્વારા પોતાની સામે ઘડાયેલા આરોપને પડકારતી કરેલી અરજીના સંબંધમાં મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર અને ન્યાયાધીશ શ્યામ ચંદ્રકની ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો.

ચારે આરોપી પર હત્યા અને ગુનાઇત ષડ્યંત્ર માટેની ભારતીય દંડસંહિતાની વિવિધ કલમ અને ગેરકાયદે (પ્રવૃત્તિ) વિરોધી ધારા અને ત્રાસવાદ-વિરોધી

(જુઓ પાનું ૨) ▶▶




**સજ્જતાની ચકાસણીઃ** ઉત્તર પ્રદેશના સુલતાનપુરમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વે જાણે જંગનું કેન્દ્ર બન્યું હોય એવું લાગ્યું હતું. ગઈ કાલે આ ઇમર્જન્સી હવાઈપટ્ટી પર ભારતીય વાયુસેનાના અત્યાધુનિક ફાઈટર જેટ્સ અને કાર્ગો વિમાનોએ લેન્ડિંગ અને ટેક-ઓફ્ફની કવાયત હાથ ધરી હતી. પૂર્વાંચલ એક્સપ્રેસ વેના અખલીકિરી કરવત ગામ નજીક ૩.૨ કિલોમીટર લાંબા એરસ્ટ્રિપ પર યુદ્ધાભ્યાસ શરૂ થયો છે. આમાં સુખોઈ 30 એમકેઆઈ, જેગ્વાર, મિરાજ-૨૦૦૦ તથા તેજસ જેવા ફાઈટર જેટ્સની સાથે સી-૨૯૫ અને એએન-૩૨ જેવા વિમાનોએ ભાગ લીધો હતો.

## ચારધામયાત્રા ભારતીયોની દૃઢ આસ્થાનું પ્રતીકઃ મોદી




વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે 'ચારધામયાત્રા'ને ભારતીયોની દૃઢ આસ્થા, એકતા અને સમૃદ્ધ વારસાની પ્રતીક ગણાવી હતી.મોદીએ ઉત્તરાખંડના કેદારનાથ મંદિરના દ્વાર બુધવારે ખૂલવાની સાથે શરૂ થયેલી 'ચારધામયાત્રા' માટે ઊંડો આદર અને પૂજ્યભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ પ્રકારની યાત્રા દેશના સમૃદ્ધ વારસા અને આધ્યાત્મિક ચૈતન્યના દર્શન કરાવે છે. આજે ગુરુવારે બદરીનાથ મંદિરના કપાટ ઉઘડશે. મોદીએ ચારધામયાત્રા માટે ઉત્તરાખંડની મુલાકાત લેનારા દરેક શ્રદ્ધાળુઓ માટે એક પત્ર લખ્યો હતો અને તેઓને શુભેચ્છા આપવાની સાથે તેઓના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. ઉત્તરાખંડમાંની ચારધામયાત્રામાં હિંદુઓ બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની મુલાકાત લે છે અને ત્યાંના મંદિરમાં દર્શન કરે છે. (એજન્સી)




**મોદી માટે ઘસાતું બોલવાનું ભારે પડ્યું**

## ખડગે પાસે ૨૪ કલાકમાં જવાબ માગ્યો ચૂંટણી પંચે

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે બુધવારે કૉંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરેલી ટિપ્પણીને લઈને નૉટિસ ફટકારી છે. આ ટિપ્પણીને ચૂંટણીના નિયમોનું સંભવિત ઉલ્લંઘન ગણાવતા ચૂંટણી પંચે મલ્લિકાર્જુન ખડગે પાસેથી ૨૪ કલાકની અંદર જવાબ માગ્યો છે. નોંધનીય છે કે ખડગેએ ૨૧ એપ્રિલ, મંગળવારના રોજ ચેન્નઈમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'આતંકવાદી' કહ્યા હતા.

કેન્દ્રીય પ્રધાનો નિર્મલા સીતારમણ, કિરેન રિજિજુ, અર્જુન રામ મેઘવાળ અને અન્ય ઘણા ભાજપ નેતાઓના પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચને આ મામલે ખડગે વિરુદ્ધ ફરિયાદ કરી હતી. ત્યારબાદ ચૂંટણી પંચે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને નોટિસ મોકલી છે. ચૂંટણી પંચે મલ્લિકાર્જુન ખડગે ૨૪ કલાકની અંદર જવાબ માગ્યો છે. આ નૉટિસ

(જુઓ પાનું ૨) ▶▶

**નેપાળમાં નવી સરકાર વિવાદમાં**

## ગૃહ પ્રધાન સૂદન ગુરુન્ગનું રાજીનામું

કાઠમંડુઃ કાર્યકાળ દરમિયાન આચરેલી આર્થિક ગેરરીતિ સંબંધિત આક્ષેપોને પગલે નેપાળના ગૃહ પ્રધાન સૂદન ગુરુન્ગે બુધવારે રાજીનામું આપ્યું હતું. હજુ ૨૭ માર્ચે જ ગુરુન્ગની ગૃહ પ્રધાન તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

વિવાદાસ્પદ બિઝનેસમેન સાથેની કથિત બિઝનેસ લિન્ક અને શૅર ટ્રાન્સફરને મુદ્દે ચારે તરફથી થઈ રહેલી ટીકાઓ વચ્ચે તેમણે રાજીનામું આપી દીધું હતું.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં તેમણે લખ્યું હતું કે હિતોનો સંઘર્ષ ટાળવા તેમ જ આ મામલે નિષ્પક્ષ અને

(જુઓ પાનું ૨) ▶▶


**મુંબઈ સમાચાર**

જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો...
કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ
લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.
મોબાઈલઃ +91 98923 43106.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 98923 43106.
Email: dygm.samachar@gmail.com
We value your readership and are committed to your daily connection.



૨૦૪ વર્ષ જૂનું એશિયાનું ગૌરવશાળી અખબાર
૨૦૪ વર્ષ
મુંબઈ સમાચાર સાથે
**સોનેરી તક!**
શું તમે ગુજરાતી માતૃભાષાના ચાહક છો?
શું તમારી પાસે શબ્દોની તાકાત છે?
'મુંબઈ સમાચાર' અને તેના
આગામી નવા પ્રકાશનની
મુંબઈ-અમદાવાદ-રાજકોટ ઑફિસ માટે
જોઈએ છે એવા ઉત્સાહી યુવાનો જેઓ પત્રકારત્વના ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ બનાવવા ઈચ્છે છે.
અમારી અપેક્ષાઓઃ
- માતૃભાષા ગુજરાતી પર મજબૂત પ્રભુત્વ જરૂરી.
- શુદ્ધ લેખન અને ભાષાકીય સમજ જરૂરી.
- સમાચાર પારખી અને રસપ્રદ રીતે રજૂ કરવાની આવડત જરૂરી.

આ પદો માટે કરી શકશો અરજી
ટ્રાન્સલેટર | રિપોર્ટર | કન્ટેન્ટ રાઈટર
તમારો બાયોડેટા નીચેના ઈમેઈલ પર મોકલી આપોઃ
1822samacharjobs@gmail.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુંબઈમાં મર્દાનીનો આક્રોશ, કોઈએ સાથ કેમ ના આપ્યો?

**સોશ્યલ** મીડિયામાં એક વીડિયો વાઇરલ થયો છે કે જેમાં મુંબઈના વરલીમાં એક યુવતી ભાજપ મહિલા મોરચાની રેલીના કારણે થયેલા ટ્રાફિક જામ સામે આક્રોશ વ્યક્ત કરતી દેખાય છે. વીડિયોમાં અકળાયેલી યુવતી મહારાષ્ટ્રના મંત્રી ગિરીશ મહાજન અને પોલીસ અધિકારીઓને રીતસર તતડાવી નાંખે છે. મંત્રી મહાજન તથા પોલીસો પાસે કોઈ જવાબ જ નથી તેથી એ લોકો પહેલાં તો તેને ટાળવા પ્રયત્ન કરે છે અને પોલીસ તો ઊંચા અવાજે બોલીને તેને ચૂપ કરવા પણ મથે છે પણ યુવતી આક્રમક મિજાજ છોડતી નથી તેથી મંત્રી મહાજન અને પોલીસ અધિકારીઓ ગળચિયાં ગળતા પણ દેખાય છે. યુવતી ગુસ્સામાં ગાળાગાળી પણ કરે છે અને મંત્રી તથા અધિકારીઓને ગેટ આઉટ ફ્રોમ હીયર કહીને ઝાટકી પણ નાંખે છે એ સ્પષ્ટ દેખાય છે.

લોકસભામાં નરેન્દ્ર મોદી સરકારે રજૂ કરેલું લોકસભાની બેઠકો વધારવાનું બિલ પસાર ના થયું તેના પગલે મોદીએ કૉંગ્રેસ સહિતના વિપક્ષો પર મહિલા વિરોધી હોવાનું આળ મૂક્યું છે. મોદીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં આ દાવો કરીને કૉંગ્રેસ સામે રાષ્ટ્રવ્યાપી દેખાવો કરવાની હાકલ કરેલી. તેના પગલે ભાજપ મચી પડ્યો છે અને દેખાવો કરી રહ્યો છે. મુંબઈમાં પણ 'જન આક્રોશ મહિલા પદયાત્રા' કાઢીને ભાજપની મહિલા કાર્યકરો મહિલા અનામત બિલ પસાર નહીં થવા દેવા બદલ કૉંગ્રેસ સામે નારેબાજી કરી રહી હતી. તેના કારણે ટ્રાફિક જામ થઈ જતાં લોકો અકળાયેલા હતા.

જો કે કોઈનામાં ભાજપના નેતાઓ કે પોલીસ સામે બોલવાની હિંમત નહોતી તેથી બધા ચૂપચાપ તમાશો જોયા કરતા હતા પણ આ યુવતીએ હિંમત બતાવી તેમાં બબાલ થઈ ગઈ. ભાજપની મહિલા કાર્યકરો 'ફૂલ નહીં ચિંગારી હૈ, હમ ભારત કી નારી હૈ' ના નારા લગાવી રહી હતી. આ ચિનગારી ક્યારે ભડકશે એ ખબર નથી પણ યુવતીની છટકી ગઈ ને એ ચિંગારી બની ગઈ તેમાં મંત્રી ગિરીશ મહાજન અને પોલીસ બંનેની આબરૂનો ફજેતો થઈ ગયો. યુવતીને સાથ આપવા એ વખતે તો કોઈ સામે નોતું આવ્યું પણ વીડિયો જોયા પછી સોશ્યલ મીડિયા શૂરવીરો તૂટી પડ્યા છે. ભાજપની રાજકીય ફાયદા માટેની રેલીના કારણે લોકો પરેશાન થઈ ગયા તેની સામે સોશ્યલ મીડિયા પર આક્રોશ ઠલવાઈ રહ્યો છે.

આ આક્રોશના કારણે હશે કે પછી ઉપરથી ફરમાન આવ્યું તેના કારણે હશે એ રામ જાણે પણ મહારાષ્ટ્રના મંત્રી ગિરીશ મહાજને આ મુદ્દે બુધવારે પત્રકાર પરિષદ કરવી પડી. અલબત્ત પત્રકાર પરિષદમાં પણ તેમણે ચોરી પર સિનાજોરી જ કરી છે અને ભાજપની રેલીના કારણે હજારો લોકોને તડકામાં શેકાવું પડ્યું તેનો વસવસો કરવાના બદલે યુવતીના વાંક ગણાવવા બેસી ગયા.

મહાજનના કહેવા પ્રમાણે, દેખાવોના કારણે ટ્રાફિક જામ થયેલો એ સાચી વાત છે પણ તેણે જે ભાષા વાપરી હતી તે ખોટી હતી. આ મહિલાએ બહુ ઉગ્રતાથી વાત કરી હતી અને એલફેલ બોલી રહી હતી. આ બહેન મહિલા પોલીસ સાથે પણ ખૂબ જ ખરાબ ભાષામાં વાત કરી રહી હતી. હું તેમને સમજાવી રહ્યો હતો કે, અમે ૧૦-૧૫ મિનિટમાં નિકળી જઈશું પણ યુવતીએ મોરચામાં ભાગ લઈ રહેલી મહિલાઓ પર પાણીની બોટલ ફેંકી હતી. ગિરીશ મહાજને એવો સધિયારો આપ્યો કે, હવે પછી અમે ધ્યાન રાખીશું કે કોઈને આવી અસુવિધા ન થાય અને સાથે સાથે કૉંગ્રેસે મહિલા અનામત બિલ પસાર નહીં થવા દઈને દેશભરની મહિલાઓમાં આક્રોશ પેદા કર્યો છે તેની સામે મહિલાઓ દેખાવો કરી રહી છે એ બધી વાતો પણ કરી.

સૌથી પહેલાં તો ભાજપે મહિલા અનામત બિલ પસાર ના થવા દીધું એવી વાતો કરીને લોકોને મૂરખ બનાવવાનું બંધ કરવું જોઈએ. મહિલા અનામત બિલ ૧૦૬મા બંધારણીય સુધારા તરીકે સંસદમાં પસાર થઈ ગયું છે, તેના પર રાષ્ટ્રપતિની સહી થઈ ગઈ છે અને ૧૬ એપ્રિલે મોદી સરકારના કાયદા મંત્રાલયે જ તેનું નોટિફિકેશન બહાર પાડીને તેનો અમલ પણ શરૂ કરાવી દીધો છે. એ છતાં ભાજપના નેતા કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ મહિલા અનામત બિલ પસાર ના થવા દીધું એવું નરાતર જૂઠાણું ચલાવ્યા કરે છે એ શરમજનક કહેવાય.

ભાજપના નેતાઓને જૂઠું બોલતાં શરમ નથી આવતી તેથી તેની વાત કરવાનો મતલબ નથી ને આપણે યુવતીની વાત પર આવીએ. મહાજન દાવો કરે છે કે, યુવતીની ભાષા બરાબર નહોતી ને એલફેલ બોલતી હતી. ભલા માણસ, તમે ટ્રાફિકને બાનમાં લઈને કલાક લગી રોકી રાખો પછી તેનો ભોગ બનનાર આક્રોશ ના બતાવે તો તમારી પૂજા કરે? ને સૌમ્ય ભાષામાં વાત કરે તો તમે સાંભળવાના છો ? આ યુવતી અકળાયેલી હતી, રેકોર્ડિંગ કરી રહી હતી, ચોતરફ મીડિયા હતું છતાં પોલીસ તેને ઊંચા અવાજે બોલવા બદલ દબડાવીને ચૂપ કરાવી દેવા મથતી હતી તો શાંતિથી કહેતી હોય તો કોઈ તેની વાત સાંભળે ? ને સૌથી મોટો સવાલ એ છે કે, તમે આ રીતે લોકોને કનડગત કરીને તેની સેવા કરવાના છો?

ભાજપના મહિલા મોરચાની રેલી તો નજરે ચડી ગઈ પણ આપણે ત્યાં આ રીતે લોકોને કનડવામાં કોઈ પાછળ નથી. ભારતમાં જાહેરમાં દેખાવો કે દેખાડા બહુ મોટું ન્યૂસન્સ છે ને સાવ બેશરમીથી આ ન્યૂસન્સ ચલાવાય છે. બધા રાજકીય પક્ષો આ રીતે છાસવારે રેલી ને રેલા કાઢીને ટ્રાફિક જામ કરે જ છે ને લોકોની હાલત બગાડે જ છે. માત્ર રાજકીય પક્ષો જ આ પાપ કરે છે એવું પણ નથી. ધાર્મિક કાર્યક્રમો, શોભાયાત્રાઓ, વિજય સરઘસો, લગ્નના વરઘોડા વગેરે જાત જાતના તાયફાઓ દ્વારા કલાકો લગી રસ્તા રોકી રાખવા, લોકોના ધંધા-ધાપા બંધ કરાવી દેવા એ બધું આ દેશમાં બેરોકટોક ચાલે છે.

કમનસીબી એ છે કે, જે આ તાયફાઓનો ભોગ બનનારી પ્રજા તેની સામે સાવ ચૂપ રહે છે. આપણી પ્રજા એ હદે માનસિક નપુંસક થઈ ગઈ છે કે, પોતાની પરેશાની સામે અવાજ ઉઠાવવાની હિંમત પણ ખોઈ બેઠી છે. પોતે જેમને ચૂંટીને મોકલે છે એવા પ્રજાના પ્રતિનિધિઓને સાચું કહેવાની પણ તેનામાં હિંમત નથી રહી ને તેના કારણે આવા તાયફા ચાલ્યા કરે છે. મુંબઈની મર્દાની યુવતીના સમર્થનમાં બોલવા એક વ્યક્તિ આગળ ના આવ્યો એ જ બતાવે છે કે, આ દેશની જનતા સાવ પાણી વિનાની થઈ ગઈ છે ને સત્યને સાથ આપવાની નિડરતા પણ બતાવી શકતી નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, ગુરુવાર, તા. ૨૩-૪-૨૦૨૬, ગંગા સપ્તમી, ગંગોતપતિ ગંગાપૂજન,નક્ષત્ર, વાર મુજબ ગુરુ ગ્રહદેવતાનું પૂજન શ્રેષ્ઠ.

- ભારતીય દિનાંક ૩, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સુદ -૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ રાત્રે ક. ૨૦-૫૬ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં બપોરે ક. ૧૫-૧૨ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૧ (તા. ૨૪)
- ઓટઃ સવારે ક. ૦૯-૫૩, રાત્રે ક. ૨૩-30
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – સપ્તમી. ગંગા સપ્તમી, ગંગોતપતિ, ગંગાપૂજન, ગુરુ પુષ્યામૃત યોગ રાત્રે ક. ૨૦-૫૬થી સૂર્યોદય, બાબુ કેયુરસિંહ દ્વિન (બિહાર), ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૪૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, આરોગ્ય અને તેજની પ્રાપ્તિ માટે ભગવાન સૂર્યનારાયણનું પૂજન કરવું. અદિતિ દેવતાનું પૂજન, વાંસનું વૃક્ષ વાવવું, ૐ અદિત્યે નમઃના જાપ કરવા. વાંસ વાવવા. બી વાવવું, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, નવા વસ્રો, આભૂષણ, નવો વેપાર, સ્થાવર મિલકત લેવડદેવડ, પશુ લે-વેંચ, દેવદર્શન, અન્નપ્રાશન, નામકરણ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, સીમંત સંસ્કાર, પ્રથમ દુકાન, પ્રથમ વાહન, નૌકા બાંધવી, ચંત્રારંભ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ગંગા, ગોદાવરી, નર્મદા આદિ નદીઓનું પૂજન કરવું. પોતાના ઘરમાં પ્રાપ્ત જળ એક કળશમાં લઈ પૂજન કરવું.
- આચમનઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ કળાને લગતા કામમાં રુચિ રહે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ (તા. ૨૪). ચંદ્ર-પુનર્વસુ યુતિ થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (મંગળ દેખાશે) માર્ગી બુધ-મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ દેખાશે) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# નેક શખ્શીયત હઝરત અમીર ખુસરો

**હઝરત** અમીર ખુસરો રહમતુલ્લાહ અલયહ કવિ, લેખક અને આલિમ હોવા ઉપરાંત આ સુફીશાયરના સ્વભાવમાં રમૂજીપણું પણ હતું. સુલ્તાનો અને બાદશાહોના આપ હઝરત પ્રિય હતા અને સન્માનિત શખ્શીયત (પ્રતિષ્ઠાભર્યો મોભો) ધરાવતા હતા. આપ સાહેબે દિલ, સૂફી અને દુરવેશ પણ હતા. આપ રાત્રિના પાછલા પહોરે જાગી ઊઠતા.

તહજજુદ, રાત્રિના ત્રણ વાગ્યાની આસપાસ પઢવામાં આવતી નમાઝ અદા કરતા ઉપરાંત કુરાનની તીલાવત - વાંચન કરતા અને આંખોમાંથી અશ્રુની ધારા વહાવતા આટલી સરસ નોકરી હોવા છતાં પણ આપે ૪૦ વર્ષો સુધી વર્ષના બારે મહિના રોજા, અપવાસ રાખવાનું કદી ચૂકયા નહોતા. આપે હઝરત નિઝામુદ્દીન અવલિયા રહમતુલ્લાહ અલૈયહ સાથે હજની યાત્રા પણ કરી છે.

અમીર ખુસરોએ ચાર લાખથી પણ વધારે કે લગભગ પાંચ લાખ જેટલા શે'ર લખ્યા છે. મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન રહ.અ.ની બરકતથી જનાબ અમીર ખુસરોને એવી મકબૂલિયત (સંપૂર્ણતા) પ્રાપ્ત થઈ, જે બીજા કોઈને મળી શકી નહીં. આપની લખેલી બાણું કિતાબોમાં એકથી એક ચઢિયાતી કિતાબોમાં હિદાયત (બોધ) વાંચવા મળે છે. આપની એક કિતાબ 'રાહતુલ માહજબી' કે જેમાં આપ હઝરતે નિઝામુદ્દીન અવલિયા રહ. સાથેનો પત્ર વ્યવહાર દર્શાવ્યો છે જે અત્યંત બોધદાયક છે.

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન મહેબૂબે ઈલાહી રહમતુલ્લાહ અલયહની વફાત (અવસાન) વખતે હઝરત અમીર ખુસરો દિલ્હીમાં ન હતા અને સુલતાન ગ્યાસુદીન તઘલખની સાથે બંગાળમાં હતા. હઝરત ખ્વાજાની વફાતની ખબર સાંભળી આપ દિલ્હી આવ્યા. અત્યારે જ્યાં હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયાનો મઝાર શરીફ છે, તે જગ્યાએ હઝરત ખુસરો આવ્યા અને નીચે લખેલો દુહો પઢયાઃ

ગોરી સોવે સેજ પર મુખ પર ડારો કેસ
ચલ ખુસરૂ ઘર અપને, સાંજ ભરે ચૌંદસી
અર્થઃ જનાબ ખ્વાજા પોતાના મોઢા પર ઝુલ્ફો (વાળની લટો) બીખરાવીને સૂઈ રહ્યા છે. હે ખુસરો! હવે આપણે ઘેર ચાલ, કારણ કે ચારે તરફ (ચારે દિશા - ચૌંદશી) અંધારું છવાઈ ગયું.

કેટલાક ઈતિહાસકારો લખે છે કે ઉપરનો દુહો પઢીને તરત જ જનાબ ખુસરૂએ એક ના'રો (બુલંદ અવાજ) લગાવ્યો અને આપની રૂહ (આત્મા) ખાકી શરીરમાંથી પરવાઝ (ઉડાન) કરી ગઈ. જ્યારે કેટલાક ઈતિહાસકારો એવું લખે છે કે આપે શાહી નોકરીમાંથી રાજીનામું આપી દીધું. જે કાંઈ આપ હઝરતની પાસે હતું તે તેમણે ફકીરો, દરવેશો, ગરીબોમાં વહેંચી દીધું. કાળો માતમી લિબાસ (પહેરવેશ) ધારણ કરી લીધો અને હઝરત નિઝામુદ્દીન અવલિયા મહેબૂબે ઈલાહીના મઝાર શરીફ પર રહેવા લાગ્યા.

હઝરત અમીર ખુસરોએ મહેબૂબે ઈલાહીની વફાત પછી છ મહિના ઘણાં જ રંજ (શોક) અને ગમ (દુઃખ)માં કાઢયા અને ૧૮મી શવ્વાલ, હીજરી વર્ષ ૭૨૫મા આપ હઝરત અલ્લાહની રહેમતે પહોંચી ગયા.

આપનો મઝાર મુબારક હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહમતુલ્લાહ અલયહની મઝાર શરીફની પાસે છે અને દર વર્ષે ભારે શાન અને ધામધૂમથી ઉર્સ શરીફ (વાર્ષિક મેળો) થાય છે, જ્યાં દેશ-વિદેશથી નાતજાતના ભેદભાવ વગર કોમ - પરકોમના અસંખ્ય શ્રદ્ધાળુઓ શ્રદ્ધાના સુમન પેશ કરી અકિદત (આસ્થા)નાં પુષ્પો અર્પણ કરે છે. (સંપૂર્ણ)

* * *

### સાપ્તાહિક સંદેશ

જે વસ્તુની બુરાઈ માટે દિલ સાક્ષી આપે, તેને તરત જ છોડી દો.
પૂરું યુદ્ધ ના કરો, થોડીક સુલેહની પણ ગુંજાઈશ રાખો.
તમારી તાકાત પર ભરોસો ના કરો.
અક્કડપણું અને નાદાનવૃત્તિને તમારી કમજોરી સમજો.
તમારા દિલને સેતાનનો ખેલ ન બનાવો.
તમારા બાતિનને તમારા જાહેરથી સારું રાખો. અર્થાત્ઃ બાહ્ય જીવન કરતાં તમારું ખાનગી જીવન ઉજળું રાખો. ■

પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પે યુદ્ધવિરામ

હોવાથી તેઓને જપ્ત કરીને ઇરાનના કાંઠા તરફ વાળવા આદેશ અપાયો હતો. હોર્મુઝ ખાડીમાં ઇરાનની સલામતીનું ધ્યાન રાખવાની અમારી જવાબદારી છે.

ટ્રમ્પે યુદ્ધવિરામ અચોક્કસ મુદત માટે લંબાવવાની જાહેરાત કરી તે પછી ઇરાનનાં દળોએ હોર્મુઝ ખાડીમાંના ત્રણ જહાજ પર હુમલો કર્યો હતો.

અમેરિકા અને ઇરાનની વચ્ચે પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં યોજાનારી શાંતિ-મંત્રણા અંગે પણ શંકા ઊભી થઇ છે.

અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસન્ટે ઇરાન માટે શસ્ત્રો કે લશ્કરી સાધનસામગ્રીની હેરફેર કરનારા તુર્કિયે અને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ની ૧૪ કંપનીઓ, વ્યક્તિઓ પર પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી હતી.

ઇસ્લામાબાદમાં ઇરાન સાથેની બીજા તબક્કાની મંત્રણા માટે જનારા ઉપપ્રમુખ જે. ડી. વૅન્સ તેમ જ અમેરિકાના ખાસ દૂત જેરેડ કુશ્નર અને સ્ટીવ વિટકોફને વાઇટહાઉસમાં તાકીદની બેઠક માટે બોલાવાયા હતા.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા શાંતિ સ્થાપવાની દરખાસ્ત નવેસરથી રજૂ કરશે, પરંતુ ત્યાં સુધી ઇરાનનાં બંદરો ખાતેથી આવજા કરતા જહાજોની નાકાબંધી ચાલુ રાખશે.

ઇરાનના વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચીએ ચેતવણી આપી હતી કે ઇરાનનાં બંદરો ખાતેથી આવજા કરતા જહાજોની નાકાબંધી ચાલુ રાખવાનો અર્થ યુદ્ધ જ સમજીશું. ઇરાનને પોતાનું રક્ષણ કરતા આવડે છે. અમેરિકાની દાદાગીરી ચલાવી નહિ લેવાય. (એજન્સી)

### તમારી પ્લેટમાંનાં

ઉપયોગ કરતી કોઈપણ ખાદ્ય સંસ્થાએ તેના મેનુ કાર્ડ અથવા ઇલેક્ટ્રોનિક ડિસ્પ્લે બોર્ડ પર આ સ્પષ્ટપણે દર્શાવવું આવશ્યક છે.

સરકાર દ્વારા જારી કરાયેલા સરક્યુલર મુજબ ચીઝ એનાલોગનો ઉપયોગ કરીને ખોરાક બનાવતી કોઈપણ સંસ્થાએ ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધીમાં આ સ્પષ્ટપણે દર્શાવવું આવશ્યક છે. સંબંધિત સંસ્થાઓને તાત્કાલિક તેમને જાણ કરવા અને જરૂરી ફેરફારો કરવા સૂચના આપવામાં આવી છે.

ફૂડ સેફ્ટી કમિશનરની ઓફિસે સ્પષ્ટતા કરી છે કે જો કોઈ પણ સંસ્થા પહેલી મે પછી ચીઝ એનાલોગનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે અને એની માહિતી સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવામાં નિષ્ફળ જશે, તો તેમની સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ૨૦૦૬ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે.

એફડીએ દ્વારા સોમવારે મોડી સાંજે જારી કરાયેલા એક સરક્યુલરમાં જણાવાયું છે કે, 'રેસ્ટોરન્ટ/કેટરર્સ/હોટેલ/ફાસ્ટ ફૂડ વિક્રેતાઓ જે તેમના ખોરાકની તૈયારીમાં ચીઝ ઍનાલોગ અથવા પનીર ઍનાલોગનો ઉપયોગ કરે છે તેઓએ બિલ, મેનુ અને ડિસ્પ્લે બોર્ડ/ઇલેક્ટ્રોનિક ડિસ્પ્લે બોર્ડ પર આ વાત જાહેર કરવી જોઈએ.' તેમાં ઉમેર્યું હતું કે ચીઝ અને પનીર ઍનાલોગના લાઇસન્સ પ્રાપ્ત ઉત્પાદકો અને સપ્લાયર્સે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ ની કલમ ૨૩નું પાલન કરવું જોઈએ, જેથી ખાતરી કરી શકાય કે પેકેજિંગ અને લેબલિંગ ગ્રાહકોને ગેરમાર્ગે દોરે નહીં અને ઉત્પાદનની સાચી પ્રકૃતિ સ્પષ્ટ રીતે દર્શાવે છે.

### મુનીર અમેરિકાના

તૂટી ગયો છે.

ઇરાને આરોપ કે એક તરફ પાકિસ્તાન અમેરિકાનો સાથ આપી રહ્યું છે તો બીજી તરફ ઇરાની નેતૃત્વ સાથે પણ વાતચીત ચાલુ રાખી છે. ઇરાને પાકિસ્તાન પર પક્ષપાત અને અમેરિકા તરફી વલણનો આરોપ લગાવ્યો છે. ઇરાને પાકિસ્તાની આર્મી ચીફ અસીમ મુનીરની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા છે.

ઇરાને દાવો કર્યો છે કે મધ્યસ્થી તરીકે પાકિસ્તાન પરનો વિશ્વાસ તૂટી ગયો છે. ઇરાની મીડિયાએ કહ્યું હતું કે ઇસ્લામાબાદના મધ્યસ્થતાના પ્રયાસો અટકી ગયા છે અને અમેરિકા તરફથી ચોક્કસ પ્રતિભાવ મેળવવામાં નિષ્ફળ રહ્યા છે, કારણ કે અમેરિકા સાથે યુદ્ધવિરામ માટે ઇરાનના ઔપચારિક વાટાઘાટો દસ્તાવેજને પાકિસ્તાન દ્વારા યોગ્ય રીતે સંભાળ્યા નથી. આ દસ્તાવેજ અસીમ મુનીરને તહેરાનની યાત્રા દરમિયાન સોંપવામાં આવ્યા હતા. જોકે, દસ્તાવેજની સ્વીકાર્યતા અંગે ઇરાનને અમેરિકા તરફથી કોઈ જવાબ મળ્યો નથી.

ઇરાનના વિશ્લેષકોએ દાવો કર્યો હતો કે ઇરાનના ૧૦-મુદ્દાના પ્રસ્તાવને નજરઅંદાજ કરવામાં આવ્યો છે અને તેના સ્થાને અમેરિકા સમર્થિત નવી માગણીઓ મૂકવામાં આવી હતી. નોંધનીય છે કે અમેરિકા અને ઇરાન વચ્ચે યુદ્ધવિરામ લંબાવવાની જાહેરાત કરતા રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે જાહેરમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને જનરલ મુનીરને શ્રેય આપ્યો હતો. ડોનલ્ડ ટ્રમ્પે મંગળવારે પાકિસ્તાનની વિનંતીઓ પર ઇરાન સાથે યુદ્ધવિરામ અનિશ્ચિતકાળ સુધી લંબાવવાની જાહેરાત કરી હતી.

### ઈડીના કામમાં

કોઇ મુખ્ય પ્રધાન ઇડી દ્વારા ચાલતી તપાસમાં દખલગીરી કરવા તપાસના સ્થળે પહોંચી જશે. ન્યાયાધીશ પી. કે. મિશ્રા અને ન્યાયાધીશ એન. વી. અંજારિયાની બૅન્ચે મુખ્ય પ્રધાન મમતા બેનરજી અને પશ્ચિમ બંગાળના વરિષ્ઠ અધિકારીઓ તેમ જ વહીવટીતંત્ર વતી અદાલતમાં દલીલ કરી રહેલા વકીલોને જણાવ્યું હતું કે આ અદાલત રાજ્યની વાસ્તવિક પરિસ્થિતિ પ્રત્યે 'આંખ આડા કાન' કરી ન શકે. મતદાર-યાદી સુધારણાની પ્રક્રિયા દરમિયાન રાજ્યમાં ન્યાયતંત્રના અનેક અધિકારીનો ઘેરાવ કરાયો હતો અને તેઓને બાન તરીકે રખાયા હતા.આઇ-પૅક દ્વારા નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ કરીને ઇડી દ્વારા તેને ત્યાં કોલકાતા અને દિલ્હી સહિત ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા. તપાસ ચાલુ હતી ત્યારે મમતા બેનરજીએ મહત્ત્વના પુરાવા તપાસના સ્થળેથી દૂર કર્યા હોવાનો આરોપ છે.

આઇ-પૅકના સહ-સ્થાપક પ્રતીક જૈનના ઘરે ઇડી દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા હતા ત્યારે મમતા બેનરજી જાતે જ જૈનના ઘરે ગયા હતાં અને તપાસમાં 'દખલગીરી' કરી હતી. (એજન્સી)

### માલેગાંવ બ્લાસ્ટના

કાયદાની વિવિધ કલમ હેઠળ આરોપ મુકાયા હતા.

ઉત્તર મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાંના માલેગાંવ ખાતે હમિદિયા મસ્જિદ અને બડા કબ્રસ્તાન ખાતે ૨૦૦૬ની આઠ સપ્ટેમ્બરે જુમાની નમાજ બાદ ચાર બૉમ્બ-ધડાકા થયા હતા. એક બૉમ્બ-ધડાકો મુશ્વરત ચોક ખાતે થયો હતો. આ શ્રેણીબદ્ધ ધડાકામાં ૩૧ જણ માર્યા ગયા હતા અને અંદાજે ૩૧૨ જણ ઘાયલ થયા હતા.

આ કેસની તપાસમાં અનેક વળાંક આવ્યા હતા. શરૂઆતમાં તેનો આરોપી મુસ્લિમ હોવાનું કહેવાયું હતું. બાદમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ આ કેસની તપાસ હાથ ધરીને આરોપીઓ જમણેરી પાંખના સભ્યો હોવાનો દાવો કર્યો હતો.

ધડાકાની પ્રારંભિક તપાસ કરનારી મહારાષ્ટ્રની ત્રાસવાદ-વિરોધી ટુકડીએ આ કેસના સંબંધમાં નવ મુસલમાન પુરુષને પકડ્યા હતા.

બાદમાં, આ કેસ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ને ૨૦૦૭ના ફેબ્રુઆરીમાં સોંપાયો હતો અને તેણે પણ આ નવ મુસલમાન પુરુષ દ્વારા જ ધડાકા કરાયા હોવાનો અહેવાલ આપ્યો હતો.

આમ છતાં, નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ ૨૦૧૧ના એપ્રિલમાં આ ધડાકાના આરોપી જમણેરી ઉગ્રતાવાદી સંગઠનના સભ્યો હોવાનો આરોપ મૂકીને આ ચાર આરોપીને પકડ્યા હતા.

ખાસ અદાલતે ૨૦૧૬માં નવ મુસલમાન પુરુષને નિર્દોષ જાહેર કર્યા હતા, પરંતુ ત્રાસવાદ-વિરોધી ટુકડીએ આ ચુકાદાને વડી અદાલતમાં પડકાર્યો હતો.

ચાર આરોપીએ વડી અદાલતમાંની અરજીમાં દાવો કર્યો હતો કે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી અમારી સામેના કોઇ પણ પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગઇ છે. (એજન્સી)

### ગૃહ પ્રધાન

ન્યાયી તપાસ થઈ શકે તે માટે મેં રાજીનામું આપી દીધું છે.

મારા માટે હોદ્દા કરતાં નૈતિકતાનું મૂલ્ય વધુ છે અને જનતાના વિશ્વાસ કરતાં કોઈ મોટું પરિબળ નથી, એમ તેમણે કહ્યું હતું.

દેશમાં હાલ ચાલી રહેલી જેન ઝી ઝુંબેશમાં પણ સુચારુ વહીવટ, પારદર્શિતા તેમ જ જવાબદારી નક્કી કરવાની માગણી કરવામાં આવી રહી છે જે જાહેરજીવન સ્વચ્છ અને નેતૃત્વ જવાબદાર હોવાનો સંદેશો આપે છે, એમ તેમણે કહ્યું હતું.

ગુરુન્ગે વડા પ્રધાન બાલેન્દ્ર શાહને રાજીનામું સુપરત કર્યું હતું. વડા પ્રધાને ગૃહ ખાતાનો પોર્ટફોલિયો હાલપૂરતો પોતાની પાસે જ રાખ્યો છે. (એજન્સી)

### હોર્મુઝ ફાયરિંગનો

તપાસ માટે તેમના જહાજોના દસ્તાવેજો માગવામાં આવી રહ્યા છે. ત્યારબાદ તેઓ સ્ટ્રેટમાંથી સુરક્ષિત પસાર થવાના બદલામાં બિટકોઇનમાં ફીની માગ કરી રહ્યા છે. મૈરિસ્કે જહાજ માલિકોને ચેતવણી આપી હતી કે આ મેસેજ ઈરાની અધિકારીઓ દ્વારા મોકલવામાં આવ્યા નથી અને આ એક કૌભાંડ છે.

સવાલ ઉઠી રહ્યો છે કે શું ગયા અઠવાડિયે હોર્મુઝ સ્ટ્રેટમાં ઇરાન તરફથી જે ભારતીય જહાજ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો તે કોઈ ક્રીપ્ટો કૌભાંડમાં ફસાઈ ગયું હતું? નકલી 'ક્લિયરન્સ' મેસેજના રિપોર્ટથી એ સવાલ ઉઠે છે કે શું જહાજ પાસે મંજૂરી હોવા છતાં તેના પર અચાનક હુમલો કરાયો હતો.

ભારતીય વેપારી જહાજ 'સનમાર હેરલ્ડ' પર હોર્મુઝ સ્ટ્રેટ પાર કરતી વખતે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ફાયરિંગ વચ્ચે કેપ્ટને ઈરાની અધિકારીઓને રેડિયો પર એક મેસેજ મોકલ્યો હતો. ઓડિયોમાં કેપ્ટન કહી રહ્યો છે કે સેપાહ નેવી! સેપાહ નેવી! આ એક મોટર ટેન્કર 'સનમાર હેરાલ્ડ' છે! તમે મને જવા માટે મંજૂરી આપી! મારું નામ તમારી યાદીમાં બીજા ક્રમે છે! તમે મને જવા માટે મંજૂરી આપી! હવે તમે ગોળીબાર કરી રહ્યા છો! મને પાછો ફરવા દો!

આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સી રોઇટર્સના અહેવાલ મુજબ 'મૈરિસ્ક'એ કહ્યું કે તેમનું માનવું છે કે શનિવારે ગોળીબારનો ભોગ બનેલા એક જહાજ છેતરપિંડીનો શિકાર બન્યું હશે. સઉદી અરેબિયાના અલ જુબૈલ તરફ જઈ રહેલું બીજુ ભારતીય જહાજ 'જગ અર્નવ' પર હુમલો કરવામાં આવ્યો હતો. ઘટનાને કારણે ભારતે ઈરાની રાજદૂતને સમન્સ પાઠવ્યું હતું અને વિદેશ સચિવ વિક્રમ મિસરીએ સરકારની ચિંતા વ્યક્ત કરી હતી. મૈરિસ્કે ચેતવણી આપી હતી કે અજાણ્યા વ્યક્તિઓ પોતાને ઈરાની સત્તાવાળાઓ ગણાવી ફસાયેલા જહાજોની હતાશાનો લાભ લઈ રહ્યા છે અને બિટકોઇન અને અન્ય ક્રીપ્ટોકરન્સીમાં ફીની માગ કરી રહ્યા છે.

### ખડગે પાસે

તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં મતદાનના એક દિવસ પહેલા આપવામાં આવી છે. ખડગેએ મંગળવારે વડાપ્રધાન મોદી પર સરકારી તંત્ર અને કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરીને વિપક્ષને ''આતંકિત'' કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે ભાજપે આકરી પ્રતિક્રિયા આપી હતી, જેમાં મોદીને ''ત્રાસવાદી'' કહેવા બદલ વિપક્ષી નેતા પર પ્રહારો કર્યા હતા. ચેન્નઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ખડગેએ વડાપ્રધાનને ''ત્રાસવાદી'' ગણાવ્યા હતા જ્યારે ભાજપ સાથે એઆઈએડીએમકેના ગઠબંધનની ટીકા કરી હતી. પેરિયાર અને સી.એન. અન્નાદુરાઈની દ્રવિડ વિચારધારાઓ પર આધારિત એઆઈએડીએમકે વડાપ્રધાન મોદી સાથેના ગઠબંધનને કેવી રીતે યોગ્ય ઠેરવી શકે છે તે અંગે પ્રશ્ન ઉઠાવતા ખડગેએ કહ્યું હતું કે આ એઆઈએડીએમકેના લોકો જેમણે પોતે અન્નાદુરાઈની તસવીર લગાવે છે તેઓ મોદી સાથે કેવી રીતે જોડાઈ શકે છે? તે એક આતંકવાદી છે. તે સમાનતામાં માનતા નથી. તેમનો પક્ષ સમાનતા અને ન્યાયમાં માનતો નથી.

# ઉમરેઠમાં આજે મતદાન, પેટાચૂંટણી માટે તંત્ર સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજે ગુરુવારે ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણી યોજાનાર છે ત્યારે મતદાન માટે તંત્ર સજ્જ થયું છે. ઉમરેઠ વિધાનસભા પેટાચૂંટણીમાં ઉમરેઠ તાલુકો અને આણંદ ગ્રામ્ય વિસ્તારના મળીને કુલ ૪૬ ગામનો સમાવેશ થાય છે અને ૦૩ નગરપાલિકા ઓડ, ઉમરેઠ અને બોરિયાવીનો પણ સમાવેશ થાય છે. આ પેટાચૂંટણીમાં કુલ ૦૬ હરીફ ઉમેદવાર મેદાને પડ્યા છે. આ ચૂંટણીમાં કુલ ૨,૪૫,૬૨૩ મતદાર નોંધાયા છે, જેમાંથી ૧૮થી ૧૯ વર્ષની વય ધરાવતા ૪,૧૭૪ યુવા મતદાર પ્રથમ વખત મતદાન કરશે, જ્યારે ૮૫ વર્ષ કરતા વધુ વયના સુપર સિનિયર સિટિઝન ૧,૫૫૬ મતદાર પણ પોતાના મતાધિકારનો પ્રયોગ કરશે. આ ઉપરાંત ૧,૫૪૬ જેટલા દિવ્યાંગ મતદાર પણ મતદાન કરશે, જ્યારે ૮૫ વર્ષથી વધુ વયના ૮૮ અને ૧૩ દિવ્યાંગ ઘરેથી મતદાન કરી ચૂક્યા છે. આમ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં ૧,૨૬,૫૪૫ પુરુષ મતદાર, ૧,૧૯,૦૭૨ મહિલા મતદાર અને અન્ય ૦૬ મતદાર મળીને કુલ ૨,૪૫,૬૨૩ મતદાર નોંધાયા છે. મતદાન સમયે ચૂંટણી પંચ દ્વારા માન્ય ૧૨ પૈકી કોઈપણ એક દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે. ચોથી મેના રોજ આ બેઠકનું પરિણામ જાહેર થશે. શહેરી વિસ્તારમાં ૬૮ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૮ એમ કુલ ૩૦૬ મતદાન મથકમાં મતદાન થશે. આ ચૂંટણીને ધ્યાને રાખીને ઉમરેઠ મતવિસ્તારના કર્મચારીઓ કોઈપણ અવરોધ વગર લોકશાહીના પર્વમાં સહભાગી થઈ મતદાન કરી શકે તે માટે મતદાનના દિવસ એટલે કે, ૨૩ એપ્રિલના રોજ રજા જાહેર કરવામાં આવી છે, તેવી માહિતી પંચે આપી હતી.

# ગુજરાત પોલીસે ₹ ૬૨૨ કરોડનું સાયબર ફ્રોડ પકડ્યું, ૪૦ જણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસના સીઆઈડી ક્રાઈમના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ (સીસીઓઈ)એ ઑપરેશન મ્યુલ હન્ટ ૨.૦ હાથ ધર્યું છે, જે અંતર્ગત ₹૬૨૨ કરોડના સાયબર છેતરપિંડીમાં સંડોવાયેલા એક મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. એક મહિના સુધી ચાલેલી આ સઘન તપાસ બાદ ૪૦ શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. આ અંગે દેશભરમાંથી ૧,૦૩૯ સાયબર ક્રાઈમ ફરિયાદો મળી આવી હતી.

આ માટે ખાસ બનાવેલી ટીમે સુરત, ભાવનગર, રાજકોટ અને ઊંઝામાં મ્યુલ અકાઉન્ટ હેન્ડલ કરનારી ગેંગ પર રેડ પાડી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીઓએ કમિશનના બદલામાં વ્યક્તિઓ અથવા કંપનીઓના નામે બેંક ખાતા ખોલાવ્યા હતા. આ મ્યુલ એકાઉન્ટ્સનો ઉપયોગ યુપીઆઈ કૌભાંડો અને નકલી રોકાણ માટેની સ્કીમ બહાર પાડવા સહિત સાયબર ફ્રોડથી ભંડોળ મેળવવા માટે કરવામાં આવતો હતો. ત્યારબાદ પૈસા ઝડપથી ઉપાડી લેવામાં આવતા હતા, રોકડમાં રૂપાંતરિત કરવામાં આવતા હતા અને ડિજિટલ ટ્રેઇલને છુપાવવા માટે પરંપરાગત આંગડિયા નેટવર્ક દ્વારા રૂટ કરવામાં આવતા હતા.

# સુરતમાં જાણીતા ઉદ્યોગપતિની પત્નીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના એક જાણીતા ઉદ્યોગપતિની પત્નીએ લગ્નના બે મહિનામાં જ ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી ગઈ હતી. ૨૧ એપ્રિલના રોજ શહેરના સુભાષનગરના બંગલા નંબર ૬૫માં રહેતી ખ્યાતિ અભિષેક કેજરીવાલે પોતાના બંગલોના ત્રીજા માળે આવેલા બેડરૂમમાં ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા અનેક સવાલો ઊઠ્યા છે. આ ઘટનાની જાણ થતા જ ઉમરા પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. ઘટના સ્થળેથી પોલીસને કોઈ સુસાઇડ નોટ મળી ન હતી, જેને કારણે આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. ઉમરા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ખ્યાતિ તેના બેડરૂમમાં એકલી હતી, ત્યારે તેણે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પરિવારજનોને જ્યારે આ ઘટનાની જાણ થઈ ત્યારે તેઓ તરત જ બેડરૂમ તરફ દોડી આવ્યા હતા, જ્યાં ખ્યાતિને બેભાન હાલતમાં લટકતી હાલતમાં જોઈને તાત્કાલિક નીચે ઉતારી અને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જો કે તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતા પોલીસ તરત જ સ્થળ પર પહોંચી અને પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતકના પતિ તેમજ સાસરિયાઓના નિવેદનો પણ લીધા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુભાષનગરમાં રહેતો કેજરીવાલ પરિવાર પ્લાસ્ટિકના દાણાના વ્યવસાય સાથે સંકળાયેલો છે અને આર્થિક રીતે સધ્ધર છે. આ પરિવાર હાર્મની યાર્ન્સ નામની કંપનીનો માલિક છે. મૃતક મહિલાના પતિ અભિષેક કેજરીવાલ આ કંપનીમાં ડાયરેક્ટર છે.

# સુરતના રાંદેરમાં ભાજપ નેતાઓ અને મહિલાઓ વચ્ચે ઘર્ષણ, પોલીસ બોલાવવી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીઓ માટે પ્રચાર ચાલી રહ્યો છે. કાળઝાળ ગરમી વચ્ચે પ્રચાર કરવા નીકળેલા નેતાઓને જનતા જાકારો આપી રહી હોય તેવું ઘણા મતવિસ્તારોમાં બની રહ્યું છે. બીજી બાજુ નેતાઓ બોલવામાં તો બેલગામ છે, પરંતુ અમુક કિસ્સાઓમાં હાથાપાઈ સુધી વાત પહોંચી જાય છે. સુરતમાં તો ભાજપના ગઢ ગણાતા રાંદેરમાં જ ભાજપના નેતાઓ અને સ્થાનિક મહિલાઓ વચ્ચે થયેલા ઘર્ષણની સ્થિતિ એટલી વણસી હતી કે એક નહીં બે પોલીસ સ્ટેશનના સ્ટાફે દોડી આવવું પડ્યું હતું.

આ ઘટના અહીંના ગોરાટ વિસ્તારમાં બની હતી. અહીં અશાંતધારાનો અમલ થયો નથી અને હનુમાન મંદિરનો વિવાદ ઘણા સમયથી છે. ભાજપના સ્થાનિક ઉમેદવાર હર્ષ મહેતા સહિતના મોટા નેતાઓ અહીં મંદિરે દર્શન કર્યા બાદ સોસાયટીમાં પ્રચાર માટે આવ્યા ત્યારે મહિલાઓએ તેમને રોક્યા હતા અને નેતાઓ અને મહિલાઓ વચ્ચે ધક્કામુક્કી અને બોલાચાલી થઈ હતી. મહિલાઓ ગો બેકના નારા સાથે તેમનો વિરોધ કરી રહી હતી. દરમિયાન ભાજપના નેતાએ એક મહિલાને ધક્કો માર્યાનો વીડિયો વાઈરલ થયો હતો. આ દરમિયાન પક્ષના પુરુષ નેતાઓએ મહિલાઓ સાથે અભદ્ર વર્તન કર્યાનો અને નખ માર્યા હોવાના આક્ષેપો પણ કર્યા હતા. આ મામલે મળતી વિગતો અનુસાર મહિલાઓએ કલેક્ટર કચેરી અને જોઈન્ટ પોલીસ કમિશનર સમક્ષ રજૂઆત પણ કરી હતી.

બીજી બાજુ નેતાઓનું કહેવાનું હતું કે તેમની સાથે પણ ધક્કામુક્કી થઈ હતી અને અમને પણ ઈજા થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સમયે પક્ષના ઉમેદવાર સાથે ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી, માજી મેયર હેમાલી બોઘાવાલા તેમ જ પૂર્વ ડ્રેનેજ કમિટી અધ્યક્ષ કેયુર ચપટવાલા પણ ઉપસ્થિત હતા.

# ભાવનગરનાં ગાયનેકોલોજિસ્ટ પત્નીએ સ્પાઈન સર્જન પતિ સામે નોંધાવી દહેજની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરની સર ટી. હોસ્પિટલ ખાતે ફરજ બજાવતાં મહિલા ગાયનેકોલોજિસ્ટ દ્વારા પતિ સામે દહેજ મામલે ફરિયાદ કરવામાં આવી હતી. મહિલાના પતિ પણ શહેરના જાણીતા ઓર્થોપેડિક અને સ્પાઈન સર્જન છે. તેમની સામે દહેજની માગણી અને શારીરિક-માનસિક ત્રાસ આપવા અંગે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ઘટનાએ શહેરના તબીબી આલમમાં ચકચાર જગાવી દીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગરની સરકારી સર ટી. હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. મેઘાબેન નિસર્ગભાઈ શાહનાં લગ્ન વર્ષ ૨૦૧૯માં ડો. નિસર્ગભાઈ પંકજભાઈ શાહ સાથે થયા હતા. ડો. નિસર્ગભાઈ શાહ હાલ બજરંગદાસબાપા હોસ્પિટલ ખાતે તથા ભાવનગરની અન્ય ખાનગી હોસ્પિટલમાં ઓર્થોપેડિક અને સ્પાઈન સર્જન તરીકે કાર્યરત છે. લગ્નના થોડા સમય બાદથી જ પતિએ દહેજમાં આર્થિક સુવિધાઓ અને અન્ય કિંમતી ચીજવસ્તુઓની માગણી શરૂ કરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો. પીડિત મહિલા ડોક્ટરે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, પતિ દારૂ પીવાની આદત ધરાવે છે અને સ્વભાવે અત્યંત ક્રોધી અને જિદ્દી છે. લગ્ન જીવન દરમિયાન જ્યારે પણ તેમણે માગણીઓ સંતોષવાનો ઇનકાર કર્યો ત્યારે તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ ઉપરાંત, તેમને અનેકવાર માતા-પિતાના ઘરે જવા માટે મજબૂર કરવામાં આવ્યાં હતાં. ફરિયાદમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, તેમની વચ્ચેના સંબંધોમાં કડવાશ એટલી હદે વધી ગઈ હતી કે પતિએ તેમની ડોક્ટર અને ગૃહિણી તરીકેની છબી ખરાબ કરવાના ઈરાદે પાયાવિહોણા આક્ષેપો કરી ખોટી ફરિયાદો પણ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ડો. મેઘાબેનની ફરિયાદના આધારે નિલમબાગ પોલીસે ડો. નિસર્ગભાઈ શાહ સામે બીએનએસની સંબંધિત કલમો અને દહેજ પ્રતિબંધક અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે, જેના કારણે ભાવનગરના તબીબી વર્તુળોમાં આ કેસ ચર્ચાનો વિષય બન્યો છે.

# યુદ્ધને લીધે બોર્ડને પાઠ્યપુસ્તકો છાપવાનું પડશે મોંઘું, વાલીઓ પર બોજ ન નાખવાનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત પહેલા માતા-પિતાએ ફી ઉપરાંતના ઘણા ખર્ચ કરવાના હોય છે, જેમાં એક ટેક્સ્ટબુક્સ પણ હોય છે. આ વર્ષે ગુજરાત સરકાર માટે ટેક્સ્ટબુક્સ છાપવાનો ખર્ચ ગયા વર્ષ કરતા વધવાનો છે, પરંતુ વાલીઓ પર તેમણે આ બોજ ન નાખવાનો નિર્ણય કર્યો હોવાથી વાલીઓ માટે રાહતના સમાચાર છે. ગલ્ફના દેશોમાં અશાંતિને લીધે કાગળના ભાવમાં વધારો થયો છે અને ગુજરાત સરકારે ટેન્ડર બહાર પાડવામાં પણ વિલંબ કર્યો છે. આ કારણે સ્ટેટ ટેક્સ્ટબુક બોર્ડે રૂ. ૧૨ કરોડ વધારે ખર્ચવા પડશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. દર વર્ષે બોર્ડ ટેન્ડર પ્રોસેસ દ્વારા મહાનગરપાલિકા, સરકારી અને ગ્રાન્ટ ઈન એડ સ્કૂલો માટે ટેક્સ્ટબુક પ્રિન્ટ કરવા એક એજન્સી નિયુક્ત કરે છે. વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે એક એજન્સીને નિયુક્ત કરવામાં આવી હતી, પરંતુ અન્ય એક એજન્સીએ કોર્ટમાં ધા નાખતા કામ લગભગ બે મહિનાથી અટકી પડ્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. જોકે, કોર્ટે બોર્ડના ટેન્ડરને સ્વીકાર્યું હતું અને કામ શરૂ થવાનું હતું ત્યાં જ પશ્ચિમ એશિયામાં અશાંતિ ફેલાતા કાગળના ભાવમાં વધારો થયો અને અગાઉ નક્કી કરેલી એજન્સીએ અગાઉના ભાવ પ્રમાણે ટેક્સ્ટબુક છાપવાનો ઈનકાર કરતા બોર્ડે નવું ટેન્ડર બહાર પાડ્યું હતું. જોકે ત્યારબાદ ગેરરીતિના આક્ષેપો પણ થયા હતા.

## દેશ-વિદેશ

# હોર્મુઝ ખાડીમાંની અસ્થિરતાની ભારત પર સીધી અસરઃ રાજનાથ

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જર્મનીમાં જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાં કોઈપણ અવરોધ ભારત માટે દૂરની ઘટના નથી, પરંતુ સીધી અસર કરતી વાસ્તવિક પરિસ્થિતિ છે. તેમણે કહ્યું હતું કે પશ્ચિમ એશિયામાં ૫૦ દિવસથી વધુ સમયથી સંઘર્ષ ચાલી રહ્યો છે અને તેની વૈશ્વિક અસરો પડી રહી છે. રાજનાથ સિંહે જર્મન સંસદની સંરક્ષણ અને સુરક્ષા સમિતિને સંબોધિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વિશ્વ નવાં સુરક્ષા જોખમોનો સામનો કરી રહ્યું છે અને ટેકનોલોજીમાં ફેરફારથી પરિસ્થિતિને વધુ જટિલ બનાવી છે. તેમણે કહ્યું હતું કે બદલાતી પરિસ્થિતિઓને અનુરૂપ એક નવો અભિગમ આજના સમયની સૌથી મોટી આવશ્યકતા છે. સંરક્ષણ પ્રધાને ભારત અને જર્મની વચ્ચે સંરક્ષણ સહયોગને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે બંને દેશોના સંરક્ષણ ઉદ્યોગો એકબીજાના પૂરક છે. તેમણે કહ્યું કે ભારત જેવા વિકાસશીલ દેશ માટે તેની ઊર્જાનો મોટો ભાગ પશ્ચિમ એશિયા પર નિર્ભર છે. તેથી હોર્મુઝ સ્ટ્રેટમાં કોઈ પણ અવરોધની સીધી અસર પડે છે. તેમણે સમજાવ્યું હતું કે ભારતે એક સક્રિય વ્યૂહરચના અપનાવી છે અને આ પડકારોનો સામનો કરવા માટે સંકલિત અભિગમ અપનાવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલરે વ્યૂહાત્મક ભાગીદારી પર ભાર મૂક્યો છે, અને યુરોપિયન યુનિયનના સ્તર પર પણ ભારત સાથે સહયોગ વધી રહ્યો છે. રાજનાથ સિંહે કહ્યું કે આત્મનિર્ભર ભારત ફક્ત એક ખરીદી કાર્યક્રમ નથી, પરંતુ સહ-ઉત્પાદન, સહ-વિકાસ અને સહ-નવીનતા માટેની તક છે. તેમણે કહ્યું કે જર્મનીના મોટા અને મધ્યમ કદની કંપનીઓની તાકાત પ્રશંસનીય છે અને ભારતીય સ્ટાર્ટ-અપ્સ પણ સંરક્ષણ ક્ષેત્રમાં ઝડપથી યોગદાન આપી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારત અને જર્મની એકબીજાના સ્વાભાવિક પાર્ટનર છે અને આ ભાગીદારી વધુ મજબૂત બની શકે છે. તેમણે કહ્યું કે બંને દેશો લોકશાહી મૂલ્યો અને આર્થિક શક્તિ પર આધારિત છે અને વૈશ્વિક નીતિઓને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે વર્તમાન ભૂ-રાજકીય અસ્થિરતા ફક્ત એક પ્રાદેશિક મુદ્દો નથી પરંતુ તેની અસર વૈશ્વિક છે. તેમણે કહ્યું કે તેની ઊર્જા, ખાદ્ય સુરક્ષા, માનવતા પર મોટી અસર પડે છે અને વિશ્વ અર્થતંત્ર પર અસર પડે છે. જર્મની પહોંચ્યા પછી તેમનું લશ્કરી સન્માન સાથે સ્વાગત કરવામાં આવ્યું અને ખાસ જર્મન એરફોર્સના વિમાનથી લઈ જવામાં આવ્યા હતા. તેમણે બર્લિનમાં રવિન્દ્રનાથ ટાગોરને શ્રદ્ધાંજલિ પણ આપી અને ભારત-જર્મની સાંસ્કૃતિક સંબંધોને મજબૂત ગણાવ્યા હતા.

# ભારત કોઈ પણ પ્રકારના આતંકવાદ સામે ક્યારેય નહીં ઝૂકેઃ વડા પ્રધાન

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાની પ્રથમ વરસી નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખાતરીપૂર્વક કહ્યું હતું કે ભારત કોઈ પણ પ્રકારના આતંકવાદ સામે નહીં નમે અને આતંકવાદીઓના ઘૃણાસ્પદ ઈરાદાઓને સફળ નહીં થવા દેવાય.

ગયા વરસે બાવીસ એપ્રિલના દિવસે જ પાકિસ્તાનસ્થિત આતંકવાદી જૂથ લશ્કરે તોઈબાએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં કરેલા હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા જેમાંનાં મોટાભાગનાં પર્યટકો હતા. પહેલગામ આતંકવાદી હુમલાના અસરગ્રસ્તોને યાદ કરતાં મોદીએ કહ્યું હતું કે તેઓ ક્યારેય નહીં ભૂલાય. અસરગ્રસ્ત પરિવારજનો પરત્વે મોદીએ સહાનુભુતિની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે શોકના આ સમયમાં સમગ્ર દેશ અસરગ્રસ્ત પરિવારોની સાથે છે. કોઈ પણ પ્રકારના આતંકવાદ સામે ભારત નહીં નમે એવું વચન અમે આપીએ છીએ, એમ તેમણે કહ્યું હતું. પહલગામ આતંકવાદી હુમલાનો વળતો જવાબ આપતાં ભારતે પાકિસ્તાન વિરુદ્ધ 'ઑપરેશન સિંદુર' હાથ ધર્યું હતું અને પાકિસ્તાન અને પીઓકેસ્થિત આતંકવાદીઓનાં તાલીમકેન્દ્રો, માળખા અને છાવણીઓનો નાશ કર્યો હતો. (એજન્સી)

# કર્ણાટકમાં હૉમસ્ટેના કર્મચારી દ્વારા અમેરિકી મહિલા સાથે દુષ્કર્મ

કોડાગુ (કર્ણાટક): કર્ણાટકના કોડાગુ જિલ્લામાં હૉમસ્ટેના કર્મચારી દ્વારા એક અમેરિકન મહિલા પર જાતીય હુમલો કરવામાં આવ્યો હોવાનું પોલીસે બુધવારે કહ્યું હતું.

કોડુગુના કટ્ટા ગામ ખાતે એક અઠવાડિયા અગાઉ આ ઘટના બની હોવાનું પોલીસે કહ્યું હતું.

હૉમસ્ટેનો કર્મચારી ઝારખંડનો વતની છે અને તે હૉમસ્ટેના આતિથ્ય વિભાગમાં કામ કરતો હતો. ઘટનાને મામલે આરોપી કર્મચારીની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

મહિલાએ તેનાં પર જાતીય હુમલો કરવામાં આવ્યો હોવાનું હૉમસ્ટેના માલિકને જણાવ્યું હોવા છતાં તે પોલીસને જણાવવામાં નિષ્ફળ ગયો હોવાને કારણે ઘટનાને મામલે હૉમસ્ટેના માલિકની પણ ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મહિલાએ કરેલા આક્ષેપ મુજબ તેનાં પીણામાં નશીલો પદાર્થ ભેળવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ હૉમસ્ટેના કર્મચારી દ્વારા બળજબરી કરવામાં આવી હતી.

મહિલાએ બાદમાં હૉમસ્ટેના માલિકનો સંપર્ક સાધ્યો હતો અને ઘટના અંગે તેને જાણ કરી હતી પરંતુ, માલિકે ઘટનાને દબાવી દેવાનો પ્રયાસ કર્યો હતો અને ત્રણ દિવસ સુધી વાઈફાઈ સેવા ડિસ્કનેક્ટ કરી દીધી હતી જેને કારણે મહિલા એ સમયગાળા દરમિયાન કોઈનો સંપર્ક નહોતી કરી શકી.

વાઈફાઈ કનેક્ટ થતાં મૈસૂરુ જવાનું બહાનું કાઢી મહિલા ત્યાંથી નાસી છૂટી હતી અને અમેરિકાની એલચી કચેરીનો સંપર્ક કરી ઘટના અંગે જાણ કરી હતી.

અમેરિકાની એલચી કચેરીએ સ્થાનિક વહીવટકર્તાઓ સાથે વાતચીત કર્યા બાદ યોગ્ય પ્રક્રિયાનું પાલન કરી મહિલાની ફરિયાદ નોંધવામાં આવી હતી.

આરોપીઓની ધરપકડ કરી જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હોવાનું એસપી બિન્દુ મણીએ કહ્યું હતું. (એજન્સી)

# રાહુલની સાથે રહીને ખડગેની ભાષા ભ્રષ્ટ થઈ ગઈ છેઃ અમિત શાહ

## હજી મંગળવારે ખડગેએ મોદીને 'ત્રાસવાદી' ગણાવ્યા હતા

કોલકાતાઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે કોંગ્રેસ અને શાસક ટીએમસી બંને પર જોરદાર શાબ્દિક પ્રહારો કરતા દાવો કર્યો કે રાહુલ ગાંધીનો પક્ષ પશ્ચિમ બંગાળમાં એક પણ બેઠક જીતી શકશે નહીં, અને મમતા બેનરજીની કોંગ્રેસ સાથેની નિકટતા તેમના રાજકીય પતનને ઝડપી બનાવશે.

દમ દમ વિસ્તારમાં એક ચૂંટણી રેલીને સંબોધતા, શાહે બંગાળમાં ભાજપના મુખ્ય ચૂંટણી સૂત્રો - ઘૂસણખોરી અને મહિલા સુરક્ષાથી લઈને 'સિન્ડિકેટ રાજ', વંશીય રાજકારણ અને બાબરી મસ્જિદ મુદ્દા - ને એકસાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો, આ સાથે તેમણે ટીએમસીના આતંકવાદના રાજકારણને સમાપ્ત કરવા માટે નિર્ણાયક યુદ્ધ તરીકે સ્પર્ધા રજૂ કરી હતી.

"હું રાહુલ ગાંધીને કહેવા માગુ છું કે તમિળનાડુ અને પુડુચેરીમાં, તમે બે આંકડા પણ પાર નહીં કરી શકો. પશ્ચિમ બંગાળમાં, તમે તમારું ખાતું પણ ખોલી શકશો નહીં, અને આસામમાં, કોંગ્રેસને અત્યાર સુધીની સૌથી મોટી હારનો સામનો કરવો પડશે," એવું તેમણે કહ્યું હતું.

કોંગ્રેસના નેતૃત્વ પર વધુ વ્યાપક હુમલો કરતા, શાહે પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પર રાહુલ ગાંધીના પ્રભાવ હેઠળ રાજકીય ચર્ચાનું સ્તર ઘટાડવાનો આરોપ લગાવ્યો.

"આતંકવાદને નાબૂદ કરનારા નરેન્દ્ર મોદીજીને ખડગેજી ત્રાસવાદી કહી રહ્યા છે. રાહુલ ગાંધીની આસપાસ રહીને ખડગેજી પોતાની ભાષા પણ ભ્રષ્ટ કરવા લાગ્યા છે. સાંભળો, રાહુલ ગાંધી, તમે મોદીજી પર જેટલી વધુ ગાળો ફેંકશો, તમારા અપમાનથી તમે જેટલો વધુ કાદવ ફેંકશો, તેટલું કમળ વધુ ગર્વથી ખીલશે," એવું તેમણે ભારપૂર્વક કહ્યું.

બેનર્જી પર નિશાન તાકતા શાહે કહ્યું કે મુખ્ય પ્રધાન કોંગ્રેસ સાથે જોડાણ કરીને રાજકીય ભૂલ કરી રહ્યા છે.

"મમતા દીદી, તમે આ જ કોંગ્રેસ સાથે બેઠા છો. તમારી પરિસ્થિતિ પણ વધુ ખરાબ થવાની છે," એવું તેમણે કહ્યું. તૃણમૂલ કોંગ્રેસના આ આરોપનો કે જો ભગવા પક્ષ બંગાળમાં સત્તા પર આવશે તો તેઓ "બહારની વ્યક્તિ" ને મુખ્ય પ્રધાન બનાવશેનો જવાબ આપતા એમણે કહ્યું કે "મમતા દીદી લોકોને એમ કહીને ગેરમાર્ગે દોરી રહ્યા છે કે બંગાળમાં કોઈ બહારના વ્યક્તિ મુખ્ય પ્રધાન બનશે. મુખ્ય પ્રધાન બંગાળનો જ કોઈ હશે. જોકે, તે મમતાજીનો ભત્રીજો નહીં હોય, પરંતુ ભાજપના મુખ્ય પ્રધાન હશે."

તેમણે કહ્યું કે રાજ્યમાં ભાજપનો મુખ્ય પ્રધાનપદનો ચહેરો બંગાળમાં જન્મેલો, બંગાળી ભાષી, બંગાળી માધ્યમની શાળામાં શિક્ષિત અને ભાજપનો નેતા હશે.

મમતા દીદીને દૂર કરવાનો સમય આવી ગયો છે, જે 'મા, માટી, માનુષ' ના નારા સાથે સત્તામાં આવી હતી પરંતુ બંગાળને ગુંડાઓની દયા પર છોડી દીધી છે. હવે તેમનું એકમાત્ર લક્ષ્ય તેમના ભત્રીજાને મુખ્ય પ્રધાન બનાવવાનું છે, શાહે એવો આરોપ લગાવ્યો હતો.

# હવે ઍવિયેશન ફ્યૂઅલમાં ઈથનોલ બ્લૅન્ડિંગની પરવાનગી

નવી દિલ્હીઃ ભારતે ઍવિયેશન ટર્બાઈન ફ્યૂઅલ (એટીએફ)ના નિયમોમાં સુધારો કર્યો છે. ઍવિયેશન ફ્યૂઅલમાં સિન્થેટિક હાઈડ્રોકાર્બન સાથે બ્લેન્ડનો સમાવેશ કરવા આ સુધારામાં એટીએફની વ્યાખ્યા વધુ વ્યાપક બનાવવામાં આવી છે. ભારતે તેલની આયાત ઘટાડવા એટીએફ સાથે ઈથેનોલનું બ્લૅન્ડિંગ અને અન્ય સિન્થેટિક્સ કે પછી માનવસર્જિત હાઈડ્રોકાર્બન મિક્સ કરવાની પરવાનગી આપી છે. ઍસેન્શિયલ કોમોડિટિઝ ઍક્ટ ૧૯૫૫ અંતર્ગત બહાર પાડવામાં આવેલા એટીએફ (રૅગ્યુલેશન ઑફ માર્કેટિંગ) ઑર્ડર ૨૦૦૧માં કરવામાં આવેલા સુધારાને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં એટીએફમાં બ્લૅન્ડિંગ મિક્સ કરવાનું ફરજિયાત બનાવવામાં નથી આવ્યું. આ પગલાંનો મુખ્ય આશય પ્રદૂષણને અંકુશમાં લેવા અને આયાતી તેલ પરની નિર્ભરતા ઘટાડવાનો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ ખાતાએ ગૅઝેટ નોટિફિકેશન મારફતે નિયમમાં સુધારો કર્યો છે. (એજન્સી)

# ચીન સામે લડવા અમેરિકા પાસે કોઈ શસ્ત્ર બચશે ખરાં?

## ઈરાન યુદ્ધમાં જ મોટા ભાગનાં હથિયારો વપરાઈ ગયાં છે

વૉશિંગ્ટનઃ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ શરૂ થયેલા અમેરિકા-ઇરાન સંઘર્ષના પરિણામે ઇરાન યુદ્ધ દરમિયાન ટોમહોક્સ, પેટ્રિઅટ્સ અને અન્ય ઘણી મિસાઈલો છોડ્યા પછી અમેરિકા પાસે મિસાઈલો ઓછી થઈ ગઈ છે.

ઓપરેશન એપિક ફ્યુરી નામના નાજુક યુદ્ધવિરામ હેઠળ લડાઈ બંધ થઈ ગઈ હોવાથી, અમેરિકી સૈન્ય પાસે દારૂગોળો ખતમ થવાનો છે કે કેમ તે તપાસવાનો આ સારો સમય છે.

શું અમેરિકા પાસે દારૂગોળો ખતમ થઈ રહ્યો છે? એનો જવાબ ના છે. જો જરૂર પડે તો ઇરાન સામે લડવા માટે અમેરિકા પાસે હજુ પણ તેની મુખ્ય મિસાઈલો પૂરતી છે; મોટી સમસ્યા ભવિષ્યના યુદ્ધો છે, ખાસ કરીને ચીન સાથેની સંભવિત લડાઈ.

જો ઇરાન યુદ્ધ ફરી શરૂ થાય તો કાલે અમેરિકા પાસે મિસાઈલો ખતમ નહીં થાય, પરંતુ હવે ભંડાર ઘણો ખાલી છે. જો મોટું યુદ્ધ શરૂ થાય તો અમેરિકા પાસે જેટલી મિસાઈલો જોઈએ તેટલી નહીં હોય, કારણ કે સ્ટોક ભરવામાં અઠવાડિયા નહીં પણ વર્ષો લાગે છે. યુદ્ધવિરામ પહેલાના માત્ર ૩૯ દિવસની લડાઈમાં, અમેરિકાએ ઘણાં હથિયારો વાપર્યાં, સાત પ્રકારની મિસાઈલમાંથી ચારે તેના યુદ્ધ પહેલાના સમગ્ર ભંડારના અડધાથી વધુનો ઉપયોગ કર્યો. આ સાત મુખ્ય મિસાઈલ બે પ્રકારમાં આવે છેઃ લાંબા અંતરના હુમલાના શસ્ત્રો અને હવાઈ/મિસાઈલ સંરક્ષણ પ્રણાલીઓ. જોકે ટ્રમ્પ વહીવટીતંત્ર સંરક્ષણ કંપનીઓને યુદ્ધ સમય સ્તર સુધી ઉત્પાદન વધારવા માટે દબાણ કરી રહ્યું છે, ૨૦૨૭ના બજેટમાં પુરવઠાને ફરીથી સ્ટોક કરવા અને વિસ્તૃત કરવા માટે ઘણી વધુ મિસાઈલોની માગ કરવામાં આવી છે. કારણ કે છેલ્લા કેટલાક વર્ષોમાં અમેરિકાએ વધુ ઓર્ડર આપ્યો નથી, તેથી ફક્ત થોડી જ ટૂંક સમયમાં દેખાશે.

# શૅર ટ્રેડિંગ ફ્રોડમાં બૅન્કના સિનિયર એક્ઝિક્યુટિવે ₹ ૯૮ લાખ ગુમાવ્યા

મુંબઈ: શૅર માર્કેટમાં રોકાણની સ્કીમ્સમાં ઊંચા વળતરની લાલચે સાયબર ઠગ ટોળકીએ મુંબઈની એક બૅન્કના સિનિયર એક્ઝિક્યુટિવ પાસેથી ૯૮.૭૮ લાખ રૂપિયા પડાવ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરવા માટે આરોપીએ આર્થિક સલાહકાર કંપનીના પ્રતિનિધિના સ્વાંગમાં સંપર્ક સાધ્યો હતો. આરોપીએ છેતરામણી મોબાઈલ ઍપ્લિકેશન પર સારો નફો પણ ફરિયાદીને દેખાડ્યો હતો. ચેમ્બુરમાં રહેતા અને અગ્રણી બૅન્કમાં આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કામ કરતા ફરિયાદીને ફેબ્રુઆરીમાં અજાણ્યા નંબર પરથી એક વૉટ્સઍપ લિંક આવી હતી. પછી ફરિયાદીને એક વૉટ્સઍપ ગ્રૂપમાં એડ કરવામાં આવ્યો હતો. પછી ફરિયાદીને તેના મોબાઈલ ફોનમાં એક ઍપ્લિકેશન ડાઉનલૉડ કરવાનું કહેવામાં આવ્યું હતું. મોબાઈલ નંબર રજિસ્ટર કર્યા પછી કેવાયસી કરવામાં આવ્યું હતું અને ફરિયાદીને શૅર ટ્રેડિંગમાં રોકાણ કરવા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

ફરિયાદીએ શરૂઆતમાં ૫૦ હજાર રૂપિયાનું રોકાણ કર્યું હતું, જેની સામે પાંચ ટકા વળતર ઍપ પર દર્શાવાયું હતું. બાદમાં આરોપીની વાતમાં આવી ફરિયાદીએ ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન ૯૭.૭૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, એવું એફઆઈઆરમાં જણાવાયું હતું. (પીટીઆઈ)

# નદી-નાળાની સફાઈનો અહેવાલ પ્રત્યેક સ્થાયી સમિતિની બેઠકમાં રજૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મીઠી નદીની ત્રણ તબક્કાના કામ માટે પાલિકા તરફથી બે કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. જોકે બંને કૉન્ટ્રેક્ટર પાસે નાળાસફાઈ માટે આવશ્યક મશીનરીની સાથે જ નાળાસફાઈના કામનો અનુભવ પણ નથી. તેથી આવા કૉન્ટ્રેક્ટરને કામ આપવા સામે વિરોધપક્ષે સ્થાયી સમિતિમાં સવાલ ઉપસ્થિત કર્યો હતો. આ દરમ્યાન મીઠી અને નાળાઓની સફાઈના કામમાં પારદર્શકતા અને ગુણવત્તા જળવાઈ રહે તે માટે પ્રત્યેક સ્થાયી સમિતિની બેઠકમાં નાળાની સફાઈકામને લગતો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ સ્થાયી સમિતિ અધ્યક્ષે આપ્યો હતો. રાજ્ય સરકારના નિર્દેશ મુજબ મીઠી નદીમાંથી ૨૦૦૫થી ૨૦૨૩ના સમયગાળામાં તેનો ગાળ કાઢવાના કામની તપાસ કરવા માટે ઈકોનોમિક ઓફેન્સ વિંગના ડેપ્યુટી પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ સ્પેશિયલ ટીમની સ્થાપના કરવામાં આવી છે. મીઠીની સફાઈના કામ બાબતે ૬ મે, ૨૦૨૫ના રોજ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. હાલ આ પ્રકરણની તપાસ ચાલી રહી છે. તપાસ શરૂ હોવાથી કૉન્ટ્રેક્ટરો પાસેથી મીઠી નદીનો ગાળ કાઢવાનું કામ કરાવી લેવું અશક્ય થઈ ગયું છે. પાલિકાએ મીઠી નદીની ચોમાસા પહેલાની સફાઈ માટે ટેન્ડર બહાર પાડયા ત્યારે કોઈ કૉન્ટ્રેક્ટર આગળ આવ્યું નહોતું. છેવટે ટેન્ડરની શરતો હળવી કરવામાં આવતા ત્રણ તબક્કામાં મીઠીની સફાઈ માટે ૨૯ કરોડના કૉન્ટ્રેક્ટ બે કૉન્ટ્રેક્ટરને આપવામાં આવ્યો હતો. તેમાથી એક કંપનીને ૧૦-૧૦ કરોડના બે કામ અને એક કંપનીને નવ કરોડનું કામ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બે કંપનીમાંથી એક કંપનીને તો માત્ર મુંબઈમાં સુશોભીકરણ પ્રોજેક્ટનો જ અનુભવ છે, ત્યારે આ સુશોભીકરણનું કામ પણ કેટલું પૂર્ણ થયું અને કામની ગુણવત્તા કેવી ? શું એ બધાની તપાસ કરીને આ કૉન્ટ્રેક્ટરને ૨૦ કરોડ રૂપિયાનો કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે એવા સવાલ કૉંગ્રેસ તરફથી કરવામાં આવ્યા હતા. આ દરમ્યાન સ્થાયી સમિતિના સભ્ય અને કૉંગ્રેસના નગરસેવિકાએ એવો દાવો કર્યો તો કે હાલ નાળાસફાઈનું કામ સમયસર પૂરું થવું આવશ્યક છે પણ પ્રશાસન તરફથી કાગળ પર એક અને પ્રત્યક્ષમાં બીજું જ કંઈ ચાલી રહ્યું છે.

# વસ્તી ગણતરીના કાર્ય માટે ચોથા વર્ગના કર્મચારીઓની નિમણૂક

## માહિતીમાં ભૂલો હોય તો કોણ જવાબદાર?

મુંબઈ: સરકારે વસ્તી ગણતરી પારદર્શક અને શિસ્તબદ્ધ રીતે હાથ ધરવાનું આયોજન કર્યું છે. મહાપાલિકાના શિક્ષકોને ચૂંટણીની સાથે વસ્તી ગણતરીની કામગીરી પણ સોંપવામાં આવી છે અને તેમને આ બંને જવાબદારીઓ નિભાવતા નાકે દમ આવી જાય છે. તેથી હવે મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોના ચતુર્થ શ્રેણીના કર્મચારીઓને વસ્તી ગણતરીની જવાબદારી સોંપવામાં આવી છે. જોકે શિક્ષકોનું કહેવું છે કે મોટાભાગના કર્મચારીઓ મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શકતા નથી. વસ્તી ગણતરીનું તમામ કાર્ય ડિજિટલી કરવામાં આવશે તેથી માહિતી એકઠી કરવામાં ભૂલો થાય તો કોણ જવાબદાર તે પ્રશ્ન ઉભો થયો છે.

સંબંધિત કામદારોને આ કાર્ય માટે તાલીમ આપવામાં આવશે. તેમાં મોબાઇલ એપ્લિકેશન્સ દ્વારા ડેટા સંગ્રહ, માહિતીની ચકાસણી અને ઘરે-ઘરે જઈ વાતચીત પર ખાસ ભાર મૂકવામાં આવશે. જોકે ચતુર્થ શ્રેણીના કામદારોએ આ પહેલાં આવું કામ કર્યું નથી. ઘણા કામદારો સરળતાથી મોબાઇલ ફોનનો ઉપયોગ કરી શકતા નથી. શિક્ષણના અભાવે તેઓ અસરકારક રીતે વાતચીત કરી શકતા નથી. તેથી તેઓ નાગરિકોના ઘરે જઈને તેમની પાસેથી માહિતી એકત્રિત કરી શકશે કે કેમ તે અંગે શંકા છે. મહાનગરપાલિકાએ વિભાગ સ્તરે કામદારો અને કર્મચારીઓની માહિતી માગી છે. ૫૫ વર્ષ પૂર્ણ કરી ચૂકેલા કર્મચારીઓ, દિવ્યાંગ કર્મચારીઓ, ગંભીર બીમારીઓથી પીડાતા કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓ, ચતુર્થ શ્રેણીના ઓનલાઇન માહિતી ભરી ન શકતા કર્મચારીઓ વગેરેને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના શિક્ષણ વિભાગમાં મોટાભાગના ચતુર્થ શ્રેણીના કર્મચારીઓ, જેમ કે પટાવાળા, માળી-કમ-કેરટેકર, કુલી વગેરે ઓનલાઈન કામ કરી શકતા નથી. તેમ છતાં તેમને વસ્તી ગણતરીની જવાબદારી બળજબરીથી સોંપવામાં આવી રહી છે. આનાથી વહીવટી સ્તરે મૂંઝવણ ઊભી થવાની શક્યતા છે, એમ પ્રહાર શિક્ષક સંગઠન (મહારાષ્ટ્ર રાજ્ય) ના પ્રમુખ વિકાસ ઘુગેએ જણાવ્યું હતું.

# પહલગામ હુમલો: પીડિત આદિલ શાહના પરિવારને ઘર અર્પણ

મુંબઈ: ગયા વર્ષે પહેલગામ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલી ૨૬ વ્યક્તિમાંથી એક ટટ્ટુ સવારીનું કામ કરનારા સૈયદ આદિલ હુસૈન શાહનું બલિદાન ઇતિહાસમાં અંકિત છે અને દેશ તેને ક્યારેય ભૂલી શકશે નહીં એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું છે.

મંગળવારે પીડિત શાહના પરિવારને એક નવું બાંધવામાં આવેલું ઘર સોંપવામાં આવ્યું હતું. શિંદેએ આ ઘર આપવાને ફક્ત આશ્રય આપવાને બદલે બહાદુરના બલિદાનનું સન્માન ગણાવ્યું હતું. ગયા વર્ષે ૨૨ એપ્રિલે લોકપ્રિય પર્યટન સ્થળ બૈસરન ખીણમાં આતંકવાદીઓના એક જૂથ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૨૫ સહેલાણીઓ સાથે આદિલ શાહએ જીવ ગુમાવ્યો હતો.

# થાણેમાં આગમાં ચાર ગાળા બળીને ખાખ: ભિવંડીમાં ગોડાઉનમાં સ્ફોટ

થાણે: થાણે જિલ્લામાં મંગળવારે અગ્નિતાંડવ જોવા મળ્યું હતું. થાણેના ઘોડબંદરમાં માનપાડા વિસ્તારમાં મંગળવારે રાતના ચાર ગાળામાં ભીષણ આગ લાગી હતી. તો ભિવંડીમાં તેલના ગોડાઉનમાં આગ લાગીને ટાંકીમાં સ્ફોટ થયો હતો. સદ્‌સનીબે બંને દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી પણ આગની દુર્ઘટનાને કારણે સ્થાનિકોમાં ભય વ્યાપી ગયો હતો.

ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ પહેલી ઘટના ભિવંડીના ખાડીપાર વિસ્તારમાં મૂલચંદ કમ્પાઉન્ડમાં બની હતી. આ કમ્પાઉન્ડમાં તેના ગોદામ આવેલા છે. ગોદામમાં તેલનો મોટા પ્રમાણમાં સ્ટોક હતો. તેમ જ કેમિકલથી ભરેલી ટાંકીઓ પણ હતી. આગ લાગ્યા બાદ ગોદામમાં સ્ફોટ થયો હતો અને આગને કારણે દૂર દૂર સુધી ધુમાડો ફેલાઈ ગયો હતો. ભિવંડી ફાયરબ્રિગેડે ભારે જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું પણ આગમાં ગોદામ બળીને ખાખ થઈ ગયું હતું.

બીજી ઘટના થાણેના ઘોડબંદરના માનપાડા પરિસરમાં મંગળવારે રાતના ૭.૪૯ વાગે બની હતી, જેમાં ચાર ગાળામાં અચાનક આગ લાગી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ત્રણ કલાકે રાતના લગભગ ૧૧.૧૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. સદ્‌સનસીબે બંને દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

નવમા પાનાનું ચાલુ

### ભિવંડી મેટ્રોના

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને જો હાલના ફ્લાયઓવરને તોડી પાડવામાં આવે અને તેના સ્થાને સંયુક્ત માળખું (ફ્લાયઓવર + મેટ્રો) પ્રસ્તાવિત કરવામાં આવે, તો બાંધકામ સમયગાળા દરમિયાન ટ્રાફિકમાં મોટો અવરોધ ઊભો થશે અને ભિવંડી શહેરમાં ટ્રાફિક પરિસ્થિતિ વધુ ખરાબ થશે તેવી પ્રબળ શક્યતાને ધ્યાનમાં રાખીને, ભિવંડી શહેરના દુર્ગાડી નાકાથી ટેમઘર સુધી આંશિક રીતે ભૂગર્ભ મેટ્રો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો, તેમજ રાંજનોલી જંકશન અને દુર્ગાડી ચોક વચ્ચે દ્વિ-સ્તરીય સંકલિત માળખામાં (ફ્લાયઓવર સહિત) એલિવેટેડ મેટ્રો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

અગાઉ, મુંબઈ મેટ્રો રૂટ-૫ ના એલિવેટેડ રૂટને કાપુરબાવડી, થાણેથી ભિવંડી શહેરના થાણે-ભિવંડી રોડ થઈને રાજીવ ગાંધી ચોક, ભિવંડી વાયા કલ્યાણ રોડથી રાંજનોલીથી દુર્ગાડી અને પછી કલ્યાણ શહેરથી કલ્યાણ શીળ રોડ થઈને કલ્યાણ એપીએમસી સુધી ચલાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. સુધારેલા પ્રોજેક્ટ રિપોર્ટમાં, મુંબઈ મેટ્રો રૂટ-૫ (થાણે-ભિવંડી-કલ્યાણ)ના એલાઈનમેન્ટમાં ફેરફાર કરવાનો અને દુર્ગાડી મેટ્રો સ્ટેશન પર મેટ્રો રૂટ-૫ના દુર્ગાડી ચોકથી કલ્યાણ એપીએમસી/કલ્યાણ મેટ્રો સ્ટેશન સુધીના રૂટને સમાપ્ત કરવાનો અને દુર્ગાડી સ્ટેશનથી મેટ્રો રૂટ-૫અ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. એટલે કે, મેટ્રો રૂટ-૫ના સેક્શનને દુર્ગાડીથી કલ્યાણ એપીએમસી/કલ્યાણ મેટ્રો સ્ટેશન (હવે મુંબઈ-આગ્રા રૂટ) સુધી લંબાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ઉપરોક્ત સેક્શનને મુંબઈ મેટ્રો-૫અ (દુર્ગાડી-આધારવાડી-ખડકપાડા-કલ્યાણ) તરીકે લંબાવવાનો અને મેટ્રો રૂટ-૫ને ભોઈરવાડીથી ઉલ્હાસનગર સુધી લંબાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. તે મુજબ, ઓથોરિટીએ રૂ. ૬૨૪૮.૩૩ કરોડના ખર્ચે મુંબઈ મેટ્રો રૂટ-૫અ અને મેટ્રો રૂટ-૫ ના એક્સટેન્શનને મંજૂરી આપી છે. ૪૦૬૩.૮૦ કરોડ રૂપિયાના સંપૂર્ણ પ્રોજેક્ટ ખર્ચનો પ્રોજેક્ટ રિપોર્ટ સરકારને મંજૂરી માટે સુપરત કરવામાં આવ્યો છે. તે મુજબ, મુંબઈ મેટ્રો રૂટ-૫ ફેઝ-૧ (કપુરબાવડી-ધામણકર નાકા) અને ફેઝ-૨ (ધામણકર નાકા-દુર્ગાડી ચોક)નો પ્રોજેક્ટ રિપોર્ટ સુધારેલા ખર્ચે સબમિટ કરવામાં આવ્યો હતો અને મુંબઈ મેટ્રો રૂટ-૫અ (દુર્ગાડી-આધારવાડી-ખડકપાડા-કલ્યાણ) અને મેટ્રો રૂટ-૫ એક્સટેન્શન (ભોઇરવાડી-ઉલ્હાસનગર)નો પ્રોજેક્ટ રિપોર્ટ ઉપરોક્ત પ્રોજેક્ટના અમલ માટે મંજૂરી માટે સરકારની વિચારણા હેઠળ હતો.

### શિવડી-વરલી

૮૩ મકાનો ખરીદીને રહેવાસીઓને સોંપવામાં આવ્યા છે. મ્હાડા દ્વારા રહેવાસીઓને મકાનોનું વિતરણ કર્યા પછી હાજી નૂરાની અને લક્ષ્મી નિવાસના તોડી પાડવા અને થાંભલાઓનું કામ ઝડપી બનાવવું જરૂરી છે, પરંતુ હાજી નૂરાની ઇમારત હજુ ખાલી ન થઈ હોવાથી એમએમઆરડીએ માટે મુશ્કેલી ઉભી થઈ છે. લક્ષ્મી નિવાસનું ડિમોલિશન પૂર્ણ થઈ ગયું છે. હવે, એમએમઆરડીએ એ હાજી નૂરાની ઇમારતને સંપૂર્ણપણે ખાલી કરવા માટે નક્કર પગલાં લીધાં છે.

### કેમ કરવામાં આવી

વધારવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. હવે, ગ્રાહકો સ્પષ્ટપણે નક્કી કરી શકશે કે પીરસવામાં આવતા ખોરાકમાં દૂધમાંથી બનેલું ચીઝ-પનીર છે કે ખાદ્યતેલમાંથી બનેલું ઍનાલોગ ચીઝ-પનીર છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગે તમામ સંબંધિત અધિકારીઓને તેમના સંબંધિત વિસ્તારોમાં આ આદેશનું કડક પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

### વિધાન પરિષદની

તેની સામે ઉમેદવાર આપશે.

એવું સંભળાઈ રહ્યું છે કે ભાજપ વતી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેનાવતી એકનાથ શિંદે પણ ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદમાં જાય તે માટે આગ્રહી છે.

બીજી તરફ છેલ્લા કેટલાક સમયથી પાર્ટીના નિર્ણયોમાં હસ્તક્ષેપ કરનારા અને પોતાને પાર્ટીના ભાવિ અધ્યક્ષ તરીકે રજૂ કરી રહેલા આદિત્ય ઠાકરેએ આ બેઠક પરથી પોતાના નજીકના સાથી અને ખિચડી કૌભાંડમાં જેલમાં જઈ આવેલા સુરજ ચવ્હાણને ઉમેદવારી આપવા માટે દબાણ કરી રહ્યા છે. જો સુરજ ચવ્હાણને ઉમેદવારી ન આપી શકાય તો અંબાદાસ દાનવેને ઉમેદવારી આપવી પણ ઉદ્ધવ ઠાકરેએ ફરી વિધાન પરિષદની ચૂંટણી ન લડવી એવું આદિત્ય ઠાકરે કહી રહ્યા છે.

અહીં ઉલ્લેખનીય છે કે રાજ્યસભાની ચૂંટણી વખતે પણ આદિત્ય ઠાકરેએ પ્રિયંકા ચતુર્વેદીને ફરી ઉમેદવારી આપવા માટે ખાસ્સા ધમપછાડા કર્યા હતા, પરંતુ ત્યારે શરદ પવાર સામે તેની જીદ ચાલી નહોતી, પરંતુ હવે ઉદ્ધવ ઠાકરે પોતાના પુત્રની જીદ સામે ઝુકે છે કે નહીં તે જોવાનું રસપ્રદ બની રહેશે.

વિધાન પરિષદ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ૧૨ મેના રોજ મતદાન થશે. મતદાન સવારે ૯.૦૦ વાગ્યાથી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી ચાલશે. તે જ દિવસે પરિણામો જાહેર કરવામાં આવશે. વિધાનસભાના સંખ્યાબળ પ્રમાણે ભાજપને છ, શિવસેનાને બે, એનસીપીને એક અને મહાવિકાસ આઘાડીને એક બેઠક પર વિજય મળશે. જો ઉદ્ધવ ઠાકરે ચૂંટણી નહીં લડે તો મહાયુતિ મોટી રમત રમશે તેવી પણ આશંકા છે.

### મીરા-ભાયંદરના

લૉજમાં લઈ જઈ ફરિયાદી સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.

ફરિયાદમાં જણાવાયું હતું કે મહિલાના ઘરે અને ઑફિસમાં પણ તેની ઇચ્છા વિરુદ્ધ આરોપીએ શરીર સંબંધ બાંધ્યો હતો. આરોપીએ લગ્નનું વચન પાળ્યું નહોતું અને પછી ઉડાઉ જવાબ આપતો હતો. પરિણામે ફરિયાદીએ મીરા રોડ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

મીરા રોડ પોલીસે શરૂઆતમાં ફરિયાદ નોંધવાનું ટાળ્યું હતું, એવો આરોપ મહિલાએ કર્યો હતો. આખરે સોમવારની મોડી રાતે પોલીસે ફરિયાદને ગંભીરતાથી લઈ નગરસેવક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. સત્તાધારી પક્ષના નગરસેવક વિરુદ્ધ ગંભીર આરોપ થતાં આ મામલો રાજકીય વર્તુળોમાં ખાસ્સો ગરમાયો હતો.

દરમિયાન મીરા રોડ પોલીસમાં ગુનો નોંધાયાના થોડા જ સમયમાં આ પ્રકરણમાં નવો ટ્વિસ્ટ આવ્યો હતો. નગરસેવકે જાતીય સતામણીનો આરોપ કરનારી મહિલા વિરુદ્ધ નવઘર પોલીસ સ્ટેશનમાં ખંડણી માગવાની ફરિયાદ કરી હતી. ખોટા ગુનામાં ફસાવવાની ધમકી આપી નાણાંની માગણી કરી હોવાનો આક્ષેપ નગરસેવકે કર્યો હતો. બન્ને ગુનામાં પોલીસ તપાસ કરી રહી છે.

### ઍનાલોગ ચીઝ

ઉમેર્યું હતું કે ગ્રાહકો ઘણીવાર અસ્પષ્ટ હોય છે કે કોણ વાસ્તવિક પનીર વાપરે છે અને કોણ ઍનાલોગ વાપરે છે.

એટલે જ, ૧ મેથી, અમે મેનુ કાર્ડ પર ઉલ્લેખ કરવાનું ફરજિયાત બનાવ્યું છે કે તમે ચીઝ એનાલોગનો ઉપયોગ કરી રહ્યા છો કે વાસ્તવિક પનીર. તમે ચીઝ ઍનાલોગને વાસ્તવિક પનીર તરીકે વેચી શકતા નથી. વાસ્તવમાં ચીઝ પનીરની અડધી કિંમતે ઍનાલોગ મળતું હોવાથી તેનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.

### કામ નહીં તો

કરવી, બધી ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા, કરાર આધારિત કર્મચારીઓને નિયમિત કરવા, કરુણાના ધોરણે રાહ જોવાની યાદીમાં લાયક ઉમેદવારોની નિમણૂક કરવી, નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષ કરવી, શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓ માટે ૧૦, ૨૦, ૩૦ ની ખાતરીપૂર્વકની પ્રગતિ યોજના લાગુ કરવી, છઠ્ઠા પગાર પંચથી કારકુની સંવર્ગના પગારમાં વિસંગતતા દૂર કરવી વગેરેનો સમાવેશ થાય છે. આ માગણીઓ માટે કર્મચારીઓ દ્વારા હડતાળનું એલાન કરવામાં આવ્યું છે.

જિલ્લા પરિષદ સાથે સંકળાયેલા કર્મચારી સંગઠનો હડતાળમાં ભાગ લઈ રહ્યા નથી. જિલ્લા પરિષદનું કામકાજ સુચારુ રીતે ચાલી રહ્યું છે. જિલ્લા પરિષદના કર્મચારી સંગઠનોને વિશ્વાસમાં લેવામાં ન આવ્યા હોવાથી, તેમણે હડતાળમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો.

### શિક્ષણ વિભાગનો

શિક્ષણને પ્રોત્સાહન મળશે તેવી અપેક્ષા છે.

ત્રીજો નિર્ણય: સતારા જિલ્લાના નાગેવાડી ખાતે આઇટી પાર્ક માટે જમીન ઉપલબ્ધ કરાવવામાં આવશે. મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમને આ માટે ૪૨.૫૫ હેક્ટર જમીન આપવામાં આવશે. આ પ્રોજેક્ટ સતારા જિલ્લા અને તેની આસપાસના વિસ્તારોમાં આઇટી ક્ષેત્રને મોટો વેગ આપશે. તે સ્થાનિક યુવાનોને રોજગાર અને વ્યવસાયની નવી તકો પૂરી પાડશે અને આર્થિક વિકાસને વેગ આપશે. મહેસૂલ વિભાગે આ સંદર્ભમાં નિર્ણય લીધો છે.

ચોથો નિર્ણય: મહત્તમ જમીન ધારણ મર્યાદાના નિયમો અનુસાર કબજેદાર વર્ગ-૨ થી કબજેદાર વર્ગ-૧ માં રૂપાંતર માટે પ્રીમિયમના પુનર્ગઠન સાથે સંબંધિત છે. મંત્રીમંડળે આ સંદર્ભમાં સૂચના જારી કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણય દર્શાવે છે કે જમીનધારકોને ન્યાયી અને પારદર્શક રીતે સુવિધાઓ મળશે. આ નિર્ણયનો અમલ મહેસૂલ વિભાગ દ્વારા પણ કરવામાં આવશે.

### વરલીમાં ભાજપની

હતા.

'અહીંથી નીકળી જાઓ, તમે ટ્રાફિક જૅમ કરી રહ્યા છો,' એવું મહિલાએ કહ્યું હતું. રેલી નજીકના ખુલ્લા મેદાનમાં કેમ ન યોજી શકાય, એમ પણ તેણે પૂછ્યું હતું.

મહાજને બુધવારે જણાવ્યું હતું કે મહિલા ઉતાવળમાં હતી અને તેના બાળકને લેવા જઇ રહી હતી. તેનો ગુસ્સો અમુક હદ સુધી વાજબી હતો, પણ તેણે અયોગ્ય ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ રેલીમાં લગભગ ૧૫,૦૦૦થી ૨૦,૦૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો, જેથી ટ્રાફિક જૅમ અનિવાર્ય હતો, એમ પણ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)

### બદલાપુર લોકલને

ટ્રેનને રોકી દીધી હતી.

જોકે ઘણા સમય સુધી ટ્રેનને રોકી દેવામાં આવ્યા પછી સેંકડો પ્રવાસીઓ ટ્રેક પર ઉતરી ગયા હતા. એક પછી એક ટ્રેન મસ્જિદ બંદર સુધી સ્ટોપ કરી દેવામાં આવી હતી. અમુક પ્રવાસીઓ ટ્રેક પર ચાલીને મસ્જિદ બંદર પહોંચ્યા હતા, જ્યારે સીએસટી જનારા પ્રવાસીઓ સ્ટેશન પહોંચ્યા હતા, પરંતુ મોટરમેનની સમસસૂચકતાથી મધ્ય રેલવે મોટી હોનારતમાંથી ઉગરી ગયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

ગામ ખરસાડ, ઉતારા ફળિયા, સ્વ. બાલુભાઈ બુચાભાઈનાં પુત્રી સવિતાબેન ટંડન (ઉ.વ. ૭૭) તા. ૧૪-૪-૨૬ના મંગળવારે શ્રીરામશરણ પામ્યાં છે. તે સ્વ. ગોપાલભાઈનાં પત્ની. હેમંતભાઈ, દિનેશભાઈ, વિશાલભાઈ, ગં.સ્વ. પ્રેરણાબેનનાં માતા. બિનલબેન, અંજનાબેન, દર્શનાબેન, સ્વ. રાકેશભાઈનાં સાસુ. સીમરન, લીશા, નીકુંજ, પરી, યુગ, અત્વીકનાં દાદી-નાની. બારમાની ક્રિયા તા. ૨૪-૪-૨૬ના શુક્રવારે સાંજે ૩ થી ૪. ઠે. ૧૯૬, ચંદુલાલ બિલ્ડિંગ, બજારગેટ, ફોર્ટ, મુંબઈ-૧.

**પાલીવાર બ્રાહ્મણ**

ગામ રવાપર (કચ્છ) હાલે મુંબઈ ઘાટકોપર નિવાસી ચંદ્રાવતી ખીમજી પાલીવાર (ઉ.વ. ૬૭) તા. ૨૧/૦૪/૨૬ને મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ખીમજી હરીશંકર પાલીવાર, સ્વ. ભાગેરથી ખીમજી પાલીવારની પુત્રી. પ્રવિણભાઈ, કંચનબેનના બેન. સ્વ. વાસંતીબેનના નણંદ. જ્યોતિ, શીલ્પા અને જયના ફઈ. દિનેશભાઈ રાજગોરના સાલી. પ્રતીક, કોમલના માસી. પ્રાર્થનાસભા તા. ૨૩/૪/૨૫ના સાંજે ૪થી ૬ વાગે રાખેલ છે. સ્થળ: બ્રાહ્મણ સમાજવાડી, એમ. જી. રોડ, ઘાટકોપર (પૂર્વ).

**કપોળ**

ફોર્ટ સોનગઢ નિવાસી સ્વ. ચંદનબેન નાનાલાલ અંબાઈદાસ મહેતાના સુપુત્ર જયંતીભાઈ (ઉ.વ. ૮૪) શનિવાર, તા. ૧૮/૪/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હંસાબેનના પતિ. ભક્તેશ, છાયા જીગ્રેશ વોરા, માયા શૈલેષ સંઘવી, નીલા ધર્મેન્દ્ર પારેખના પિતાશ્રી. ઉર્વશી ભક્તેશના સસરા. સ્વ. કૃષ્ણલાલ નાનાલાલ, સ્વ. મટુબેન હરકાંતદાસના ભાઈ. સ્વ. મણિલાલ શાહ જમાઈ, બન્ને પક્ષે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ જામસયાલા હાલ ભાયંદર, રાકેશ ભરતભાઈ મોરઝરિયા તા. ૨૦-૪-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે રમાબેન તથા ભરતભાઈ જગજીવનદાસ મોરઝરિયાના સુપુત્ર. વિશાલભાઈ, જીગ્નેશભાઈ, વિરલભાઈ અને હેમાંગીબેનના ભાઈ. રીમાબેન, કિંજલબેન, મોનિકાબેનના દિયર. દિલીપભાઈ, જયશ્રીબેન દીપકભાઈ બુદ્ધદેવ, સ્વ. મીનાબેન પ્રફુલભાઈ કડકિયાના ભત્રીજા. સ્વ. જયંતિલાલ, સ્વ. પ્રભુદાસભાઈ, હસુમુખભાઈ, સ્વ. વિનોદરાય, બાબુભાઈ, કિશોરભાઈ ગીરધરલાલ જોબનપુત્રા તથા સ્વ. પ્રભાબેન, કાંતાબેન, સ્વ. ચંપાબેન, ગીતાબેનના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૨૩-૪-૨૬ના ગુરુવારે બપોરે ૩ થી ૫. કપોળવાડી, ગીતાનગર, ફાટક રોડ, ભાયંદર વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મુંબઈ નિવાસી, કેતનભાઈ રતિલાલ કક્કડના ધર્મપત્ની અનિતાબેન (ઉ.વ. ૬૭) ૨૦/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે અંકિત તથા રિતિકા તથા સત્યાનીના માતુશ્રી. પ્રકાશના સાસુ. સ્વ. રામનાથ મગનના દીકરી. વિના ચૌધરીના બહેન. સ્વ. રતિલાલ પ્રેમજીભાઈ કક્કડના પુત્રવધૂ. પ્રાર્થનાસભા ૨૩/૪/૨૬ના ૪ થી ૬. ક્લબ હાઉસ ઇન્ટરફેશ હાઈટ્સ ઈન્ફિનિટી મોલની પાછળ મલાડ વેસ્ટ.

**ઘોઘારી દશા દિશાવાળ વણિક**

સ્વ. જયેન્દ્ર વ્રજલાલ શાહ (ઉ.વ. ૭૬) ૨૧/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ભામીનીના પતિ. દીપ તથા જયના પિતા. પાયલના સસરા. સમયના દાદા. તેમની સાદડી ૨૩/૪/૨૬ના ૪ થી ૬. કપોળવાડી, ગીતાનગર, ફાટક રોડ, ભાયંદર વેસ્ટ.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

મોઠા (હાલ બોરીવલી) નિવાસી સ્વ. પરમાણંદ ભાયશંકર પાઠક (ઉ.વ. ૮૦) તા ૨૧-૪-૨૬ મંગળવારના કૈલાસવાસી થયેલ છે. તે દેવ્યાની પરમાણંદ પાઠકના પતિ. પરાગ, નીતા, અલ્પા, હેમાલીના પિતાશ્રી. સ્વ. રળિયાતબેન ભાયશંકર મુળજીભાઈ પાઠકના પુત્ર. પ્રાર્થનાસભા તા. ૨૩/૪/૨૬ ગુરુવારના સમય ૪.૦૦ થી ૬.૦૦. સ્થળ: શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ વાડી, રતનનગર, બોરીવલી ઈસ્ટ.

**ઘોઘારી લોહાણા**

મૂળ વતન ભાવનગર હાલ નાશિક, મંજુલાબેન પ્રમોદભાઈ ઉનડકટ (ઠક્કર) તે સ્વ. પ્રમોદભાઈ જયંતિલાલ ઉનડકટના ધર્મપત્ની. સંજયભાઈ તથા મુકેશભાઈના માતુશ્રી. રંજનબેન તથા ડિમ્પલબેનના સાસુમા. રીટાબેન પ્રવિણભાઇ મજીઠીયા, નીતાબેન યોગેશભાઈ પોન્ડા, મીનાબેન બકુલભાઈ રવાની, ઈલાબેન હરીશભાઈ પોપટના માતુશ્રી, અમીતા, અંજલી, મયંકના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૨૩/૪/૨૬ ગુરુવારના સાંજે ૫:૦૦ થી ૬:૩૦. સ્થળ: કચ્છી લોહાણા મહાજનવાડી, પંચવટી નાશિક.

**ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

વસઈ નિવાસી, સ્વ. સુરેશભાઈ નાનુભાઈ શુક્લના પત્ની ગં.સ્વ. માલતીબેન (ઉ.વ. ૭૭) તા. ૨૧-૪-૨૬ના દેવલોક પામ્યા છે. તે ઉષાબેન અને દીપકભાઈના માતા. ભદ્રેશભાઈ અને જીજ્ઞાબેનના સાસુ. સ્વ. જયંતિલાલ ગૌરીશંકર પંડ્યાના પુત્રી. નિરંજનભાઈ જયંતિલાલ પંડ્યાના બહેન. ઈશિકા અને વત્સલના નાની. શિવાયના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાતી લાડ વણિક**

ઇન્દ્રવદન હરકિસનદાસ મહેતા (મોરસાવાળા) (ઉ.વ. ૯૨) તે સ્વ. ચારૂબેનના પતિ. સ્વ. જસવંતી-હરકિસનદાસ મોરસાવાળાના પુત્ર. સ્વ. તારાબેન-હરકિસનદાસ ઝવેરી (સેઠના)ના જમાઈ. જલ્પા-ક્ષેષાના પિતા. કલ્પેશ ધારિઆ- રાકેશ ધારિઆના સસરા. સ્વ. પ્રતિમાબેન ધીરજલાલ, અરુણભાઈ તથા રંજનબેન વિનોદચંદ્રના ભાઈ તા. ૧૯/૪/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિકપ્રથા બંધ છે.

**વિસલનગરા નાગર ગૃહસ્થ**

નારદીપુર નિવાસી હાલ વસઈ, કેતન ચીનુભાઈ ભટ્ટ (ઉ.વ. ૬૪) ૨૦/૪/૨૬, સોમવારના હાટકેશશરણ પામ્યા છે. તે સ્વ. ચીનુભાઈ ચીમનલાલ ભટ્ટ, સ્વ. ચંપાબેન ભટ્ટના પુત્ર. હર્ષાના પતિ. પાર્થ અને મૈત્રીના પિતા. ડૉ. રીના અને નિરવ ગાર્ડીના સસરા. મહીન અને અ. સૌ. તેજલ પંડિતના ભાઈ. ધરિતના કાકા. તેમનું બેસણું રવિવાર, ૨૬/૪/૨૬ના રોજ સાંજે ૫ થી ૬ ઓનલાઈન રાખેલ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બસીયા બ્રાહ્મણ સમાજ**

મેહ્રાસણ નિવાસી હાલ મુંબઈ, અતુલકુમાર ભટ્ટ (ઉ.વ. ૬૦) તે ગં.સ્વ. કંચનબેન અને સ્વ. હસમુખલાલ ચીમનલાલ ભટ્ટના પુત્ર. છાયાબેનના પતિ. ધ્વનિક અને પલકબેનના પિતા. આયુશકુમાર કોઠારીના સસરા. પીનુબેન, સુરભીબેન અને ફાલ્ગુનીબેનના ભાઈ. પિયરપક્ષે ગં.સ્વ. નીરમલાબેન અને સ્વ. ગોરીશંકર ધીરજલાલ આચાર્યના જમાઈ તા. ૧૯-૪-૨૬ને રવિવારના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા રાખવામાં આવી નથી. ઉત્તરક્રિયા મુંબઈ મુકામે રાખવામાં આવી છે.

**દસનામ ગોસ્વામી**

ગામ મોટા લાયજા -કચ્છ, હાલે મીરા રોડ, રીટાબેન રામપુરી ગોસ્વામી (ઉ.વ. ૪૭) તે સ્વ. દેવકાબેન ગંગાપુરીના પૌત્રી. ધનલક્ષ્મીબેન રામપુરીના પુત્રી. મિત રીટા ગોસ્વામીના માતૃશ્રી. ચેતનપુરી, ભાવેશપુરી અને જ્યોતિબેન યતીનભાઈ ગોરજી (ભુજ)ના બહેન. સ્વ. વિજયાબેન રસિકગીરી ભુજના દોહિત્રી. દિપકગીરી અને સુરેશગીરીના ભાણેજી તા. ૨૦-૪-૨૬ના કૈલાસવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૬ શુક્રવારના સાંજે ૪ થી ૬. બાપ્પા સીતારામ સેવા સંસ્થા, ઇન્દ્રપ્રસ્થ બિલ્ડીંગની સામે, ઐયપ્પા મંદિરની પાછળ, પૂનમ વિહાર, મીરા રોડ પૂર્વ.

**બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

ગામ ઉમરેઠ, હાલ મુંબઈ કિર્તીકુમાર કાંતિલાલ પંડ્યાના ધર્મપત્ની ગીતા કીર્તિકુમાર પંડ્યા (ઉ.વ. ૭૬) તા. ૨૦-૪- ૨૬ના ધામમાં પધાર્યા છે. તે સ્વર્ગસ્થ શ્રી કાંતિલાલ નર્ભે શંકર પંડ્યાના પુત્રવધૂ. સ્વર્ગસ્થ શ્રી મનુભાઈ મણીલાલ ભટ્ટના સુપુત્રી. દિવ્યાંગ તથા હીતલના માતૃશ્રી. ઈરાના દાદી. પ્રાર્થના સભા તા. ૨૪-૪-૨૬ના શુક્રવાર, સમય ૫.૦૦ થી ૭.૦૦. સ્થળ: બ્રજ મંડલ હોલ, એ.આર. રંગનેકર રોડ, ઓપ્પ. મર્ચન્ટ ક્લબ, નિયર ભાવન્સ કોલેજ, ચૌપાટી, મુંબઈ-૭.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામ ખંભાળિયા હાલ કલ્યાણ ભરતભાઈ ગિરધરદાસ પંચમતીયા (ઉ.વ. ૭૦) તા. ૨૦-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે નર્મદાબેન ગિરધરદાસ પંચમતીયાના પુત્ર. ગં. સ્વ. રમીલાબેનના પતિ. કિરણભાઈ, મિત્તલ હિતેશકુમાર રૂઘાણી, માનસી વિરેનકુમાર રૂઘાણીના પિતા. સૌ. કાજલબેનના સસરા. સૌ. જયોત્સનાબેન હસમુખલાલ રાજા, સ્વ. રાજેશ ગિરધરલાલ પંચમતીયાના ભાઈ. સ્વ. ગોરધનદાસ લીલાધર વિઠલાણીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૪-૨૬ના સાંજે ૪ થી ૬ લોહાણા મહાજન વાડી, આગ્રા રોડ, કલ્યાણ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા સારસ્વત બ્રાહ્મણ**

માંગરોળ નિવાસી હાલ મુંબઈ વાલકેશ્વર સ્વ. ઈન્દુકુમાર હરજીવન જોષી (ઉ.વ. ૭૮) તા. ૨૦-૪-૨૬, સોમવારના કૈલાસવાસી થયા છે. તે કલ્પનાબેનના પતિ. ગં. સ્વ. જશવંતીબેનના દિયર. સ્વ. સ્મિતેષભાઈ, સૌ. દિપ્તીબેન ભટ્ટ (ગોંડલ)ના પિતા. રાખીબેન, કેતનકુમારના સસરા. ભારતીબેન, અજયભાઈ, નિલાંજભાઈ, જીજ્ઞાસાબહેનના કાકા. વિરાજ, સોહમના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૩-૪-૨૬, ગુરુવારના સાંજે ૪ થી ૫ તેમના નિવાસસ્થાન વાલકેશ્વર ખાતે રાખેલ છે.

**પાટણ દશા દિશાવાળ**

જીજ્ઞેશ મધુસૂદન શાહ (ઉ.વ. ૫૩) (મૂળ પાટણ, હાલ બોરીવલી) તા. ૨૦-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. રેણુકાબેન મધુસૂદનભાઈ શાહના પુત્ર. નેહલના પતિ. મીત, અનુજના પિતા. લીના, પિંકી, દર્શનના ભાઈ. દિનાબેન પ્રવીણભાઈ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૪-૨૬ના લોટસ બેન્કવેટ, રઘુલીલા મોલ, કાંદિવલી (પશ્ચિમ) ખાતે સાંજે ૫ થી ૭.

**ઘોઘારી લોહાણા**

મૂળ ભાવનગરના હાલ અંધેરી (વેસ્ટ) કિરણકુમાર નંદલાલ વસાણી (ઉ.વ. ૭૯) તે સ્વ. મુકતાબેન નંદલાલ વસાણીના પુત્ર. સ્વ. અનિલાના પતિ. દીપા હિતેન સેજપાલ,અક્ષિતના પિતા. સ્વ. કુંતાલક્ષ્મી તન્ના, સ્વ. ધનલક્ષ્મી અઢિયા, સ્વ. જસવંતી ઠક્કર, સ્વ. ચારૂલતા મસરાણીના ભાઈ. ગંગાબેન લિલાધર કાપડીયાના જમાઈ. હિતેન, પ્રેરણાના સસરા તા. ૧૯-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

પરસી દીનયાર અમરોલીયા તે મરહુમ ડૉ. દીનયારના ધન્યાણી. તે મરહુમો વીલુ સાવકશા ભેસાનીયાના દીકરી. તે ફરઝીન ને રોકસનના માતાજી. તે કેરસી ને મરહુમ સીલ્લુ ને મેહરુના બહેન. તે ઓપલ, દરીયસ, અઝમીનાના બપઈજી. (ઉ.વ. ૮૨). રહેવાનું ઠેકાણું: કેલાગરી એલબરતો કેનેડા - ટોરોન્ટો. ૯૭ - એદલવાઈઝ પોઈન્ટ, એન.ડબ્લ્યુ.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કુંદરોડીના માતુશ્રી જવેરબેન નાનજી લાપસીયા (ઉ.વ. ૯૧) તા. ૧૯-૪-૨૬ના અરિહંત શરણ પામેલ છે. લક્ષ્મીબેન લધુ કુંવરજીના પુત્રવધૂ. સ્વ. નાનજીના ધર્મપત્ની. રમીલા, નીતા, દિલીપ, ચેતન, મનીષના માતુશ્રી. સાડાઉના ગોમીબેન મુરજી દેઢિયાના પુત્રી. શામજી, લાછબાઇ, કસ્તુરના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિલીપ લાપસીયા, ૪૦૧, કાંદબરી, એમ.જી. રોડ, ગોરેગામ (વે).

**દશા શ્રીમાળી સ્થા જૈન**

વડીયા દેવડી નિવાસી હાલ જુહુ સ્કીમ, લીલાધર પાનાચંદ શેઠ (ઉ.વ. ૮૮) તા. ૧૮-૪-૨૬ના દેહ પરિવર્તન પામેલ છે. તે સ્વ. વ્રજકુંવરબેન પાનાચંદ શેઠના સુપુત્ર. રંજનબેનના પતિ. તેજલ, બીજલ, ઋત્વા કેતન શાહ તથા રૂચા કાર્તિક મેંડાના પિતા. સ્વ. ધીરજલાલભાઈ, સ્વ. ભાનુભાઈ, સ્વ. દયાબેન, સ્વ. મંજુલાબેન, વિનોદભાઈ અને દિનેશભાઈના ભાઈ. કેરીયા ચાડ નિવાસી સ્વ. જયાબેન રામજીભાઈ ઘેલાણીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૬ શુક્રવારના ૫ થી ૭. વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સાકરલાલ જગજીવનદાસ જસાણીના પુત્ર સ્વ. વસંતરાયના ધર્મપત્ની ધનલક્ષ્મીબેન (ઉ.વ. ૯૩) મંગળવાર, તા. ૨૧/૪/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેન જીતેન્દ્રકુમાર બાવીસી, દિનેશના માતૃશ્રી. પૂનમના સાસુ. ઋષભના દાદી. સ્વ. રમણીકભાઈ, સ્વ. જશવંતભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, ભારતીબેન પ્રવીણચંદ્ર તથા અરવિંદભાઈના ભાભી. સ્વ. હરગોવિંદદાસ જીવનલાલ સરવૈયાની પુત્રી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ તીલકનગર - ચેમ્બુર શશીકાંત ચંપકલાલ શાહ (ઉ.વ. ૭૯) બુધવાર, તા. ૨૨-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કાંતાબેન ચંપકલાલ શાહના પુત્ર. મીનાબેનના પતિ. ફોરમ-નીરવ, તેજલ-જિતેન્દ્ર સંઘવીના પિતાશ્રી. સરોજબેન, અનિલાબેન, મિલનભાઈના ભાઈ. જયંતીલાલ મનસુખલાલ શાહના જમાઈ. અશોકભાઈ, વર્ષાબેન-નરેન્દ્રભાઈ શાહ, રૂપાબેન મહેન્દ્રભાઈ વોરાના બનેવી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# હું એક ખાનદાન ઘરની પુત્રવધૂ બનીને જીવવા માગતી હતી

(ભાગ: ૬)

નામ: બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)
સમય: ૩૦ ઓક્ટોબર, ૧૯૭૪
સ્થળ: (વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ) અમદાવાદ
ઉંમર: ૬૦ વર્ષ

**અમદાવાદના** કાર્યક્રમ માટે નીકળી ત્યારે જ મારા શૌહર અબ્બાસી સાહેબે મને રોકી હતી... બીજું કોઈ કારણ નહીં, ફક્ત મારી તબિયતની ચિંતા હતી એમને, પણ હું માની નહીં... આમ હું એમની દરેક વાત માનતી, એક ફરમા બરદાર બીવી હતી. અમે લગ્ન કર્યાં ત્યારે એવું નક્કી થયું હતું કે હું મહેફિલમાં નહીં ગાઉં. અમ્મીને આ વાત નહોતી ગમી, પણ સાથે જ અમ્મી જાણતાં હતાં કે, મારે માટે એક ઈજ્જતદાર ખાનદાનની દુલ્હન બનવું કેટલું મહત્ત્વનું હતું! સંગીત મારે માટે પ્રાણ સમાન હતું, પરંતુ એની સામે હું આખી જિંદગી મહેફિલ સજાવી નહીં શકું એ વાતની મને ખબર હતી. લખનઊની અનેક તવાયફોને મેં પાછલી ઉંમરે એડીઓ રગળતા જોઈ હતી. એમની પાસે શોહરત ભલે હોય, પણ ઈજ્જત માટેના એમના વલખા ક્યારેક દયા આવે એવા બની જતા. હું એક ખાનદાન ઘરની પુત્રવધૂ બનીને જીવવા માગતી હતી અને એ માટે 'કંઈ પણ છોડવા તૈયાર હતી' એવામાં એક દિવસ મારી ગાડીને અકસ્માત થયો... સહુ ગભરાઈ ગયા એટલે નજીકમાં આવેલા અબ્બાસી ખાનદાનના 'મતિન મંઝિલ' નામના ઘરમાં મને લઈ જવામાં આવી. અબ્બાસી સાહેબ અમારા પુરાના કદરદાન હતા, પરંતુ એમના લખનઊના ઘેર જવાનો પ્રસંગ પહેલાં ક્યારેય બન્યો નહોતો. બહુ સ્વાભાવિક રીતે જ મને જનાનામાં કોઈ લઈ જતું નહીં, એટલે અહીં પણ મને દીવાનખાનામાં, મર્દાનામાં બેસાડવામાં આવી. પાણી, શરબત અને ડોક્ટર સુધીની વ્યવસ્થા થઈ ગઈ ત્યારે પહેલીવાર એમના પુત્ર ઈશ્તિયાક અહેમદ અબ્બાસી સાથે મારી ઓળખાણ થઈ. કાકોરીના જમીનદારનો દીકરો ઈંગ્લેન્ડ ભણીને આવ્યા હતા અહીં, લખનઊમાં એકલા રહેતા હતા એવી મને ત્યારે જ ખબર પડી. તમીઝ, તહેઝીબ અને ખાનદાની રહેનસહેનની સાથે સાથે એને વાંચન અને સંગીતનો પણ શોખ હતો. એમની પહેલી પત્ની મરી ગઈ હતી. શરીફ અને ખુશમિજાજ અબ્બાસી સાહેબના ઘરે અમે ખાસ્સો સમય વિતાવ્યો, પછી હું ઘરે જવા નીકળી ત્યારે એમણે પૂછ્યું, હવે ફરી ક્યારે અકસ્માત થશે? હું હસી, મારે માટે કોઈ પુરુષનું મારા પર ફીદા થઈ જવું એ બહુ નવી કે નવાઈની વાત નહોતી, પરંતુ અબ્બાસી સાહેબે જે રીતે ઓળખાણ વધારી એ મારે માટે થોડું નવું હતું. એ કદી મારી મહેફિલોમાં આવતા નહીં બલ્કે, કોઈ ઓળખીતાને ત્યાં, કોમન મિત્રોને ત્યાં, દાવતનું આયોજન કરીને મને ત્યાં મળવાનો પ્રયત્ન કરતા. જ્યારે મળતા ત્યારે અમારી વચ્ચે ખૂબ વાતો થતી ને દરેક વખતે એ પૂછતા, 'ફરી ક્યારે મળીશું?' અબ્બાસી સાહેબને કારણે મારે એવી ઘણી સ્ત્રીઓ સાથે ઓળખાણ થઈ જેમના જનાનામાં હું જવા-આવવા લાગી. આ બધી સ્ત્રીઓ ધીરે ધીરે મારી મિત્રો બની અને જ્યારે અમારી વચ્ચે એક વાર લગ્નની વાત નીકળી ત્યારે મેં મારું સપનું, મારા જીવનના ધ્યેય વિશે એમને કહ્યું, હું કોઈ એક વ્યક્તિ સાથે લગ્ન કરીને ઠરીઠામ થવા માગું છું, તવાયફની જિંદગી વિતાવવા નથી માગતી એ વાત જાણ્યા પછી આ સ્ત્રીઓ અબ્બાસી સાહેબ સાથે મારા નિકાહનો પ્લાન બનાવવા લાગી. ૧૯૪૪માં અબ્બાસી સાહેબના એક પારિવારિક મિત્રને ત્યાં કાઝી બોલાવીને અમે ખાનગીમાં લગ્ન કરી લીધા. હું જાણતી હતી કે જો હું લગ્નની વાત અમ્મીને જણાવીશ તો એ કોઈને કોઈ રીતે મને સમજાવીને આ લગ્ન કરતા રોકશે. આ પહેલાં પણ એક-બે વાર આવું થઈ ચૂક્યું હતું એટલે આ વખતે હું કોઈ ચાન્સ લેવા નહોતી માગતી...

મારી અમ્મી કોઈ ખરાબ વ્યક્તિ, લુચ્ચી કે સ્વાર્થી મા નહોતી, પણ એને એવો સતત ભય હતો કે, મારી સાથે લગ્ન કરનાર વ્યક્તિને એક વાર હું મળી જઈશ પછી એ મારી ઈજ્જત નહીં કરે અને લગ્ન નહીં ટકે. એ ઉપરાંત એક તવાયફની સાથે લગ્ન કરીને થોડો વખતમાં મન ભરાઈ જાય તો એ ખાનદાની નવાબ કે જમીનદારને બીજી, ત્રીજી બીવી કરતા કોઈ રોકી શકે નહીં... ને પછી, ખાનદાની બીવી લઈ આવનાર જમીનદાર મારા જેવી તવાયફને ક્યાંક પાછળ કે જુદું મકાન


બેગમ અખ્તર

આપીને ભૂલી જાય એ વાતે મારી અમ્મી બહુ ડરતી હતી. જે દિવસે અમ્મીને ખબર પડી કે મેં નિકાહ કરી લીધા છે એ દિવસે જરાય ઊહાપોહ કર્યા વગર મારી અમ્મીએ લગ્ન સ્વીકારી લીધા એટલું જ નહીં, અબ્બાસી સાહેબની શરત સામે અમ્મીએ ઉફ પણ ન કર્યું. એણે પૂરા આનંદથી મને મતિન મંઝિલ શિફ્ટ થવા દીધી. હું મારા સાઝો સામાન સાથે મતિન મંઝિલ શિફ્ટ થતી હતી ત્યારે અમ્મીએ પૂછ્યું, 'તુમ્હે, તુમ્હે બાજા નહીં લે જાના?' મેં હાર્મોનિયમ પણ ગાડીમાં મુકાવ્યું. મતિન મંઝિલ પહોંચીને જ્યારે મેં હાર્મોનિયમ ઉતરાવ્યું ત્યારે અબ્બાસી સાહેબે પૂછ્યું, 'તો અબ ભી ગાઓગી?'

'હા, આપકે લિયે.' મેં કહ્યું. એ હસી પડ્યા, પણ મને ખબર હતી કે હવે મારે સંગીતથી દૂર થવાનું છે. મારા વિશે લખાયેલા ઘણા લેખોમાં એવું કહેવામાં આવ્યું કે, ઈજ્જતદાર બીવી બનવા માટે મેં મારી ઈચ્છા વિરુદ્ધ ગાવાનું છોડ્યું, પરંતુ આ સત્ય નથી. એ સમયે તવાયફોને પહેલા જેવી ઈજ્જત નહોતી મળતી. વળી, અંગ્રેજી હકૂમતની સામે તવાયફોને વેશ્યાની કેટેગરીમાં મૂકવામાં આવતી હતી. હું સંગીત નહીં સમજતા નવા નવા અમીર થયેલા લોકોના પૈસા સામે ઝૂકીને કોઈ વસ્તુ બનીને ખરીદવેચાણ થાય એને બદલે એક સારા ઘરમાં સારી દેવી બનીને ગોઠવાઈ ગઈ હતી. હું શિદ્દતથી અબ્બાસી સાહેબ સાથે નિકાહ કરવા માગતી હતી, અને એ માટે જે કરવું પડે એ કરવા મારી ઈચ્છાથી તૈયાર હતી.

સાચું પૂછો તો, અબ્બાસી સાહેબે મને ક્યારેય કોઈ ચીજ માટે રોકી નથી. મારા પુરાના મિત્રો સાથેની મારી મહેફિલ, શરાબ પીવી, ક્યારેક સિગરેટનો દમ મારી લેવો કે મિત્રોની મહેફિલમાં ગાવા-બજાવા સામે એમને ક્યારેય વાંધો નહોતો. મેં જ્યારે જે ફેંસલા લીધા એમાં અબ્બાસી સાહેબ મારી સાથે જ રહ્યા. એમણે મને ઈજ્જત જ નહીં, ખૂબ પ્રેમ અને સ્વીકાર સાથે બીવી બનાવી ને જીવનભર નિભાવી.

મેં પણ મતિન મંઝિલને મારું ઘર બનાવવાની બહુ કોશિશ કરી, પણ અહીંનું વાતાવરણ મારે માટે સહજ નહોતું. અબ્બાસી સાહેબની અમ્મી, એમના બીજા રિશ્તેદાર માટે હું 'તવાયફ' જ હતી. અમ્મી જ્યારે જ્યારે અહીંયા આવતા ત્યારે હું એમની સેવા કરવાનો પૂરો પ્રયાસ કરતી, પણ એમને મારી સાથે બેસવું ગમતું નહીં. આ મકાન અબ્બાસી સાહેબનું નહોતું. એમને એમની પ્રથમ પત્નીના પિતા તરફથી દહેજમાં મળ્યું હતું. એમની પહેલી બીવીના પિતા, અબ્બાસી સાહેબના ફુઆ હતા, એટલે અબ્બાસી સાહેબ પણ સંપૂર્ણપણે પોતાની ઈચ્છા મુજબ આ ઘરમાં જીવી શકે એમ નહોતા.

હું જ્યારે જ્યારે 'અખ્તર મંઝિલ' જતી ત્યારે મારી પુરાની જિંદગી એક વાર આળસ મરડીને જાગી જતી. મારે મારા મિત્રોને અહીં જ બોલાવવા પડતા. અહીંથી હું સીધી બહાર જઈ શકતી. મારી ખુશદિલી જીવી શકતી... પણ, અખ્તર મંઝિલ રોજ જવું શક્ય નહોતું. મને ધીરે ધીરે સમજાવવા લાગ્યું હતું કે ઈજ્જતદારીની બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે. અબ્બાસી સાહેબ મારી મૂંઝવણ અને ગૂંચવણ બંને સમજતા હતા, એટલે એક દિવસ જ્યારે એમની સાથે વાત કરી ત્યારે એમણે કહ્યું, 'હું એ જ અખ્તરને પ્રેમ કરું છું જે મને પહેલીવાર મળી હતી. આવી દબાયેલી, બુઝાયેલી અખ્તર મને પણ પીડા આપે છે.'

એમની મંજૂરીથી મેં હેવલોક રોડ પર એક મકાન ખરીદ્યું. જે મારા શૌહરના નામે હતું. હવે અહીં મારા મિત્રોને બોલાવી શકતી. મને ફાવે ત્યારે બહાર જઈ શકતી. મને જે રીતે જીવવું હોય એ રીતે જીવી શકતી. સાચું પૂછો તો અબ્બાસી સાહેબ પોતે પણ અહીં મુક્તિ અને આઝાદીનો શ્વાસ લેતા હતા. જોકે, મારા નવા ઘરમાં હજી પણ જનાના-મર્દાના અલગ હતું જે, અબ્બાસી સાહેબની ઈચ્છા મુજબ ગોઠવવામાં આવ્યું. ૧૯૫૦ના દશકની શરૂઆતમાં મેં ગન્ડો બાંધીને બે સાગિર બનાવ્યા. શાંતિ હીરાનંદ અને અંજલિ બેનર્જી. સંગીત ગુરૂનું પદ પામીને મેં પુરુષોના વર્ચસ્વને તોડ્યું. હવે હું સ્વયં સંગીત ઉસ્તાદ બની શકી. શાંતિ અને અંજલિ લગભગ મારી સાથે જ રહેવા લાગ્યાં... મતિન મંઝિલમાં આ કદીય શક્ય ન બન્યું હોત. શાંતિએ (હું એને બિટ્ટન અથવા શન્નો કહેતી હતી) એના એક ઈન્ટરવ્યૂમાં અમારા મજાના સંબંધો વિશે લખ્યું છે, 'અબ્બાસી સાહેબના ગયા પછી ઘરમાં વાજુ બહાર નીકળતું. અબ્બાસી સાહેબના નાસ્તા અને સવારના રૂટિનનો ખ્યાલ અમ્મી ખુદ રાખતી. અબ્બાસી સાહેબ નાસ્તો કર્યા વગર ઘરની બહાર નીકળે તો અમ્મી અપસેટ થઈ જતી. અબ્બુ કોઈવાર એમની સાથે નોકજોક કરે, ગુસ્સો કરે તો અમ્મીના ચહેરા પર સ્મિત રહેતું. એમણે અમ્મીને ઈજ્જતથી બેગમ બનાવી, એ વાત પર અમ્મી સર્વસ્વ કુરબાન કરી બેઠી હતી. બંનેમાં શાઈસ્તદી અને પ્રેમ હતો. અમ્મી ક્યારેક ગુસ્સે થતી ત્યારે અબ્બુ એને હસાવી નાખતા... સાચું પૂછો તો એમના લગ્ન એકબીજા માટે કુરબાન થઈ જવાની એક એવી રિલેશનશિપ હતી જેને વિશે લખવું કે સમજાવવું અઘરું છે.' (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# આ જા ફસા જા...




'આમ જરાક ગબડી પડ્યા એમાં આટલા બરાડા શું કામ પાડો છો? અમે તો ઘર સાફ કરતાં કરતાં વર્ષમાં ચાર-પાંચ વાર પડીએ છીએ અને તોય બરાડા પાડતાં નથી...'

મોહનભાઈના કણસાટ સામે રમાબહેને આંખ આડા કાન કરતાં એમના હાથમાં આઇસ બેગ પકડાવીને કહ્યું,

'હવે અહીંથી ઊભા થઈને ખાટલા ઉપર સૂઈ જાવ.'

'પણ રમા, મારાથી તો ખસાતું પણ નથી. તો પછી ખાટલા ઉપર ક્યાંથી ચડવાનો?' હવે રમાના હાથમાં દાવ હતો એટલે વ્યંગમાં બોલી,

'વિચાર કરો. આ હિસાબે હું પડેલી ત્યારે પગ ભાંગી ગયેલો અને મેં ચાર ગામ સુધી સંભળાય એટલા બરાડા પાડેલા. ગામે ગામના લોક ખબર લેવા દોડી આવેલા, પણ તમારા પેટનું પાણી સુધ્ધાં હાલ્યું નહોતું. એક બરફનો ટુકડો સુધ્ધાં આપ્યો નહોતો. ઊલટાનું તમારી માતાશ્રી અને તમે મારા હાથમાં મહેમાન માટે શું શું બનાવવાનું છે એનું લિસ્ટ થમાવેલું. ગામ આખાના લોકોની આંખોમાં પાણી આવી ગયાં હતાં અને હા, સાંભળી લ્યો, તમે પડી ગયા છો એ વાત ફોન કરી કરીને ગામ આખાને કહેતા નહીં. નહીંતર તમારાં દસ-બાર ડઝન સગાંવહાલાં એક બે અઠવાડિયા રહેવાય તેમ ધામા નાખશે... હવે કોઈને રાંધી રાંધીને ચાર ટાઇમ ખવડાવવાની તાકાત અમારામાં રહી નથી.'

મોહનભાઈએ તો દુખાવો સહન થતો નહોતો અને ઉપરથી રમાબહેનનું ભાષણ સાંભળી પેઇન કિલર અને ઊંઘવાની ગોળી લઈ લીધી હતી. પણ કામવાળી જેનું નામ! રમાબહેન જે ન કરવાનું કહે તે અવશ્ય કરનારી અતિ આજ્ઞાંકિત દાસી હતી. એટલે વાત લગભગ અડધા કલાકમાં ગામ આખામાં પ્રસરી ગઈ...

'પડોશી જ પહેલો સગો' કહેવાય રમાબહેન. એટલે તમે ભલે છુપાવો પણ અમારે તો અમારો ધર્મ બજાવવાનો કે નહીં? તમે ભલે અમારી સેવા ના લેશો, પણ અમે તો દુઃખમાં સૌથી પહેલાં તમને જ બોલાવશું. સમજ્યાં? તમે તો મોહનભાઈની સેવામાં રાધ્યું નહીં જ હોય. લો, આ ઢોકળાં બનાવેલાં છે એ ખવરાવજો ને ખાજો. જરા જીવને સારું લાગશે.' એક પાડોશીએ આવીને કહ્યું. ત્યાં જમણી બાજુના પડોશીઓનું આખું ઘર એમની ત્રણે પેઢીને લઈને આવી ધમક્યું. એમાં એમનાં બીજી પેઢીનાં બે ટાબરિયાં મોહનભાઈના પલંગ નીચે સંતાયા અને એક ટાબરિયો ધડામ દઈને મોહનભાઈના પલંગમાં ચડીને, 'અંકલ, તમને શું વાગ્યું? અંકલ, આ શું મૂક્યું છે પગ ઉપર?'

એ ટાબરિયાને પકડીને ખાટલાની નીચે ઉતારવા જતાં મોહનભાઈની ખરેખરની ચીસ પૂરા જોશમાં ગામ આખામાં પ્રસરી ગઈ. એકે દોડીને ઘૂંટણ તપાસ્યો તો તરબૂચ જેવો ફૂલેલો અને લાલઘૂમ... સહેજ અડક્યો ને ફરી એક ભયંકર ચીસ!

'રમાબહેન, આ કેસ આઇસ બેગ મૂકી રાખવાનો નથી.' અને તરત ચોથા ઘરનાં હાડકાનાં સર્જનને બોલાવ્યા. ત્રણ કલાકે સર્જરી પતાવી ડૉક્ટર આવ્યા અને સીધા શહેર ભેગા કરો એવું સૂચન આવ્યું.

'આટલો વખત બધા દરબાર ભરીને કેમ બેસી રહ્યાં હતાં? અંદરના હાડકાં ભાંગ્યાં છે અને લોહી અંદર જામ થઈ ગયું છે.'

'પણ ડૉક્ટર, એવું કેવી રીતે બને?'

'રમાબહેન, તમે ડોક્ટર છો કે હું?'

'તમે જ વળી. પણ આ તો હું ચાર-પાંચ વાર એમના કરતાં પણ વધુ ઊંચાઈએથી પડી છું. પણ આઇસ બેગથી જ સારી થઈ ગઈ હતી.'

ડૉક્ટર ફરી ગુસ્સે થયા. 'રમાબહેન, આપણે મોહનભાઈને તમે જ્યાંથી ગબડ્યા હતાં ત્યાંથી ફરી ગબડાવીને જોવું છે કે પછી તરત સુરતની હૉસ્પિટલમાં સર્જરી કરાવવી છે? કે પછી હાડવૈદને બોલાવી પાટા બંધાવવા છે? આ તમારાં કુટુંબીજનો ને પડોશીઓ મળીને સુરત ભેગાં જલદી થાવ તો સારું.'

એમ કહી ડૉક્ટર તો ગયા અને મોહનભાઈની ચીસો ફરી શરૂ થઈ.

'પહેલો સગો પડોશી.' એમ બોલનાર મહેશભાઈ તરફ જોઈને રમાબહેન બોલ્યાં, 'મહેશભાઈ, તમારી મોટી ગાડીમાં આપણે લઈ જઈએ તો કેવું?'

તતફફ કરતા મહેશભાઈ બોલ્યા : 'એક ટીપું પેટ્રોલ નથી. નહીંતર હું તમારી કહેવાની રાહ જોઉં ખરો?'

ત્યાં બીજા પડોશી બોલ્યાઃ 'પેટ્રોલ તો હું એક્સ્ટ્રા લાવ્યો જ છું મારી વાડીના પંપ માટે. હું હમણાં આખો કેરબો લઈને આવ્યો.'

ત્યાં એમનાં બધા ટાબરિયાં : 'દાદા, અમે પણ તમારી નવી કારમાં સુરત મેળો જોવા આવવાનાં...!'

બાળકોની વાતે મોહનભાઈથી ચીસ નીકળી ગઈ. 'નહીં... આ ટાબરિયાં રે... નહીં. મારા પગ ઉપર કૂદશે...'

ત્યાં કામવાળી આવીને બરાડી, 'આ વાહી ઢોકળાં મને ઘરે લઈ જવા આપ્યાં. એ તો હાવ બગડેલાં છે. અને આ હું... રમાબહેનને હો ખાવા આપ્યાં. તે ઘરમાં એક ખાટલો તો છે, એની હાથે બીજો ખાટલો હો પાડવાનો છે?'

રમાબહેન બોલે તો પણ શું બોલે. જેમણે ઢોકળાં આપ્યાં છે, એમની કાર જ મોહનભાઈને હૉસ્પિટલ ભેગા કરવાની છે. એટલે મેરી ભી ચૂપ ઓર તેરી ભી ચૂપ! બાકી આ પડોશી ધર્મ તો ભાઈ... તોબા! તોબા! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com


# કથા એક તરુણ હેકરની...

**મધરાતે** બે વાગ્યા છે. લોકો ઘરોમાં ઘસઘસાટ ઊંઘી રહ્યાં છે. ત્યારે ટચૂકડાં એવાં ફિનલેન્ડ દેશના એક નાનકડાં રૂમમાં કમ્પ્યુટર સ્ક્રીનની બ્લુ લાઈટ પંદરેક વર્ષના છોકરાના ચહેરા પર ચમકી ઊઠી, જે એના કી-બોર્ડ વડે અમુક બટન્સ દબાવી દુનિયાના સૌથી તાકતવર ગણાંતા લોકોની ઊંઘ હરામ કરવાની તૈયારી કરી રહ્યો હતો.

આ છોકરો એટલે જૂલિયસ ક્વિમ્કી. એ ઈન્ટરનેટના સૌથી ખતરનાક અને નિર્દયી હેકર તરીકે જાણીતો બનેલો. એક એવું નામ, જેણે પોતાની ટીનએજમાં ડિજિટલ દુનિયાને ઘમરોળી નાખી. એણે એવો હાહાકાર મચાવ્યો જેની કલ્પનાં મોટી-મોટી સુરક્ષા એજન્સીઓએ પણ નહોતી કરી.

જે ઉંમરે બાળકો સ્કૂલ હોમવર્ક કે પછી વીડિયો ગેમ્સમાં ગોથે ચડેલા હોય, એ સમયે જૂલિયસ દુનિયાની દિગ્ગજ ટેક્નોલોજીકલ કંપનીઓ તેમજ અરબપતિઓના અભેદ્ય મનાતા સાયબર કિલ્લાઓમાં બાકોરા પાડી રહ્યો હતો. એનું મગજ શતરંજના ખેલાડી જેવું હતું. તેના માટે ઈન્ટરનેટ કોઈ સેવા નહીં, પરંતુ રમતનું મેદાન હતું અને દુનિયા આખીમાં ફેલાયેલા એના પ્યાદાં. નાનપણથી જ એને માણસ કરતાં મશીનની ભાષા વધુ સમજમાં આવતી. ટીનએજ આવતાં એને કોડિંગની તાકાત સમજાય ગયેલી. જૂલિયસે નવું નામ ધારણ કર્યું. એ હવે 'જીકીલ' બની નીકળી પડ્યો વર્ચ્યુઅલ દુનિયામાં પોતાનો સિક્કો જમાવવા. એનું સૌથી મોટું હથિયાર હતું નીડરતા.એને પકડાય જવાનો ડર નહોતો. એને લાગતું કે પોતે એક એવી અદ્રશ્ય તાકત ધરાવે છે, જેને અડકવાની કોઈની ત્રેવડ નથી. આ પ્રકારની લાક્ષણિકતા દરેક ટીનએજર્સ ધરાવતાં હોય છે. માત્ર એની તીવ્રતા વધતી-ઓછી હોય. જૂલિયસના કિસ્સામાં એ ચરમ પર હતી.

જૂલિયસ ખૂબ હોશિયાર હતો. કોઈ જ નિશાન છોડ્યા વગર એ દુનિયાના કોઈ પણ સર્વરમાં ઘૂસી જતો. ત્યાંથી બધાં ડેટા ચોરી ગાયબ થઈ જતો. એને અરાજકતા ફેલાવવી પસંદ હતી. લોકોને પરેશાન કરવામાં, મોટી-મોટી કંપનીઓને



ઘૂંટણીયે લાવી દેવામાં એને અજબ આનંદ આવતો. એણે અનેકનાં નેટવર્ક ઠપ્પ કર્યાં, એરલાઈન્સને ધમકીઓ આપી, મનોચિકિત્સા કેન્દ્રના ડાટા ચોરી લોકોને બ્લેકમેલ કર્યા. આ બધું જ એ માત્ર પોતાના ઘરના એક આરામદાયક સોફા પર બેસીને કરી રહ્યો હતો. જૂલિયસે એ સાબિત કરી દીધેલું કે આ ડિજિટલ યુગમાં કોઈ જ સુરક્ષિત નથી. એ પછી દુનિયાનો સૌથી મોટો ધનવાન વ્યક્તિ હોય, કોઈ સામાન્ય કલાર્ક કે પછી માનસિક રીતે બીમાર દર્દી.

જોવાની ખૂબી એ છે કે જૂલિયસે પોતાની હરકતોને છુપાવવાની કોશિશ નહોતી કરી. એ સોશ્યલ મીડિયા પર પોતાની જીતનો ઢંઢેરો પીટતો, કાયદા અને સુરક્ષાની મજાક ઉડાવતો. એનું માનવું હતું કે,પોલીસ એને ક્યારેય પકડી નહીં શકે. એને પોતાની આવડત કોઈ મહાન ઉપલબ્ધિ હોય એમ લાગતું. એનામાં એક અહંકાર હતો, પરપીડન વૃત્તિ હતી. એણે અનેક સુરક્ષા એજન્સીઓને મ્હાત આપી ચારેકોર એવો ફેલાવો કરેલો કે ડિજિટલ જંગલનો સાચો રાજા પોતે જ છે. ટીનએજ આમ પણ આવા અનેક વહેમોને મગજમાં સ્થાન આપી દેતી હોય છે. અને અહીં તો એનો સંગમ થયો હતો અપ્રતિમ સાહસ અને બુદ્ધિપ્રતિભા સાથે.

એની વાર્તામાં કાળો અધ્યાય ત્યારે જોડાયો જ્યારે ફિનલેન્ડના સૌથી મોટા મનોચિકિત્સા કેન્દ્રના ડેટાબેઝ પર એણે નિશાન સાધ્યું. ત્યારે સાબિત થઈ ગયું કે એ માત્ર શરારતી તરુણ નહોતો, પરંતુ એક એવો અપરાધી હતો જેની અંદર સંવેદના નામની કોઈ ચીજ બચી નહોતી. પ્રતિભા હોવી એ સારી બાબત છે, પણ આ પ્રતિભાને સાચી દિશા મળવી વધારે જરૂરી હોય છે. જૂલિયસ પાસે તેજ દિમાગ અને તકનીકી સમજ લાજવાબ હતાં, પરંતુ નૈતિકતાના અભાવે ઇતિહાસના પાનામાં એ નાયકને બદલે ખલનાયક સ્વરૂપે ચીતરાય ગયો.

આ ટીનેજ હેકરની વાત અહીં એટલા માટે કરી કે જુલિયસ ક્વિમ્કીની જિંદગી આપણને વિચારવા મજબૂર કરે છે કે કઈ રીતે એક અસાધારણ પ્રતિભા સાચા માર્ગદર્શનના અભાવમાં વિનાશનું કારણ બની શકે. જો એણે પોતાની ક્ષમતાને સાચી દિશા આપી હોત તો આજે દશા કંઈક અલગ હોત.

અંતે જૂલિયસ પકડાયો, પરંતુ આજે પણ જ્યારે સાયબર સુરક્ષાની વાત આવે ત્યારે જુલિયસના નામની એક ડરામણી યાદ તરી ઊઠે છે. એક એવો ટીનએજર છોકરો જેણે પોતાની જુવાની જેલના સળિયાં પાછળ વિતાવી. માત્ર એટલા માટે કે એને પોતાની તાકાતનો નશો ચડી ગયેલો. એણે એલન મસ્ક જેવાં નામો સાથે પોતાનું નામ જોડવાની કોશિશ કરી, પરંતુ અંતમાં એક અપરાધી બનીને રહી ગયો, કારણકે એને ખ્યાલ નહોતો કે, સાચી સફળતા દુનિયાને ડરાવવાથી નહીં, મદદ કરવાથી મળે છે. જુલિયસે દુનિયાને પોતાની આંગળીઓ પર નચાવવાની કોશિશ કરી, પરંતુ અંતે કાનૂનની સાંકળમાં જકડાય ગયો.

આ એક એવી વાર્તા છે જે દરેક યુવાને જોવી અને સમજવી જોઈએ. શોર્ટકટ અને અપરાધનો રસ્તો ક્યારેય ધ્યેય સુધી નથી પહોંચાડી શકતો. ઊલ્ટું તમારી આઝાદી, પ્રતિષ્ઠા અને સોનેરી ભવિષ્ય પર કાળી ટીલી લગાવતો જાય છે. જૂલિયસ ક્વિમ્કીની વાર્તા હેકિંગની સાથોસાથ અહંકાર અને બૌદ્ધિક ક્ષમતાના ભયાનક મિશ્રણની કથની છે, જે તરુણોને એવો જૂઠ્ઠો અહેસાસ કરાવતી રહે કે પોતે કાનૂન અને નૈતિકતાથી પર છે. ■

મુંબઈ સમાચાર
YouTube
ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/CPpGw7agIQg
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@
bombaysamachar.com

# સ્ટાઈલ ચોર
# ઓવરસાઈઝ શર્ટ





ઓવરસાઇઝ શર્ટ આજના સમયમાં ફેશનનો એક મજબૂત ટ્રેન્ડ બની ગયો છે. આરામદાયક અને સ્ટાઇલિશ લુક આપતું આ વસ્ત્ર દરેક ઉંમરની મહિલાઓ અને યુવતીઓમાં ખૂબ લોકપ્રિય બન્યું છે. ખાસ કરીને અલગ-અલગ નેક પેટર્ન અને રંગોના કોમ્બિનેશનથી ઓવરસાઇઝ શર્ટને નવી ઓળખ મળી છે. ઓવરસાઈઝ શર્ટ સાથે એક સ્માર્ટ ફિટિંગવાળા ટ્રાઉઝરની જરૂર છે. તો ચાલો જાણીયે કે કેવી રીતે અલગ નેક ડિઝાઇન, રંગો અને ટ્રાઉઝર સાથેનું કોમ્બિનેશન તમારા લુકને વધુ આકર્ષક કઈ રીતે બનાવી શકે છે.

ઓવરસાઇઝ શર્ટનો મુખ્ય ફાયદો એ છે કે તે કમ્ફર્ટ સાથે સ્ટાઇલ આપે છે. લૂઝ ફિટિંગ હોવાને કારણે તે દિવસભર પહેરવા માટે અનુકૂળ છે. આજકાલ બજારમાં વિવિધ નેક પેટર્ન ઉપલબ્ધ છે, જેમ કે ચાઇનીઝ કોલર (Chinese Collar), ક્લોઝ નેક, V-નેક, અને ક્લાસિક શર્ટ કોલર. દરેક નેક પેટર્ન તમારા લુકને અલગ રીતે રજૂ કરે છે. તમારી બોડી અને હાઈટ અનુસાર તમે શર્ટના કોલરની પસંદગી કરી શકો.

ચાઇનીઝ કોલર શર્ટ સિમ્પલ અને સોફિસ્ટિકેટેડ દેખાવ આપે છે. ઓફિસ વેર માટે આ એક ઉત્તમ વિકલ્પ છે. તેને સ્ટ્રેઇટ ફિટ ટ્રાઉઝર અથવા સ્લિમ પેન્ટ સાથે પહેરવાથી એલેગન્ટ લુક મળે છે. જો તમે થોડું ફ્યુઝન લુક ઈચ્છો છો તો ચાઇનીઝ કોલર શર્ટને કોટન કે લિનેન ટ્રાઉઝર સાથે ટીમ અપ કરી શકો છો. જો તમારું શરીર ભરેલું હોય અને તમારા શોલ્ડર અને નેકનો ભાગ ભરેલો હશે તો તમે ચાઈનીઝ કોલરવાળા આ શર્ટ ન પહેરતા. જે યુવતી કે મહિલાઓની લાંબી ડોક હોય તેમને જ ચાઇનીઝ કોલર પહેરવા જોઈએ. પાતળી યુવતીઓ ચાઈનીઝ કોલરવાળા શર્ટ લુઝ ટ્રાઉઝર સાથે પહેરી શકે.

ક્લોઝ નેક શર્ટ એટલે કે જે શર્ટની નેકલાઇન ગળું ચાલુ થાય ત્યાંથી જ ચાલુ થાય. ક્લોઝ નેક શર્ટ પહેર્યા પછી વધુ ફોર્મલ અને ક્લાસી દેખાય છે. આ પ્રકારના શર્ટ સામાન્ય રીતે સોલિડ રંગોમાં વધારે સુંદર લાગે છે, જેમ કે વ્હાઇટ, બ્લેક, બેજ અથવા પેસ્ટલ શેડ્સ. ક્લોઝ નેક ઓવરસાઇઝ શર્ટને હાઇ-વેસ્ટ ટ્રાઉઝર સાથે પહેરવાથી તમારા લુકમાં ગ્લેમરસ ટચ આવે છે. સાથે બેલ્ટ ઉમેરવાથી કમરનો આકાર વધુ હાઇલાઇટ થાય છે. જો તમારું શરીર ભરેલું હોય તો ક્લોઝ નેક શર્ટ સાથે હાઈ વેસ્ટ ટ્રાઉઝર પહેરી શકાય. હાઈ વેસ્ટ ટ્રાઉઝર ખાસ કરીને સ્ટ્રેચેબલ ફેબ્રિકમાં રાખવું જેથી કરી કમર અને પેટનો ભાગ થોડો ઓછો લાગે.

રંગોની વાત કરીએ તો ઓવરસાઇઝ શર્ટમાં પેસ્ટલ કલર્સ ખૂબ ટ્રેન્ડમાં છે જેમ કે બેબી પિંક, લાઇટ બ્લૂ, મિન્ટ ગ્રીન અને લવેન્ડર. આ રંગો સોફ્ટ અને ફ્રેશ લુક આપે છે. બીજી તરફ, બોલ્ડ કલર્સ જેમ કે રેડ, નેવી બ્લૂ અથવા ઓલિવ ગ્રીન સ્ટેટમેન્ટ લુક માટે ઉત્તમ છે. જો તમે ડે આઉટ માટે તૈયાર થઈ રહ્યા હો તો પ્રિન્ટેડ અથવા સ્ટ્રાઇપ્ડ ઓવરસાઇઝ શર્ટ પણ પસંદ કરી શકો છો. ઓવરસાઈઝ શર્ટમાં પ્લેન કલર તો સારા લાગે જ છે, પરંતુ પ્રિન્ટેડ પણ એટલા જ સારા લાગે છે. પ્રિન્ટની પસંદગી તમારી બોડી અને હાઈટ વાઇસ કરી શકાય. જો તમારી બોડી વધારે હોય તો, તમે ઓવરસાઈઝ શર્ટમાં ઝીણી પ્રિન્ટ પસંદ કરી શકો અને જો તમારું શરીર સુડોળ હોય તો તમે બોલ્ડ કલરવાળી બોલ્ડ પ્રિન્ટ પહેરી શકો.

ઓવરસાઇઝ શર્ટને ટ્રાઉઝર સાથે કેવી રીતે સ્ટાઇલ કરવું તે ખૂબ મહત્ત્વનું છે. જો તમારું શર્ટ ખૂબ લૂઝ હોય તો તેને બેલેન્સ કરવા માટે બોટમમાં ફિટેડ ટ્રાઉઝર પસંદ કરો. સ્લિમ ફિટ પેન્ટ, સિગારેટ પેન્ટ અથવા ટેઈપરડ ટ્રાઉઝર આ માટે પરફેક્ટ છે. જો તમે વધુ કેઝ્યુઅલ લુક ઈચ્છો છો તો વાઇડ-લેગ ટ્રાઉઝર સાથે પણ ઓવરસાઇઝ શર્ટ ખૂબ જ ટ્રેન્ડી લાગે છે. જો તમને વધારે ફન્કી લુક જોઈતો હોય તો, તમે લુઝ ટ્રાઉઝર , સ્પેગેટી પહેરી અને શર્ટના બટન ખુલ્લા રાખી શકાય.

ટક-ઇન અને હાફ ટક સ્ટાઇલ પણ ખૂબ લોકપ્રિય છે. શર્ટને પૂરેપૂરું ટક-ઇન કરવાથી ક્લીન અને પોલિશ્ડ લુક મળે છે, જ્યારે હાફ ટક સ્ટાઇલ વધુ કેઝ્યુઅલ અને કૂલ લાગે છે. સાથે સ્નીકર્સ, લોફર્સ અથવા હીલ્સ ઉમેરવાથી તમારો લુક વધુ સ્ટાઇલિશ બની શકે છે.

એક બીજી ખાસ બાબત એ છે કે એક્સેસરીઝનો યોગ્ય ઉપયોગ. મિનિમલ જ્વેલરી, જેમ કે નાના ઇયરિંગ્સ અથવા સ્ટાઇલિશ વોચ, તમારા ઓવરઓલ લુકને વધારે આકર્ષક બનાવે છે. બેગ અને ફૂટવેર પણ તમારા ડ્રેસિંગનો મહત્ત્વનો ભાગ છે.

આ રીતે, ઓવરસાઇઝ શર્ટ માત્ર આરામદાયક જ નથી પરંતુ યોગ્ય સ્ટાઇલિંગથી તે ખૂબ જ ફેશનેબલ પણ બની શકે છે. અલગ-અલગ નેક પેટર્ન, રંગો અને ટ્રાઉઝર સાથેના કોમ્બિનેશન દ્વારા તમે તમારા લુકને નવી ઓળખ આપી શકો છો. તેથી, તમારા વોર્ડરોબમાં ઓવરસાઇઝ શર્ટને ખાસ સ્થાન આપો અને રોજિંદા સ્ટાઇલને નવો ટ્વિસ્ટ આપો. ■

ફેશન પ્લસ
પ્રતીમા અરોરા
feedback.ladki@
bombaysamachar.com

# ફેશનમાં હવે ન્યુટ્રલ જેન્ડર

*એકવીસમી સદીમાં હવે ફેશનની પરિભાષા બદલાઈ રહી છે. ફેશન હવે એ નથી પૂછતી કે તમે સ્ત્રી છો કે પુરુષ છો? હવે જમાનો છે ન્યુટ્રલ જેન્ડર ફેશનનો. ગરમીની શરૂઆત તો થઈ ગઈ છે અને એ યંગસ્ટર્સના કપડાંમાં દેખાઈ રહી છે. કોલેજમાં, કેફેમાં અને શહેરના રસ્તાઓ પર ફેશનની ઝલક દેખાય છે. જેન-ઝી અને પ્રોફેશનલ્સ એવા આઉટફિટ્સ પસંદ કરે છે જે તેમને કમ્ફર્ટ આપે અને આરામદાયક હોય. ગરમીનો પારો વધતાં જ યુવાઓ ઓવરસાઈઝ શર્ટ, ઢીલા ટ્રાઉઝર, લિનનના કૂર્તા, યુનિસેક્સ ટી-શર્ટ અને ન્યુટ્રલ રંગોના મિશ્રણવાળા કપડાને પ્રાથમિકતા આપે છે.*





### બદલાઈ રહી છે ફેશનની પરિભાષા

ઘણા સમયથી ફેશનની દુનિયા સ્ત્રી અને પુરુષ એમ અલગ ભાગમાં વેચાયેલી રહી છે. પુરુષો માટે શર્ટ-પેન્ટ તો મહિલાઓ માટે સલવાર-કમીઝ. જોકે છેલ્લાં કેટલાંક વર્ષોથી ફેશનમાં આ વ્યાખ્યા થોડી ઝાંખી થવા લાગી છે, કેમ કે યુવાઓ માને છે કે કપડાં શરીર માટે હોય છે અને એને જેન્ડર સાથે કોઈ ખાસ સંબંધ નથી.

હવે યુવક હોય કે યુવતી બન્ને ઓવરસાઈઝ શર્ટ અને ઢીલા ટ્રાઉઝર પહેરે છે. આ પરિવર્તન માત્ર મોટાં શહેરોમાં નથી, પરંતુ નાનાં અને મધ્યમ શહેરોમાં પણ જોવા મળી રહ્યું છે. એથી એમ કહી શકાય કે ન્યુટ્રલ જેન્ડર ફેશન ઝડપથી આગળ વધી રહ્યું છે.

### ગરમીમાં ફાયદાકારક

ન્યુટ્રલ જેન્ડર ફેશન અન્ય કોઈ ઋતુમાં તો ઠીક, પરંતુ ઉનાળામાં વધુ ફાયદાકારક હોય છે. ઢીલા અને કોટનનાં કપડાં આપણને પરસેવાથી દૂર તો રાખે જ છે, પરંતુ સાથે જ હવાના પ્રવાહને પણ સુનિશ્ચિત કરે છે. ન્યુટ્રલ જેન્ડર ફેશનની ઓળખ માત્ર ડિઝાઈનથી જ નહીં, પરંતુ વિવિધ રંગોથી પણ થાય છે. ભડકાઉ રંગોને બદલે બેજ, ગ્રે, ઓફ વ્હાઇટ, વ્હાઇટ, ઓલિવ ગ્રીન અને લાઇટ બ્લ્યુ વધારે ટ્રેન્ડમાં રહે છે. આ રંગ આપણા શરીરને પણ રાહત પહોંચાડે છે. આ બધા કલર કોઈ એક જેન્ડર સુધી જ સીમિત નથી.

### સોશ્યલ મીડિયા

ન્યુટ્રલ જેન્ડર ફેશનનું સૌથી વધુ અગત્યનું કારણ સોશ્યલ મીડિયા પણ છે. ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યુ ટયૂબ પર હજારો યુવાનો ફેશન કન્ટેન્ટ બનાવે છે. હવે તો સમય એવો છે કે ફેશન ડિઝાઇનર નહીં, પરંતુ કોલેજના યુવાનો, પ્રોફેશનલ્સ અને કન્ટેન્ટ ક્રિએટર જ ફેશનના નવા પ્રતીક બની ગયા છે. સાધારણ ઢીલા કપડા પહેરીને બનાવેલી રીલ લાખો યુવાઓને પ્રેરિત કરે છે. ન્યુટ્રલ જેન્ડર ફેશન માત્ર સુવિધા કે સ્ટાઇલનો મુદ્દો નથી. એમાં આત્મવિશ્વાસ અને સ્વતંત્ર વિચારધારા પણ રહેલી છે.

### ફેશન ઉદ્યોગમાં પરિવર્તન


ભારતના પ્રમુખ ફેશન બ્રાન્ડમાં હવે યુનિસેક્સ કનેક્શન સ્પષ્ટ દેખાય છે. અનેક સ્ટાર્ટઅપ પણ માત્ર ન્યુટ્રલ જેન્ડર આઉટફિટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એનાથી સ્પષ્ટ છે કે હવે ફેશન ઈન્ડસ્ટ્રી પણ ન્યુટ્રલ જેન્ડર ફેશનને સ્વીકારી ચુકી છે.

### નાનાં શહેરો સુધી પહોંચ

ન્યુટ્રલ જેન્ડર ફેશનની ખાસ વાત એ છે કે એ મોટાં શહેરો અને સેલિબ્રિટી ક્લાસની વિચારધારા જ નથી દેખાડતી, પરંતુ ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી એ નાના અને મધ્યમ શહેરો સુધી પણ પહોંચી ગઈ છે. એમ પણ કહી શકાય કે ફેશન હવે સીમાથી મુક્ત થઈ છે. ■

નિખાર
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com

# સુંદર દેખાવા માટે વધારાની ચીજોનો ઉપયોગ કરશો નહીં



મેકઅપ કરવાની કળા દરેક ભારતીય સ્ત્રીઓએ શીખી લેવી જોઈએ. આ સંદર્ભમાં શહેરના એક ડિઝાઈનર મેકઅપ કરવાની શોખીન સ્ત્રીઓને સલાહ આપે છે:

* મેકઅપ કરવો એ જો ન આવડતો હોય તો તે કરશો જ નહીં.

- 'થોડાંક પ્રસાધનોનો જો તમારે ઉપયોગ કરવો હોય તો તે કેવી રીતે વાપરવાં, કેટલા પ્રમાણમાં વાપરવાં તે કોઈ નિષ્ણાત પાસેથી પહેલાં શીખી લો.

- મેકઅપનો ઉપયોગ કર્યા પછી પણ તમે જે દેખાવ ધારણ કરો તે કુદરતી લાગવો જોઈએ, કૃત્રિમ-બનાવટી નહીં અને આવી કળા તાલીમ લેવાથી હાંસલ-પ્રાપ્ત થાય છે અર્થાત્ કરી શકાય છે.

* ઘણીખરી મહિલાઓ મેકઅપની બાબતમાં વાનરવેડા (મન્કી મેકઅપ - અનુકરણ કરીને કરાયેલો મેકઅપ) કરે છે,

- પરંતુ તે માને છે કે નવી પેઢી મેકઅપની કળા શીખવાનો પ્રયત્ન શીખી રહી છે અને તેનાં આધુનિક વલણોથી માહિતગાર રહે છે, એટલું જ નહીં, પણ તેમાંથી પોતાને શું યોગ્ય લાગશે તેનો પણ ખ્યાલ રાખે છે.

- વ્હાલી લાડકી પૂર્તિની વાચકબહેન-દીકરીઓ!

* ખરી સમસ્યા તો ૩૫ વર્ષ વટાવી ગયેલી મહિલાઓની બાબતમાં જ હોય છે. આવી આન્ટીઓ મેકઅપ શું ચીજ છે તે ખરેખર જાણતી નથી, તેથી ભૂત જેવા દેખાય તેવા ફાઉન્ડેશન ગાલ પર લાલ ધબ્બાઓ અને ભભકાદાર લિપ્સ્ટિકના ઉપયોગને તેઓ મેકઅપ કહે છે.

* યોગ્ય મેકઅપ ઉપરાંત
* સૌંદર્યવૃદ્ધિ માટે, * સુંદર દેખાવા માટે પરિધાન,
* વેશભૂષા, * કેશ સજાવટ,
* દાગીના અને * ઝવેરાતની પસંદગી,
* શારીરિક બાંધો, * હાથની સારસંભાળ,
* નખની માવજત,* કાંડામાં પહેરેલી ઘડિયાળથી માંડીને
* પગમાં પહેરેલાં પગરખાં એ બધી જ આનુષંગિક બાબતો (એક્સેસરિ) ઉપકારક નીવડે છે.

- આ બધી આનુષંગિકતા સુંદરતા વધારવામાં સાથ આપનારી વધારાની વસ્તુઓમાં દાગીના સૌથી વધારે અગત્યનો ભાગ ભજવે છે.

- નિઃશંકા ઝવેરાતનું આગવું મહત્ત્વ છે.

- ઝવેરાતની શોભા વધારવામાં યોગ્ય વસ્ત્રોની પસંદગી ઉપયોગી નીવડે છે.

- તેથી જ વસ્ત્રો અને અલંકારો જે આભૂષણોની જુગલ જોડી ગણવામાં આવે છે તેમની વાત સાચી છે.

- કપડાંની પસંદગી પણ ગમે તે ઝવેરાત મઢેલા દાગીના પહેરવાના હો તેની સાથે સુમેળ સાધે તેવી હોવી જોઈએ.

- દાગીના ક્યા પહેરવા એ દરેક નારીની વ્યક્તિગત પસંદગીની બાબત છે, પરંતુ ઝવેરાતવાળા દાગીનાઓ વધુ પ્રમાણમાં પહેરવાથી લોકોનું ધ્યાન તમારા સૌંદર્ય પ્રત્યે કેન્દ્રિત થવાના બદલે કીમતી ઝવેરાત તરફ કેન્દ્રિત થઈ જાય છે.

- સુંદર દેખાવા માટે જે વધારાની ચીજનો ઉપયોગ કરો છો તે જ મુખ્ય બની જાય છે. તેથી કીમતી રત્નજડિત દાગીનાઓ વધારે પ્રમાણમાં પહેરવા ના જોઈએ.

- જો તમે ભારે વસ્ત્રો પહેર્યા હોય તો સાદાં ઘરેણાં વધારે સારા લાગે છે, પરંતુ જો તમે ભવ્ય નેક્લેસ પહેરવાના હો તો સાદાં વસ્ત્રો પહેરવાં જોઈએ, જેથી તમારી જ્વેલરી (ઝવેરાતના દાગીના) પ્રત્યે સૌનું ધ્યાન ખેંચાય.

* સ્ત્રીઓને સૌથી વધુ મુશ્કેલી વસ્ત્રાભૂષણો ધારણ કરી લીધાં પછી પગમાં ક્યાં પગરખાં-પહેરવાં તે નક્કી કરવાની બાબતમાં નડે છે. ખાસ કરીને જે મહિલાઓ પાસે જુદાં જુદાં પ્રકારના પગરખાં હોય છે. તેમને સાડી કઈ પહેરવી, સરારો, ઘરારો, પટિયાલા જેવા વસ્ત્રો ક્યા પ્રકારના પહેરવા તે નક્કી કરવામાં જેટલો સમય નથી લાગતો તેનાથી વધુ સમય પગરખાં ક્યાં પહેરવાં તે નક્કી કરવામાં લાગી જાય છે.

- તેના કારણે જ કેટલીક મહિલાઓ ઠરાવેલા સમય કરતાં સમારંભોમાં મોડી પહોંચે છે.

- તમે રેશમી કાળો ડ્રેસ પહેર્યો હોય તેની સાથે રૂપેરી ચમકતાં સેન્ડલ સારાં લાગશે કે કાળા રંગના, ઊંચી એડીનાં સાંકડાં અણીદાર પગરખાં, તેનો તમે જલદીથી નિર્ણય કરી શકતાં નથી.

- એટલા માટે જ પગરખાં પહેરતાં પહેલાં તે પણ કેવાં અને કેવી સ્ટાઈલનાં પહેરવાં જોઈએ તે નક્કી કરવાનું કામ પણ તમારે જ કરવાનું રહે છે.

- આગળ કહ્યું તેમ સુંદર દેખાવા માટે વધારાની ચીજોનો ઉપયોગ મુખ્ય બની ન જાય તેનું ધ્યાન રાખજો.

* * *

### હસગુલ્લા!

*- બલવીરસિંહ: 'યાર, તને તો ખબર છે, હું કેટલો બહાદુર છું. મારું નામ જ બલવીર છે, પણ મારી પત્ની એટલી ડરપોક છે કે તેને પાણીથી પણ ડર લાગે છે...!'*

*- ફટુવીરસિંહ: 'અચ્છા... પણ એ કેવી રીતે?'*

*- બલવીરસિંહ: 'યાર, ગઈકાલે ઘરે ગયો તો તે બાથરૂમમાં પણ સિક્યોરિટી ગાર્ડની સાથે બેઠી હતી...!'* ■

# પુરુષ

## આધુનિક જેન્ટલમેન કેવા હોય?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com




**સમયના** પ્રવાહ સાથે સમાજમાં ઘણી બધી વ્યાખ્યા બદલાતી રહી છે, પરંતુ જે એક સંકલ્પના વિશે હંમેશાં ચર્ચા થતી રહી છે તે છે ‘જેન્ટલમેન’. વર્ષો પહેલાં જેન્ટલમેન હોવું એટલે સૂટ-બૂટ પહેરવા, હાથમાં લાકડી રાખવી, ટોપી પહેરવી અને અંગ્રેજી શિષ્ટાચારનું પાલન કરવું એવું મનાતું હતું, પરંતુ ૨૧મી સદીના ત્રીજા દાયકામાં જેન્ટલમેનની આ ભૌતિક વ્યાખ્યા સાવ ભુંસાઈ ગઈ છે. આજે જેન્ટલમેન હોવું એ કોઈ પોશાક કે દેખાવનો વિષય નથી, પરંતુ તે એક ગહન આંતરિક ગુણધર્મ, વર્તન અને ખાસ કરીને બદલાતા સમય સાથે પોતાની માનસિકતાને અનુકૂળ કરવાની ક્ષમતાનો વિષય છે.

આધુનિક જેન્ટલમેન એ છે જે પોતાના વારસામાં મળેલા ગૌરવને જાળવી રાખે છે અને સાથે સાથે સ્ત્રી સમાનતા, ભાવનાત્મક સમજણ અને સામાજિક જવાબદારીના નવા માપદંડોને સહર્ષ સ્વીકારે છે.

આજના યુગમાં જેન્ટલમેન હોવાની પ્રથમ શરત તેની ‘સંવેદનશીલતા’ છે. જૂના જમાનામાં પુરુષાર્થ એટલે કઠોરતા, પથ્થર જેવું મન અને લાગણીઓનું પ્રદર્શન ન કરવું એવું ગણાતું. ‘પુરુષને ક્યારેય દર્દ ન થાય’ એવાં ખોટાં સૂત્રોએ વર્ષો સુધી પુરુષોને કુદરતી લાગણીઓથી વંચિત રાખ્યા, પરંતુ આધુનિક જેન્ટલમેન આ દેખીતી મજબૂતીના ખોટા મુખવટાને ઉતારી ફેંકે છે. તે સમજે છે કે રડવું, ડરવું કે પોતાની નબળાઈ સ્વીકારવી એ કાયરતા નથી, પણ માનવીય સહજતા છે. તે પોતાના પરિવાર સામે, પોતાના જીવનસાથી સામે પોતાની મૂંઝવણો વ્યક્ત કરતા અચકાતો નથી. તેની આ ઇમોશનલ ઇન્ટેલિજન્સ તેને અન્યો કરતાં અલગ પાડે છે. તે માત્ર બોલવામાં જ નહીં, પણ સાંભળવામાં પણ માહેર હોય છે. કોઈની વાતને પૂરી સાંભળવી, તેને સમજવી અને પછી જ પ્રતિભાવ આપવો એ આજના સમયમાં એક દુર્લભ કળા છે, જે એક સાચો જેન્ટલમેન આત્મસાત કરે છે.

બીજું મહત્ત્વનું પાસું છે સ્ત્રીઓ પ્રત્યેનો દ્રષ્ટિકોણ. આધુનિક જેન્ટલમેન માટે સ્ત્રી સન્માન એ માત્ર ઘરના ઊંબરા સુધી મર્યાદિત નથી. તે સ્ત્રીને માત્ર એક ‘રક્ષણ આપવાની વસ્તુ’ તરીકે નથી જોતો, પણ એક સમાન ભાગીદાર તરીકે જુએ છે. તે સ્ત્રીની સફળતાથી અસુરક્ષિત અનુભવવાને બદલે તેનો ગર્વ લે છે. ઓફિસ હોય કે ઘર, તે સ્ત્રીના મંતવ્યોને પૂરતું મહત્ત્વ આપે છે. રસોડાના કામમાં મદદ કરવી કે બાળકના ઉછેરમાં સક્રિય ભાગીદારી નોંધાવવી તેને પોતાની મર્દાનગી પર પ્રહાર નથી લાગતો, પણ તે તેને પોતાની જવાબદારી સમજે છે. તે ‘લેડિઝ ફર્સ્ટ’ કહીને માત્ર દરવાજો ખોલવા પૂરતી નમ્રતા નથી દાખવતો, પણ સ્ત્રીના વ્યક્તિત્વ અને તેની સ્વતંત્રતાનો આદર કરે છે. તેની નજરમાં આદર એ દેખાડો નથી, પણ તેના સંસ્કારનું પ્રતિબિંબ છે.

આધુનિક જેન્ટલમેન પોતાની આર્થિક અને સામાજિક સફળતાનો ક્યારેય અહંકાર નથી કરતો. આજના સોશ્યલ મીડિયાના યુગમાં જ્યાં દરેક વ્યક્તિ પોતાની જાતને શ્રેષ્ઠ સાબિત કરવા મથી રહી છે ત્યાં જેન્ટલમેન શાંત રહીને પોતાનું કામ કરે છે. તે ‘શાંત આત્મવિશ્વાસ’ (Self Confidence) ધરાવે છે. તેને પોતાની મોંઘી ગાડી કે બ્રાન્ડેડ ઘડિયાળના ફોટા મૂકીને દુનિયાને પ્રભાવિત કરવાની જરૂર નથી લાગતી. તેનું વ્યક્તિત્વ તેના પહેરવેશ કરતાં તેના શબ્દો અને તેના વર્તનથી વધુ પ્રભાવી બને છે. તે હોટેલના વેઈટર સાથે કેવી રીતે વાત કરે છે, રસ્તા પરના ભીખારી પ્રત્યે કેવી દયા રાખે છે અને પોતાનાથી પદમાં નાની વ્યક્તિ સાથે કેવી રીતે વર્તે છે તેના પરથી તેની ‘જેન્ટલમેનશિપ’ સાબિત થાય છે. તેની નમ્રતા એ કોઈ રણનીતિ નથી, પણ તેનો સ્વભાવ છે.

આજના સમયમાં ટેકનોલોજી અને ડિજિટલ દુનિયાએ માનવીય સંબંધોમાં અંતર વધાર્યું છે ત્યારે આ આધુનિક જેન્ટલમેન ડિજિટલ એટિકેટ્સને પણ મહત્ત્વ આપે છે. તે સોશિયલ મીડિયા પર કોઈની ટીકા કરતી વખતે કે ચર્ચા કરતી વખતે પોતાની મર્યાદા નથી ચૂકતો. તે અશ્લીલતા કે ટ્રોલિંગથી દૂર રહે છે. તેની ઓનલાઇન હાજરી પણ એટલી જ ગરિમાપૂર્ણ હોય છે જેટલી તેની ઓફલાઇન હાજરી હોય છે. તે મેસેજ કે ઇ-મેલનો જવાબ આપવામાં વિવેક જાળવે છે અને સામેવાળી વ્યક્તિના સમયની કિંમત સમજે છે. આ ઉપરાંત, તે પર્યાવરણ અને સમાજ પ્રત્યે પણ સજાગ હોય છે. તે સમજે છે કે પૃથ્વી પરના સંસાધનો પર માત્ર તેનો જ હક નથી, પણ આવનારી પેઢીનો પણ છે. તેની જીવનશૈલીમાં એક પ્રકારનો સંયમ અને સભાનતા જોવા મળે છે.

શારીરિક રીતે પણ આધુનિક જેન્ટલમેન પોતાની સંભાળ રાખે છે, પણ તે કોઈ પ્રદર્શન માટે નહીં. તે સ્વસ્થ રહેવા માટે વ્યાયામ કરે છે અને સાફ-સુથરા રહેવાને પ્રાધાન્ય આપે છે. તેની ગ્રૂમિંગ સેન્સ તેના વ્યક્તિત્વને નિખારે છે. તે ફેશનના આંધળા અનુકરણમાં નથી માનતો, પણ જે પહેરે છે તેમાં તેની ગરિમા જળવાય તેનું ધ્યાન રાખે છે. તેની પસંદગીમાં ક્લાસિક મૂલ્યો અને આધુનિકતાનો સુમેળ હોય છે. તે પુસ્તકો વાંચે છે, દુનિયામાં શું બની રહ્યું છે તેની જાણકારી રાખે છે અને પોતાની જાતને સતત અપડેટ રાખે છે. પોતે એક ‘જીવનભરનો વિદ્યાર્થી’ છે, જે માને છે કે શીખવાની કોઈ ઉંમર નથી હોતી. તેની પાસે દરેક વિષય પર પોતાનો તાર્કિક મત હોય છે, છતાં તે બીજાના મતનો અનાદર નથી કરતો.

આધુનિક જેન્ટલમેનની સૌથી મોટી ઓળખ તેની ‘સ્પષ્ટતા’ છે. તે પોતાના વચનનો પાકો હોય છે. જો તેણે કોઈને સમય આપ્યો હોય, તો તે સમયસર પહોંચે છે. જો તેણે કોઈ કામ કરવાની હા પાડી હોય, તો તે ગમે તે ભોગે પૂરું કરે છે. તેની કથની અને કરણીમાં કોઈ ફરક હોતો નથી. તે જૂઠું બોલીને કે કોઈને છેતરીને સફળતા મેળવવા કરતા પ્રામાણિક રહીને હારવાનું વધુ પસંદ કરે છે. તેના માટે ચારિત્ર્ય એ સૌથી મોટી મૂડી છે. મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તે પોતાનો સંયમ ગુમાવતો નથી. જ્યારે બીજા લોકો ગુસ્સામાં કે દબાણમાં આવીને વિવેક ભૂલી જાય છે ત્યારે જેન્ટલમેન પોતાની સ્વસ્થતા જાળવી રાખીને ઉકેલ શોધવા પર ધ્યાન આપે છે.

આફ્ટરઑલ, આધુનિક જેન્ટલમેન બનવું એ કોઈ મંજિલ નથી, પણ એક અવિરત યાત્રા છે. તે દરરોજ પોતાની ભૂલોમાંથી શીખે છે અને ગઈકાલ કરતાં આજે થોડો વધુ સારો માણસ બનવાનો પ્રયત્ન કરે છે. તે પરંપરાગત શિષ્ટાચાર અને આધુનિક ઉદારતા વચ્ચેનો પુલ છે. તે પોતાના પિતાના સંસ્કારોને સાથે રાખે છે અને પોતાના પુત્ર માટે નવા ઉદાહરણો સ્થાપિત કરે છે. સમાજમાં જ્યારે અરાજકતા, સ્વાર્થ અને ઘોંઘાટ વધતો જતો હોય ત્યારે એક જેન્ટલમેન પોતાની શાંતિ અને સભ્યતાથી વાતાવરણને ગરિમાપૂર્ણ બનાવે છે. સાચો જેન્ટલમેન એ નથી જે દુનિયાને બદલવાની વાતો કરે છે, પણ એ છે જે પોતાના વર્તનથી દુનિયાને વધુ સુંદર અને રહેવા યોગ્ય બનાવે છે. તેનું હોવું એ આસપાસના લોકો માટે સલામતી અને વિશ્વાસનો પર્યાય છે. આ જ આધુનિક જેન્ટલમેનનું સાચું લક્ષણ અને તેની ઓળખ છે. જેન્ટલમેન હોવું એ કોઈ ‘સ્ટેટસ’ નથી, પણ એક ‘સ્ટાન્ડર્ડ’ છે, જે માણસે પોતાની જાત માટે નક્કી કરવાનું હોય છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પરફેક્ટ દેખાવાના આ તે કેવા અભરખા...

*ડિયર હની,*

*આપણે બંનેએ એક મુદ્દે ચર્ચા કરી હતી. દીકરો કે દીકરીની વય લગ્ન કરવાં જેટલી થાય એટલે મા-બાપ એના બાયોડેટા તૈયાર કરવા લાગે છે. અને એમાં કેટલીક વિગતો ભરવાની વાત આવે ત્યારે એકથી વધુવાર વિચાર કરવામાં આવે છે. એમાનો એક મુદ્દો છે, વજન કેટલું? ઘણા છોકરા પોતાનું વજન હોય એના કરતા ઓછું બતાવે છે, પણ કિસ્સો છોકરીનો હોય તો એમાં તો ઓછું જ બતાવા આવે છે. આપણા લગ્ન થયાં ત્યારે તો બાયોડેટામાં વજનની કોલમ જ ક્યાં હતી! અને વજન થોડું વધુ હોય તો એ શરમની વાત થોડી છે? હા, વજન સપ્રમાણસર હોય એ જરૂરી છે, પણ એ કોણ નક્કી કરે? એના વૈજ્ઞાનિક માપદંડ છે, પણ દીકરીના કિસ્સામાં પાતળી પરમારની અપેક્ષા રાખવામાં આવે છે. આ જ કારણે છોકરો હોય કે છોકરી અને ખાસ કરીને છોકરીઓ ‘પરફેક્ટ’ દેખાવા માંગે છે. આ ઈચ્છામાંથી જ અત્યારે ક્વિક વેઇટ લોસનો ટ્રેન્ડ શરૂ થયો છે અને એ વધતો જાય છે. ખાસ કરીને સોશ્યલ મીડિયા અને ફોટોશૂટના યુગમાં આ ક્રેઝ ટોચ પર છે.*

*વજન ઘટાડવું કેમ? એ પ્રશ્ન અહી આવે છે પછી ત્યાંથી ગરબડ થાય છે. આજની પેઢી વજન ઘટાડવા શું કરે છે? ક્રેશ ડાયેટિંગ. અચાનક કેલરી ખૂબ જ ઘટાડી દેવામાં આવે છે જેમ કે માત્ર જ્યુસ કે સલાડ પર રહેવું. કીટો અથવા ઇન્ટરમિટન્ટ ફાસ્ટિંગ. ઝડપી પરિણામ માટે પ્રોટીન ડાયટ અથવા લાંબા કલાકોના ઉપવાસ.... એક ઉપાય છે. ડિટોક્સ ડ્રિંક્સ. શરીરમાંથી ‘ટોક્સિન્સ’ દૂર કરવાના નામે માત્ર પ્રવાહી લેવું. અને જીમમાં જઈને અચાનક ભારે કસરત શરૂ કરી દેવી.*

*હવે અહીં સવાલ એ છે કે, આ પદ્ધતિઓ સારી છે કે નુકસાનકારક...? નિષ્ણાતો તો કહે જ છે કે, અચાનક અને ખૂબ જ ઝડપથી વજન ઘટાડવું શરીર માટે જોખમી બની શકે છે. એનાથી શું નુકસાન થઇ શકે છે? ઝડપી વજન ઘટાડવાથી શરીરમાં પોષક તત્ત્વોની ઉણપ સર્જાય છે, જેનાથી ત્વચા ફિક્કી પડી જાય છે અને આંખો નીચે કાળા કુંડાળા થઈ શકે છે.*

*એક બાજુ, લગ્નની તૈયારીઓમાં ખૂબ દોડધામ હોય છે. જો ડાયટિંગને કારણે શરીરમાં શક્તિ ન હોય, તો વ્યક્તિ જલદી થાકી જાય છે અને બીમાર પડી શકે છે. પોષણના અભાવે લગ્ન પહેલા જ વાળ ખરવાની સમસ્યા શરૂ થઈ શકે છે. ભૂખ અને સ્ટ્રેસને કારણે સ્વભાવ ચીડિયો થઈ જાય છે, જે લગ્ન જેવી ખુશીની ક્ષણોમાં બાધક બને છે.*

*વજન ઘટાડવું એ ખરાબ નથી. પણ એની રીત હોય છે. લગ્નના ૧૫ દિવસ પહેલા નહીં, પણ ૩ થી ૬ મહિના પહેલા ધીમે ધીમે જીવનશૈલી બદલવી જોઈએ. ભૂખ્યા રહેવાને બદલે પ્રોટીન, ફાઈબર ધરાવતો ખોરાક લેવો. પુષ્કળ પાણી પીવું, જે વજન ઘટાડવાની સાથે ચહેરા પર નેચરલ ગ્લો પણ લાવે છે. લગ્નની વ્યસ્તતામાં પણ ૭-૮ કલાકની ઊંઘ લેવી અનિવાર્ય છે. ખતરનાક ઉપાય તો છે વેઇટ લોસ માટે ઇન્જેક્શન લેવા, ટોન્ડ અને શેપ્ડ બોડીની ચાહમાં બે- ત્રણ મહિનામાં આઠ દસ કિલો વજન ઓછું કરવામાં આવે છે અને એનાથી તો નુકસાન જ થાય છે. યુવા પેઢીએ આ વાત સમજવી પડશે.*

*જોકે બીજી તરફ, આનાથી સાવ ઊલટી ગંગા વહે છે ઈથોપિયામાં. ત્યાં સુંદરતાના માપદંડો પશ્ચિમી દેશો કરતાં ઘણા અલગ છે. અહી કેટલીક આદિવાસી જાતિઓમાં ગજબનો ટ્રેન્ડ છે. ‘બોડી’ નામની એક આદિવાસી જાતિ છે, જ્યાં પુરુષોમાં મોટી ફાંદ અથવા મોટું પેટ હોવું એ અત્યંત ગર્વની વાત ગણાય છે. આ જાતિમાં દર વર્ષે એક સ્પર્ધા યોજાય છે. જેને ‘કાઈલ ઉત્સવ’ કહેવામાં આવે છે, જેમાં યુવાનો મહિનાઓ સુધી ખાઈ પીને પેટ મોટું કરે છે. જે યુવાનનું પેટ સૌથી મોટું હોય, તેને તે વર્ષ માટે ‘હીરો’ માનવામાં આવે છે. ત્યાંની છોકરીઓ સિક્સ પેકવાળા સ્નાયુબદ્ધ યુવાનોને બદલે મોટા પેટવાળા યુવાનોને વધુ પસંદ કરે છે, કારણ કે મોટું પેટ સંપત્તિ, સમૃદ્ધિ અને પશુધનની અધિકતાનું પ્રતીક માનવામાં આવે છે.*

*અહીં સવાલ એ છે કે શા માટે મોટી ફાંદ પસંદ કરાય છે ખબર છે? ઈથોપિયાના ગ્રામીણ વિસ્તારોમાં ખોરાકની અછત રહી છે એટલે જેનું શરીર ભરેલું હોય તેનો અર્થ એ કે તેની પાસે ખાવા માટે પૂરતું અન્ન અને પશુઓ છે. કેટલીક પરંપરાઓમાં એવું માનવામાં આવે છે કે ભરાવદાર શરીર ધરાવતો પુરુષ વધુ શક્તિશાળી અને પરિવારનું ભરણપોષણ કરવા માટે સક્ષમ હોય છે.*


*પુરુષની જેમ સ્ત્રીઓના કિસ્સામાં પણ ઈથોપિયામાં ‘ઝીરો’ ફિગર કરતાં ભરાવદાર શરીરને વધુ સુંદર માનવામાં આવે છે. ઈથોપિયામાં જાડા થવું એ ઘણીવાર શાંતિ, સુખ અને સમૃદ્ધિની નિશાની માનવામાં આવે છે. જોકે સાચો રસ્તો આ બંને વાત વચ્ચે છે. ફટાફટ શરીર ઘટાડવાના ઉપાયો પણ નુકસાનકારક છે. અને ઇથોપિયાની પ્રથાને પણ અનુસરવા જેવું નથી. મધ્યમ માર્ગ અપનાવી શરીર સપ્રમાણ બનાવી શકાય છે. એક વેળા ઝીરો ફિગરનો ક્રેઝ યુવતીઓમાં જાણીતો બન્યો હતો પણ પછી બધાને ખ્યાલ આવ્યો કે આ ખેલ ખતરનાક બની શકે છે. દરેકના શરીરની રચના જુદી જુદી હોય છે અને એ પ્રમાણે શરીર હોય તો ભયોભયો. વાત આટલી જ ગાંઠે બાંધવા જેવી છે ખોટા અભરખા શાને?*

***તારો બન્ની***

# સંધ્યા છાયા

## આ તે કેવા સંસ્કાર?

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી




**સ્ત્રીએ** વિકાસ સાધ્યો છે. સ્ત્રી પુરુષ સમોવડી બનવાની હોડમાં પોતાનું સ્ત્રીત્વ ગુમાવી રહી છે. સ્ત્રી શિક્ષણ લે, નોકરી કરે, બિઝનેસ કરે બધું કરે તેની સામે કોઈ વાંધો હોઈ જ ન શકે. આનંદ જ હોય , પણ આ બધું કરતાં કરતાં સ્ત્રી પોતાની ઋજુતા, કોમળતા, સંવેદના ગુમાવી દે તે કેટલું યોગ્ય છે? પુરુષ જેવી જ સ્ત્રી કઠોર થઈ જાય તે કેવું? આજકાલ સ્ત્રીઓ હત્યા પણ કરે છે. વાંદાથી કે ગરોળીથી ડરતી સ્ત્રી માણસ જેવા માણસને ઠંડે કલેજે પતાવી નાખે એ કેવું ? માણસને મારી નાખતા તેની હિંમત કઈ રીતે ચાલતી હશે? કેટલીક સ્ત્રી ઘરના વડીલો સાથે બદસલૂકી કરે - મેણાંટોણાં મારે અને ક્યાંક સાંભળ્યું અને વાંચ્યું સુધ્ધાં છે કે વૃદ્ધ-અશક્ત સાસુ-સસરાને ફટકારે પણ છે...! આવું એક સ્ત્રી- એક પુત્રવધૂ કઈ રીતે કરી શકે? આ વાત માત્ર કોઈને પણ ધ્રુજાવી દે તેવી છે..પણ આવા બનાવો બને છે એ પણ હકીકત છે. ઘરના વડીલોને ડસ્ટબીન માનતી અને કહેતી આ દીકરીઓને એમનાં માતા-પિતા શું પોતાની દીકરીઓને આવા સંસ્કાર આપે હશે?

તાજેતરમાં સોશ્યલ મીડિયા પર વાઈરલ થયેલો એક વીડિયો જોઈને અરેરાટી થઈ જાય. એક ઘરમાં એક યુવાનને ચાર-પાંચ માણસ મારી રહ્યા છે. એને બચાવવા તેની માતા વચ્ચે પડે છે. તે જોઈને યુવાનની પત્ની યુવાનની માતાને એટલે કે પોતાની સાસુને જોરથી ખેંચીને પછાડે છે. જમીન પર તેનું માથું અફળાવે છે. તેના વાળ ખેંચીને ઊભી કરીને ફરીથી જમીન પર પછાડે છે. આ વૃદ્ધ સ્ત્રી બિચારી સામનો કરી શકતી નથી. પેલો યુવાન માની આ દુર્દશા જુએ છે, તેનો જીવ કકળે છે પણ તેને તો ચાર-પાંચ જણ મારી રહ્યા છે, ઘણું બળ કરવા છતાં તે તેમની પકડમાંથી છૂટી શકતો નથી. માને કઈ રીતે બચાવે? યુવાનની પત્ની તેની માને મારે છે અને અપશબ્દો બોલે છે, તેમજ ઘરમાંથી એને બહાર નીકળી જવા કહે છે. મા બહાર શા માટે નીકળે? તેનું ઘર છે, તેના પતિએ પાઈપૈસો ભેગો કરીને બનાવેલ તેના સ્વપ્નાનું આ ઘર છે. આ ઘરમાં આ વૃદ્ધ સ્ત્રીએ પતિ અને પુત્ર સાથે સરસ, પ્રેમભર્યો સમય વીતાવ્યો છે. એ પોતાના ઘરમાંથી બહાર શા માટે નીકળે? એટલે તે ઘરની બહાર નીકળવાને બદલે વહુના હાથનો માર ખાતી રહે છે.... વધુ ઊહાપોહ થયો એટલે પાડોશીઓ અને યુ-ટ્યૂબ ચેનલના પત્રકારો ત્યાં પહોંચ્યા. યુવકને મારનારા ભાગી ગયા. એની વહુ પણ પોતાના રૂમમાં ચાલી ગઈ.

આ આખી ઘટના પાંચ-છ વર્ષના પૌત્રએ પણ જોઈ. પોતાની મા પોતાની દાદીને મારતી હતી એ જોઈને એ બાળકનાં મન પર કેવી અસર થઈ હશે? આજે વહુએ જે સાસુ સાથે કર્યું એવું જ વર્તન એ દીકરો મોટો થઈને પોતાની મા કરી શકે....

ચેનલના પત્રકારે સાસુને પૂછ્યું, ‘શું થયું,’ ત્યારે સાસુએ રડતાં રડતાં કહ્યું : ‘મારી વહુ મને ઘરમાંથી બહાર નીકળી જવાનું કહે છે. તેને હું પસંદ નથી. તેથી એ ઘરમાં રોજ ઝઘડા કરે છે. મને ખાવા આપવું હોય તો આપે અને મનમાં આવે તો ન પણ આપે. મને કાંઈક મહેણાં-ટોણાં મારે-ગાળો બોલે ને જ્યારે-ત્યારે મારવા પણ દોડે... .. તમે જ કહો હવે આ ઉંમરે ક્યાં જાઉં? મારું ઘર છોડીને હું શા માટે જાઉં?

ચેનલના પત્રકાર માજીના પુત્રને પૂછે છે, ‘શું છે આ બધું? તું કેમ મામલો સંભાળી લેતો નથી? તારી માને આટલું હેરાન કરે છે તો કંઈક સોલ્યુશન કર પ્રોબ્લેમનું.’

‘મારી માને પત્ની આવી રીતે મારે તેનાથી મને બહુ જ દુ:ખ થાય છે. પણ શું કરું? પત્ની માથાભારે છે... કાંઈ પણ કહીએ તો બૂમ બરાડા પાડે - મારામારી પર ઊતરી જાય છે.. એ એક જ વાત કરે છે કે તારી મા મને ઘરમાં ન જોઈએ. તેને ઘરમાંથી કાઢી મૂક.... સિત્તેર વર્ષની મારી માને હું ક્યાં મૂકી આવું?’

‘આજે તમને મારતા હતા એ બધાં કોણ છે?’ ચેનલના પત્રકાર પૂછે છે.

‘આજે તો મારી પત્નીએ હદ જ કરી નાખી. મારા સસરા, સાળા અને તેના બીજા સગાંવહાલાઓને ભેગા કર્યા. એ બધાએ આવીને મારી સાથે ઝઘડો કર્યો અને કહ્યું કે તારી માને ઘરમાંથી કાઢ. મેં ના પાડી એટલે એ બધાં મારા પર તૂટી પડ્યા...બીજી બાજુ મારી પત્ની મારી માને મારતી હતી.’

આ વાઈરલ વીડિયો જોઈને વિચાર આવે છે કે આ કેવાં મા- બાપ ,જે પોતાની દીકરીની ખોટી વાતને સપોર્ટ કરે છે. મા-બાપે તો દીકરીને સલાહ આપવી જોઈએ કે ઘરના વડીલ સાથે આવું વર્તન ન કરાય..., પણ અહીં તો પત્ની એની સાસુમાને ફટકારે છે અને એના સગાં જમાઈને મારે છે. દીકરીને ખોટી સલાહ-શિખામણ- સહકાર આપવાની ભૂલ મા- બાપ કરે ત્યારે આવાં જ ઘટના બનતી રહે... ■

# આજે વાનખેડેમાં રોહિત-ધોનીની ટક્કર?

## મુંબઈ-ચેન્નઈ આ વખતે ચાર-ચાર મૅચ હાર્યા છે





ગઈ કાલે વાનખેડેમાં પ્રેક્ટિસ દરમિયાન સૂર્યકુમાર સાથે રોહિત (ડાબે) અને રૉબો કેમેરા સાથે મજાકના મૂડમાં ધોની. (પીટીઆઈ)

મુંબઈ: અહીં વાનખેડે સ્ટેડિયમમાં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) હાર્દિક પંડ્યાના નેતૃત્વમાં રમનાર મુંબઈ અને ઋતુરાજ ગાયકવાડની કૅપ્ટન્સીમાં અહીં આવેલી ચેન્નઈની ટીમ વચ્ચે આઇપીએલ-૨૦૨૬ની ૩૩મા નંબરની જે મૅચ રમાશે એ અસાધારણ બની શકે, કારણકે એમાં મુંબઈનો ભૂતપૂર્વ કૅપ્ટન રોહિત શર્મા અને ચેન્નઈનો ભૂતપૂર્વ સુકાની એમએસ ધોની ફરી પૂરી ફિટનેસ સાથે કમબૅક કરી રહ્યા છે અને તેમની વચ્ચે ચડિયાતા પુરવાર થવાની હરીફાઈ જોવા મળી શકે. બન્ને મહારથી પોતપોતાની ટીમને પાંચ-પાંચ ટાઇટલ અપાવી ચૂક્યા છે.

આ વખતે પહેલી ચાર મૅચ રમેલા રોહિતને સાથળમાં ઈજા થઈ હતી, જ્યારે ધોની આ વખતે પહેલી જ વખત રમતો જોવા મળશે. ગઈ કાલે બન્ને દિગ્ગજે વાનખેડેમાં ઘણી પ્રૅક્ટિસ કરી એના પરથી તેમના અસંખ્ય ચાહકોમાં આશા જાગી છે કે તેઓ આજે રમશે.

ચેન્નઈ છેલ્લા પાંચમાંથી ચાર મુકાબલામાં મુંબઈને હરાવી ચૂક્યું છે. છેલ્લે ગયા વર્ષે વાનખેડેમાં જ મુંબઈએ રોહિત શર્મા અને સૂર્યકુમાર યાદવની અણનમ હાફ સેન્ચુરીની મદદથી ચેન્નઈને નવ વિકેટે હરાવ્યું હતું.

ચેન્નઈના કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડનો મુંબઈ સામે રેકૉર્ડ સારો છે એટલે બુમરાહ ઍન્ડ કંપનીએ તેને કાબૂમાં રાખવા નવી તરકીબ અજમાવવી જ પડશે. તેણે મુંબઈ સામે નવમાંથી ત્રણ મૅચમાં હાફ સેન્ચુરી ફટકારી છે જેમાંની બે હાફ સેન્ચુરી છેલ્લી બે મૅચમાં હતી. ■

# રાજસ્થાન જીતીને બીજા ક્રમે, લખનઊ છેલ્લેથી બીજા સ્થાને

લખનઊ: બુધવારે રાજસ્થાન (૨૦ ઓવરમાં ૬/૧૫૯)ની ટીમ લખનઉ (૧૮ ઓવરમાં ૧૦/૧૧૯)ને ૪૦ રનથી હરાવીને પૉઇન્ટ્સમાં બીજા નંબર પર આવી ગઈ હતી. લખનઊની ટીમ છેલ્લેથી બીજા નંબરે છે. શરૂઆતમાં લખનઊના ત્રણ બૅટ્સમેન ઝીરોમાં આઉટ થયા હતા. રાજસ્થાનના આર્ચરે ત્રણ, બર્ગર-બ્રિજેશે બે-બે અને જાડેજા-બિશ્નોઈએ એક-એક વિકેટ લીધી હતી. એ પહેલાં, રાજસ્થાનનો સૂર્યવંશી માત્ર આઠ રનમાં આઉટ થયો હતો. જાડેજા (૪૩ અણનમ, ૨૯ બૉલ, એક સિક્સર, બે ફોર)નો સ્કોર હાઈએસ્ટ હતો. ■

# અગાઉ નક્સલવાદીઓથી છવાયેલા દંતેવાડામાં સચિને બાળકો સાથે ખેલકૂદની મોજ માણી!



દંતેવાડા (છત્તીસગઢ): એક સમયે માઓવાદી નક્સલવાદીઓથી છવાઈ ગયેલા છત્તીસગઢ રાજ્યના દંતેવાડા વિસ્તારમાં ક્રિકેટ-લેજન્ડ સચિન તેન્ડુલકર બુધવારે એક ખાસ ઇવેન્ટમાં બાળકો સાથે ખૂબ રમ્યો હતો અને તેમને ખેલકૂદમાં આગળ વધવા પ્રેરણા આપી હતી.


આ વિસ્તારમાં રમતગમતમાં પાયાના સ્તરેથી પરિવર્તન લાવવાની નેમ સાથે સરકારી વિભાગો દ્વારા (મૈદાન કપ અભિયાન હેઠળ) ખાસ ઇવેન્ટ યોજવામાં આવી હતી જેમાં સચિને ભાગ લીધો હતો. તે જગદાલપુર ઍરપોર્ટ પર પહોંચ્યા બાદ દંતેવાડાના છિંદનાર ગામમાં આયોજિત કાર્યક્રમમાં આવ્યો હતો. મૈદાન કપ સ્પર્ધા મન દેશી તથા સચિન તેન્ડુલકર ફાઉન્ડેશનના સપોર્ટથી યોજવામાં આવી રહી છે જેમાં ૫,૦૦૦થી પણ વધુ બાળકો ભાગ લઈ રહ્યા છે. મૈદાન કપમાં કબડ્ડી, ખો-ખો, ઍથ્લેટિક્સ તથા વૉલીબૉલ સહિતની રમતોનો સમાવેશ છે.

સચિને આ પ્રસંગે ઍરપોર્ટ પર પત્રકારોને કહ્યું, 'મૈદાન કપ અભિયાન હેઠળ અમે આશરે ૫૦ સ્કૂલ પ્લેગ્રાઉન્ડ તૈયાર કરી શક્યા એ બદલ હું ખૂબ ખુશ છું. અહીં મન દેશી ટીમ ખૂબ સારું કાર્ય કરી રહી છે.'

દંતેવાડામાં અગાઉ માઓવાદીઓનું સામ્રાજ્ય હતું. ૨૦૧૦ની સાલમાં આ વિસ્તારમાં (સુકુમા જિલ્લામાં) ૭૬ સલામતી રક્ષકો શહીદ થયા એને પગલે આ સમગ્ર વિસ્તારમાં પરિવર્તન આવવાનું શરૂ થઈ ગયું હતું. નક્સલવાદીઓને દેશમાંથી ખતમ કરવાનું અભિયાન નરેન્દ્ર મોદી સરકારનું શાસન આવતાં જ શરૂ થયું હતું અને એમાં સરકારને મોટી સફળતા મળી છે. ■

# ચેલ્સીના વળતાં પાણી: 'ટાઈટેનિક'ની હોનારતવાળા ૧૯૧૨ના વર્ષ જેવી કફોડી હાલત

## પ્રીમિયર લીગમાં ચેલ્સી હાર્યું એટલે ચૅમ્પિયન્સ લીગમાં ક્વૉલિફાય થવાનું મુશ્કેલ બન્યું



બ્રાઈટન વતી ફર્ડીએ પહેલો ગોલ કર્યો હતો

લંડન: ચેલ્સી ફૂટબૉલ ક્લબની ટીમ છ વખત ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)નું અને બે વખત ચૅમ્પિયન્સ લીગ (સીએલ)નું ટાઇટલ જીતી ચૂકી છે, પરંતુ મંગળવારે કંઈક એવું જેને કારણે ચેલ્સીની ટીમ મોટી મુસીબતમાં મુકાઈ શકે એવી સ્થિતિ સર્જાઈ છે. આ ટીમ ચૅમ્પિયન્સ લીગ માટે ક્વૉલિફાય ન થઈ શકે એવા સંજોગો ઊભા થયા છે.

મંગળવારે ચેલ્સીનો પ્રીમિયર લીગમાં બ્રાઇટન સામે ૦-૩થી પરાજય થયો હતો જેને કારણે ચૅમ્પિયન્સ લીગમાં ક્વૉલિફાય થવાનું એને માટે મુશ્કેલ થઈ ગયું છે. બ્રાઇટન સામેના પરાજયને પગલે ચેલ્સીની ટીમ સાતમા નંબરે જતી રહી છે. પ્રીમિયર લીગની ટોચની પાંચ ટીમને જ ચૅમ્પિયન્સ લીગમાં ક્વૉલિફાય થવા મળે છે. હવે પ્રીમિયર લીગના ચાર જ રાઉન્ડ બાકી છે એટલે ચૅમ્પિયન્સ લીગમાં પ્રવેશ મેળવવાની બાબતમાં ચેલ્સી માટે ખાંડાની ધાર પર ચાલવા જેવી હાલત થઈ ગઈ છે.

ચેલ્સી સામેની મૅચમાં બ્રાઇટન વતી ફર્ડી કૅડિયોગ્લુએ ત્રીજી મિનિટમાં, જૅક હિન્શેલવૂડે ૫૬મી મિનિટમાં અને ડૅની વેલ્બૅકે ૯૧મી મિનિટમાં ગોલ કર્યો હતો.

ચેલ્સીની હાલત અત્યારે કફોડી હોવાનું મોટું કારણ એ છે કે આ ટીમ તમામ સ્પર્ધાઓમાં કુલ આઠમાંથી સાત મૅચ હારી છે. હજી એક વર્ષ પહેલાં ક્લબ વર્લ્ડ કપનો તાજ જીતનારી ટીમ છેલ્લી નવમાંથી એક જ મૅચ જીતી છે. એટલું જ નહીં, છેલ્લી પાંચ મૅચમાં ચેલ્સીના ખેલાડીઓ એકેય ગોલ નથી કરી શક્યા. ફૂટબૉલ નિષ્ણાતો કહે છે કે 'ચેલ્સીની જે હાલત છે એ અગાઉ છેક ૧૯૧૨માં હતી. એ વર્ષ એવું કમનસીબ હતું જેમાં ટાઇટેનિક જહાજ ડૂબી ગયું હતું. ■

## આરૉન ફિન્ચે કૅપ્ટન અક્ષર પટેલ સામે નિશાન તાક્યું

# 'તેં કેમ આત્મવિશ્વાસ ગુમાવ્યો, કુલદીપને પણ કેમ બે જ ઓવર આપી?'

હૈદરાબાદ: આઇપીએલ-૨૦૨૬માં તમામ ૧૦ ટીમનું સુકાન ભારતીય ક્રિકેટરો સંભાળી રહ્યા છે અને એમાં જે કેટલાક સુકાનીઓ સારું પર્ફોર્મ નથી કરી રહ્યા એમાં દિલ્હી કૅપિટલ્સના અક્ષર પટેલનો પણ સમાવેશ છે અને મંગળવારે સનરાઇઝર્સ હૈદરાબાદ સામેના હાઇ-સ્કોરિંગ મુકાબલામાં દિલ્હીના ૪૭ રનથી થયેલા પરાજય બાદ ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન આરૉન ફિન્ચે અક્ષરની કૅપ્ટન્સીની ટીકા કરી છે.

### નીતીશની બોલિંગમાં બન્યા પંચાવન રન

હૈદરાબાદે ૨૦ ઓવરમાં બે વિકેટે ૨૪૨ રન કર્યા હતા. લેફ્ટ-હૅન્ડ ઓપનર અભિષેક શર્મા (૧૩૫ અણનમ) તેમ જ ટ્રૅવિસ હેડ (૩૭ રન), ઇશાન કિશન (પચીસ રન) અને હિન્રિક ક્લાસેન (૩૭ અણનમ) ફટકાબાજી કરી રહ્યા હતા એની વચ્ચે અક્ષરના કેટલાક નિર્ણયો ચર્ચાસ્પદ થયા હતા. અક્ષરે પેસ બોલર મુકેશ કુમારથી બોલિંગની શરૂઆત કરી હતી અને (સામા છેડે) બીજી ઓવર પાર્ટ-ટાઇમ સ્પિનર નીતીશ રાણાને આપી હતી જેમાં છ રન અને તેની પછીની ઓવરમાં ૨૦ રન બન્યા હતા. અક્ષરે પોતે છેક છઠ્ઠી ઓવરમાં બોલિંગ કરી હતી અને કુલદીપને સાતમી ઓવરમાં મોરચા પર પહેલી વખત મૂક્યો હતો. વધુ નવાઈની વાત એ છે કે અક્ષરે નીતીશને પૂરી ચાર ઓવર આપી હતી જેમાં તેને પંચાવન રનના ખર્ચ છતાં એક પણ વિકેટ નહોતી મળી. ખુદ અક્ષરે બે ઓવર કરી હતી જેમાં તેને ૨૩ રનમાં એક વિકેટ મળી હતી અને કુલદીપને ફક્ત બે ઓવર આપી હતી જેમાં ૩૦ રનમાં તેને એકેય વિકેટ નહોતી મળી.

આરોન ફિન્ચે એક જાણીતી ક્રિકેટ-વેબસાઇટના શૉમાં કહ્યું, 'અમે તો માથું ખંજવાળતા હતા. અમને થયું કે અક્ષર અને કુલદીપ, ભારતના આ બે મુખ્ય સ્પિનરે મૅચમાં કુલ મળીને ફક્ત ચાર ઓવર કરી અને પાર્ટ-ટાઇમ સ્પિનર નીતીશ રાણાને એકલાને ચાર ઓવર આપવામાં આવી. આમાં મને સમજદારી જેવું કંઈ લાગ્યું જ નહીં.'



મંગળવારે રાણાને બોલિંગ કરવાનું કહી રહેલો કૅપ્ટન અક્ષર.

### અક્ષર તો બે વર્લ્ડ કપ જીતી ચૂક્યો છે: ફિન્ચ

ફિન્ચે ભાર દઈને કહ્યું, 'અક્ષર તો બે વર્લ્ડ કપ જીતી ચૂક્યો છે. તેણે દમામભેર પોતાનો પ્રભાવ બતાડવાની જરૂર હતી. તેણે શું કામ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેનોથી પોતાને દૂર રાખ્યો? તેણે પ્રેશરના સમયે પોતાના પર જ વિશ્વાસ ન મૂક્યો? કુલદીપને પણ કેમ બે જ ઓવર આપી?'

### અક્ષરનો અભિષેક સામે સારો રેકૉર્ડ હતો!

મંગળવારની મૅચ પહેલાં અક્ષર પટેલનો અભિષેક શર્મા સામે બહુ સારો રેકૉર્ડ હતો એમ છતાં અક્ષરે મંગળવારે તેની સામે વધુ બોલિંગ કરવાનું ટાળ્યું હતું. આ મૅચ અગાઉ અક્ષરે આઠ બૉલમાં ફક્ત છ રનના ખર્ચે બે વખત અભિષેકને આઉટ કર્યો હતો. ■

# ચહલ ભડકી ગયો એટલે 'ગંદી બાત'ની ઍક્ટ્રેસ મિજાજ બદલીને તરફેણમાં બોલવા લાગી!





નવી દિલ્હી: ઉલ્લૂ ઍપની 'ગંદી બાત' નામની લોકપ્રિય સિરીઝથી જાણીતી થયેલી ઍક્ટ્રેસ તાન્યા ચૅટર્જીનો થોડા સમયથી ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે જે વિવાદ ચાલી રહ્યો છે એમાં નવો વળાંક આવ્યો છે જેમાં ચહલે તાન્યાને માનહાનિ બદલ નોટિસ મોકલી હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં તાન્યાએ ઇન્સ્ટાગ્રામ પર પાપારાઝી તરીકે ઓળખાતા સેલિબ્રિટીઝ માટેના એક ફોટોગ્રાફરને બતાવ્યું હતું કે ચહલે પણ તેને 'ક્યૂટ' કહી છે. તાન્યાએ ફોટો પડાવતી વખતે 'જાણી જોઈને' પાપારાઝીને પોતાનો મોબાઇલ બતાવ્યો હતો જેમાં યુઝવેન્દ્ર ચહલની 'ચૅટ' હતી જેમાં તેણે બે પોસ્ટ પર 'ક્યૂટ' કમેન્ટ કરી હતી. જોત જોતામાં આ વીડિયો વાઇરલ થઈ ગયો અને એક છોકરીને 'પરેશાન' કરવાનો ચહલ સામે 'આક્ષેપ' મુકાયો. તાન્યાની પાપારાઝી સાથેની આ ગપસપથી પોતાની પ્રતિષ્ઠાને નુકસાન થયું હોવાનું કારણ આપીને ચહલે તાન્યાને નોટિસ મોકલી છે. જોકે હવે તાન્યાએ ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે 'આખા મામલાને ચગાવવામાં આવ્યો છે. કોઈને ક્યૂટ કહેવું એ અપરાધ નથી. એ તો બસ એક સામાન્ય પ્રશંસા હતી જેને ચહલે ખોટી રીતે સમજી લીધી હતી. મારા મૅસેજને એવી રીતે રજૂ કરવામાં આવ્યો જાણે મેં કંઈ ખોટું કહી દીધું.' ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| जवळ | સળગવું |
| जवळबोंब | તાવ |
| जळणे | નજીક |
| जत्रा | જલમય |
| ज्वर | મેળો |

### જાણવા જેવું

માણસના કાનના પડદા ઉપર અમુક હદ સુધીની તીવ્રતાવાળાં મોજાંની અસર થઈ શકે છે. ઝીણા અવાજને મોટો કરી શકાય. આપણે જે કાંઈ બોલીએ છીએ તેનો અથવા બંદૂક કે તોપ ફૂટવાનો જે અવાજ થાય છે તેનો અવાજ વાતાવરણમાં એક સેકંડમાં ૧૦૯૦ ફૂટના વેગથી, પાણીમાં ૪૭૦૮ ફૂટના વેગથી અને ઘન પદાર્થમાં ૧૬૮૦૦ ફૂટના વેગથી જાય છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના સસરાની એકમાત્ર દીકરીના નણદોઈના સસરા પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકાજી  બ) મામાજી
ક) પિતા  ડ) દાદા

### નોંધી રાખો

વર્ષો જૂનાં વૃક્ષોને જમીનસોતાં કરતો પવન વનમાં પરાગરજ વેરીને નવાં વૃક્ષોને નવી જગ્યાએ ઊગવા અનુકૂળતા પણ કરી આપે છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | |
| | ■ | ૬ | | ■ | ૭ | | ■ | | ■ |
| ■ | ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | ■ | ■ |
| | ■ | ૧૩અ | ■ | | ■ | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | | | | ■ | ૧૭ | ■ | | ■ | |
| ■ | ■ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | ૨૧ | ■ | ૨૨ | | | ■ | ૨૩ | | ■ |
| ■ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ■ | |
| ૨૬ | | | | ■ | ૨૭ | | | | |

**આડી ચાવી**

૧ ભારત ---- દેશ છે (૫)
૪ દયાજનક (૪)
૬ સુંદર સ્ત્રી (૨)
૭ સમુદ્ર (૨)
૮ છેડો, પાર (૨)
૯ આવવું અને જવું તે (૩)
૧૦ એક ચોપગું હિંસક પ્રાણી (૨)
૧૧ અઠવાડિયાનો એક વાર (૨)
૧૨ શાક, લીલોતરી વગેરે (૩)
૧૪ સંઘરો કરનાર (૪)
૧૬ પ્રસ્તાવ, અરજી (૪)
૧૮ ઊથલો, ફેરબદલી (૩)
૧૯ ચંદ્રમા (૨)
૨૦ ઝાકળ (૨)
૨૨ પગલું, ડગલું (૩)
૨૩ કટિ, કમર (૨)
૨૪ પારકું (૨)
૨૫ સત્ત્વ, દમ (૨)
૨૬ અણીનો --- બારીક સમય (૪)
૨૭ બાહ્ય દેખાવ કે વેશની ફેરબદલી, ભારે ફેરફાર (૫)

**ઊભી ચાવી**

૧ રમત, ક્રિડા (૨)
૨ સવાર (૩)
૩ ---- નાખવા=પડાવ કરવો (૨)
૪ સમુદ્રની પુત્રી, લક્ષ્મી (૩)
૫ શાંત (૩)
૭ અળખામણું, અણમાનીતું (૩)
૮ પ્રજ્ઞાચક્ષુ (૨)
૯ આકૃતિ, ઘાટ (૩)
૧૧ ભવ્ય, મોટું (૩)
૧૩ યુદ્ધ (૩)
૧૩અ પ્રશંસા (૩)
૧૫ ભાગ્ય, નસીબ (૩)
૧૭ વિશ્વ, દુનિયા (૩)
૧૮ પાલવ, છેડો (૩)
૧૯ પાસું, બાજુ (૨)
૨૧ ઝડપ, ઝપાટો (૩)
૨૨ છળ-પ્રપંચ કરનારું (૩)
૨૩ વાળ રંગવાની એક બનાવટ (૩)
૨૫ સ્નેહ, પ્રીતિ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગો | ૨ વ | ર્ધ | ૩ ન | ■ | ૪ ન | ૫ કુ | લ | ■ | ૬ વ |
| ૭ કી | ર | ■ | ૮ મ | સ્તી | ■ | લિ | ■ | ૯ અ | ત્ર |
| રો | ■ | ■ | સ્કા | ■ | ૧૦ બા | ન | ■ | ક્ષ | ■ |
| ■ | ૧૧ આ | ૧૨ વ | ર | ણ | ■ | ■ | ૧૩ કા | ય | ૧૪ દો |
| ■ | ૧૫ ભા | ણ | ■ | ■ | ૧૬ સ્વી | કા | ર્ય | ■ | ડ |
| ૧૭ આં | ■ | ૧૮ લો | ભિ | યા | ■ | ■ | ૧૯ ર | ૨૦ ક્ષા | ■ |
| ૨૧ સુ | ૨૨ ર | ભી | ■ | ■ | ૨૩ ક | ૨૪ પા | ત | ર | ■ |
| ■ | હે | ■ | ૨૫ ક | ટિ | ■ | દ | ■ | ■ | ૨૬ ત |
| ૨૭ ડા | મ | ■ | લ | ■ | ૨૮ નિ | શા | ■ | ૨૯ બા | ળા |
| રો | ■ | ૩૦ સ | હ | ત્ર | ■ | ૩૧ હ | લ | વા | ઈ |

### ઓળખાણ પડી?



'મારી લાડકી' સહિત અનેક ગીતોથી લોકહૃદયમાં સ્થાન જમાવનાર અને મુંબઈ સમાચાર ભાગવત સપ્તાહમાં ભાવિકોને મંત્રમુગ્ધ કરનારા કલાકારની ઓળખાણ પડી?

અ) પ્રફુલ દવે
બ) તુષાર ત્રિવેદી
ક) હેમંત ચૌહાણ
ડ) કીર્તિદાન ગઢવી

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક પ્રાણી સંતાયું છે એ શોધી કાઢો.
આખી વાત આપેલા ઉદાહરણથી સમજાઈ જશે.

### માઈન્ડ ગેમ

ઉત્કૃષ્ટ પ્રદાન બદલ સાહિત્ય અકાદમી પુરસ્કાર તેમજ જ્ઞાનપીઠ પુરસ્કાર જેવા ઉચ્ચ સન્માન મેળવનારાં લેખિકાનું નામ જણાવો.

અ) મહાદેવી શુક્લા  બ) ઉષા પ્રિયંવદા  ક) કૃષ્ણા સોબતી  ડ) ભારતી વર્મા

### સુડોકુ-૯૨૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | ૯ | | ૭ | ૮ | | |
| | ૯ | | ૩ | | ૪ | | ૬ | |
| ૭ | ૫ | | | ૧ | | | ૯ | ૪ |
| ૬ | ૩ | | | | | | ૮ | ૫ |
| | | ૨ | | | | ૧ | | |
| ૯ | ૭ | | | | | | ૩ | ૨ |
| ૪ | ૧ | | | ૯ | | | ૨ | ૮ |
| | ૬ | | ૭ | | ૧ | | ૪ | |
| | | ૭ | ૫ | | ૮ | ૯ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૧ | ૬ | ૪ | ૭ | ૮ | ૯ |
| ૯ | ૬ | ૪ | ૭ | ૮ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૧ | ૭ | ૮ | ૨ | ૩ | ૯ | ૫ | ૪ | ૬ |
| ૮ | ૧ | ૨ | ૫ | ૯ | ૬ | ૩ | ૭ | ૪ |
| ૬ | ૫ | ૩ | ૪ | ૭ | ૧ | ૮ | ૯ | ૨ |
| ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૮ | ૧ | ૬ | ૫ |
| ૫ | ૮ | ૯ | ૬ | ૧ | ૩ | ૪ | ૨ | ૭ |
| ૭ | ૪ | ૬ | ૮ | ૫ | ૨ | ૯ | ૩ | ૧ |
| ૩ | ૨ | ૧ | ૯ | ૪ | ૭ | ૬ | ૫ | ૮ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| जटिल | અટપટું |
| जप | રટણ |
| जरा | વૃદ્ધત્વ |
| जलद | વેગવાન |
| जलाल | ઉગ્ર |

**ગુજરાત મોરી મોરી રે:** નણંદ

**ઓળખાણ પડી?** મૈથિલી ઠાકુર

**માઈન્ડ ગેમ :** વી. સ. ખાંડેકર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** વાલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મીનલ કાપડિયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મહેશ સંઘવી (૧૬) કિરીટ છેડા (૧૭) લજિતા ખોના (૧૮) ચેતના છેડા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભાવના કર્વે (૨૨) ભરત કજરિયા (૨૩) દિપીકા દોશી (૨૪) પ્રવીણ વોરા (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અલકા વાણી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) ડાયના સંતોકે (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) કમલ માતલિયા (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) પ્રજ્ઞા પુરોહિત (૪૧) પ્રમોદ પુરોહિત (૪૨) અંજુ ટોલિયા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) મહેશ દોશી (૪૭) સુભાષ મોમાયા (૪૮) જયવંત પદમશી ચિખલ

# મુંબઈના મોટાભાગના ખાદ્યગૃહોમાં ઍનાલોગ ચીઝ-પનીરનો વપરાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા રાજ્યની બધી જ રેસ્ટોરન્ટ/કેટરર્સ/હોટેલ/ફાસ્ટ ફૂડ વિક્રેતાઓ માટે તેમના દ્વારા તૈયાર કરવામાં આવતા ખાદ્ય પદાર્થમાં દૂધમાંથી બનેલું પનીર/ચીઝ વાપરે છે કે પછી ઍનાલોગ ચીઝ/પનીર વાપરે છે તે લખવાનું બંધનકારક બનાવ્યું છે ત્યારે ઍનાલોગ ચીઝ પનીરના ખાદ્ય ઉદ્યોગોમાં ઉપયોગની હદ વિશે પુછવામાં આવ્યું ત્યારે મહારાષ્ટ્ર રાજ્યના ફૂડ સેફટી કમિશનર (ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન) શ્રીધર દુબે-પાટીલે મુંબઈ સમાચારને કહ્યું હતું કે, મુંબઈમાં મોટા ભાગના ખાણીપીણીના સ્થળો ઍનાલોગ પનીરનો જ ઉપયોગ કરે છે. તેમણે

(જુઓ પાનું ૪) ▸▸

## કેમ કરવામાં આવી કાર્યવાહી?

એફડીએને કેટલીક ફરિયાદ મળી હતી કે કેટલીક ખાદ્ય સંસ્થાઓ ગ્રાહકોને પૂરતી માહિતી આપ્યા વિના ખોરાકની તૈયારીમાં ચીઝ ઍનાલોગનો વ્યાપકપણે ઉપયોગ કરે છે, જેના કારણે ગેરમાર્ગે દોરતી પ્રથાઓની ફરિયાદો ઉભી થાય છે. તેમાં એવું પણ જાણવા મળ્યું છે કે કેટલાક બજારોમાં, પનીર ઍનાલોગ અથવા ચીઝ ઍનાલોગ ઉત્પાદનો પનીર અથવા ચીઝ અથવા સમાન શબ્દોના નામથી વેચાઈ રહ્યા છે, જેના કારણે ગ્રાહકોમાં મૂંઝવણ ઊભી થઈ રહી છે.

ગ્રાહકોને પારદર્શક માહિતી પૂરી પાડવા અને ખોરાકની ગુણવત્તા અંગે જાગૃતિ

(જુઓ પાનું ૪) ▸▸

## ક્યાં કરી શકાય ફરિયાદ?

આ દરમિયાન, એફડીએએ ગ્રાહકોને તેમના ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૩૬૫ પર ગેરમાર્ગે દોરતી પ્રથાઓની જાણ કરવા વિનંતી કરી છે.

## શું ફરક છે ઍનાલોગ અને દૂધમાંથી બનેલા ચીઝ-પનીરમાં

'એનાલોગ' શબ્દનો અર્થ જ નકલ છે. ઍનાલોગ પનીર નથી, તે વનસ્પતિ ચરબી, સ્ટાર્ચ, ઇમલ્સિફાયર અને અન્ય ઘટકોમાંથી બનાવવામાં આવે છે. બીજી બાજુ, પનીર ફક્ત દૂધનું ઉત્પાદન છે, એમ મહારાષ્ટ્ર રાજ્યના ફૂડ સેફ્ટી કમિશનર, ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન, શ્રીધર દુબે-પાટીલે બુધવારે મુંબઈ સમાચારને જણાવ્યું હતું. પનીર ગરમ કરવાથી ઉકળતું નથી, જ્યારે એનાલોગ ઉકળે છે, કારણ કે તે તેલમાંથી બને છે. એફએસએસએઆઈના ધોરણો મુજબ બાદમાં 'ચીઝ એનાલોગ' તરીકે વર્ગીકૃત થયેલ છે.

તેમણે એવી સ્પષ્ટતા કરી હતી કે બંને ખાદ્ય છે, પરંતુ પોષણ મૂલ્યમાં ભિન્ન છે. ઍનાલોગ પનીર ઝેરી નથી; તે એક ખાદ્ય ઉત્પાદન પણ છે. જ્યારે પનીર પ્રોટીન, કેલ્શિયમ, ચરબી અને અન્ય પોષક તત્વોનો સમૃદ્ધ સ્રોત છે, એનાલોગમાં તેલ હોય છે અને તેમાં ટ્રાન્સ ચરબી વધુ હોય છે. સૌથી અગત્યનું, લોકોએ જાણવું જોઈએ કે તેઓ શું ખાઈ રહ્યા છે, પછી ભલે તે ઍનાલોગ ચીઝ હોય કે વાસ્તવિક પનીર, તેમણે ઉમેર્યું કે ગ્રાહક જાગૃતિના અભાવને કારણે આ પગલું લેવામાં આવ્યું છે. લોકો રેસ્ટોરાંમાં જાય છે, પનીરનો ઓર્ડર આપે છે અને ચીઝ એનાલોગ ખાઈને ખાય છે કે તે વાસ્તવિક પનીર છે.

'ચીઝ' એ ફક્ત દૂધમાંથી બનેલું ઉત્પાદન છે, જ્યારે 'ચીઝ ઍનાલોગ' વનસ્પતિ તેલ, સ્ટાર્ચ અને અન્ય ઘટકોમાંથી તૈયાર કરવામાં આવે છે. તે દેખાવમાં ચીઝ જેવું લાગે છે, પરંતુ વાસ્તવમાં ચીઝ નથી. ■

## ગ્રાહકો તેનો ઉપયોગ કેવી રીતે ઓળખી શકે

ગ્રાહકો કેવી રીતે ચીઝ-પનીર દૂધમાંથી બનેલા છે કે નહીં તે સમજી શકે તે માટેનો એક મૂળભૂત માપદંડ સૂચવતાં તેમણે જણાવ્યું હતું કે, 'જો તમે એવી જગ્યાએથી ઓર્ડર કરી રહ્યા છો અથવા જમતા હોવ જ્યાં પનીરની વાનગીની કિંમત ૧૦૦-૧૫૦ રૂપિયા હોય, તો સંભવ છે કે તેઓ ઍનાલોગ પનીરનો ઉપયોગ કરી રહ્યા હોય. તમે તે કિંમતે ૧૫૦ ગ્રામ પનીર - પ્રતિ વાનગી પ્રમાણભૂત સરેરાશ - કેવી રીતે પીરસી શકો છો? નિયમિત પનીર સાથે, તમે ફક્ત પનીર પર ઓછામાં ઓછા ૫૦-૬૦ રૂપિયા ખર્ચ કરશો. અન્ય ખર્ચ ઉમેરો તેને ૧૭૦ અથવા તો ૨૦૦ રૂપિયાથી ઓછી કિંમતમાં પીરસવાનું લગભગ અશક્ય છે.'

બીજી તરફ ઍનાલોગ પનીર કિલોના ૨૦૦ના દરે ઉપલબ્ધ હોય છે એટલે તેને વાસ્તવિક પનીરને સ્થાને વાપરવામાં આવે છે. ■

# વિધાન પરિષદની સીટ બનશે ઉદ્ધવ-આદિત્ય વચ્ચે સંઘર્ષનું કારણ?

**આદિત્ય ઠાકરે પોતાના વિશ્વાસુને આપવા માગે છે બેઠક**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાન પરિષદની આગામી મહિને થનારી ચૂંટણીમાં મહા વિકાસ આઘાડી માત્ર એક જ બેઠક જીતી શકે એવી શક્યતા છે. ત્યારે આ બેઠક ઠાકરે પિતા-પુત્ર વચ્ચે સંઘર્ષનું કારણ બની રહે એવા એંધાણ જોવા મળી રહ્યા છે. સાથી પક્ષ અને વિપક્ષોના ફેવરિટ ઉમેદવાર ઉદ્ધવ ઠાકરેને પોતાના ઘરમાં જ વિરોધનો સામનો કરવો પડી રહ્યો હોવાનું ચિત્ર ઊભું થયું છે.

વિધાન પરિષદની એક બેઠક માટે કેટલાક નેતાઓએ માતોશ્રી પર લોબિંગ શરૂ કરી દીધું છે. ઉદ્ધવ સેનામાં અત્યારે અંબાદાસ દાનવે, સુષ્મા અંધારે, વૈભવ નાઈક અને સુરજ ચવ્હાણના નામ અત્યારે ઉમેદવારીની સ્પર્ધામાં જોવા મળી રહ્યા છે. જ્યારે એક નેતાએ રશ્મિ ઠાકરેને વિધાન પરિષદ માટે તૈયાર કર્યા હોવાનું માનવામાં આવે છે. જો ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદમાં નહીં જાય, તો શું મહા વિકાસ આઘાડીમાં સત્તાના સમીકરણો બદલાશે? એવી ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે એવું લાગે છે કે કેટલાક નેતાઓએ આ બેઠક મેળવવા માટે માતોશ્રી પર પોતાનું વજન વાપરવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે.

વિધાન પરિષદની ચૂંટણી માટે શિવસેનાના નેતા સુષ્મા અંધારેનું નામ મોખરે માનવામાં આવે છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમણે માતોશ્રી પર લોબિંગ શરૂ કરી દીધું છે. સૂત્રોએ માહિતી આપી છે કે સુષ્મા અંધારેએ આ બેઠક માટે રશ્મિ ઠાકરેનો સંપર્ક કર્યો છે. અન્ય ઉમેદવારો પણ સક્રિય થયા છે. તે જ સમયે, એવું માનવામાં આવે છે કે અંધારેએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી છે.

વૈભવ નાઈક અને ભૂતપૂર્વ વિપક્ષી નેતા અંબાદાસ દાનવે પણ વિધાન પરિષદમાં જવા માટે રસ ધરાવતા હોવાનું માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે તેઓએ સાંસદ સંજય રાઉતના માધ્યમથી પોતાનો કેસ રજૂ કર્યો છે.

અહીં ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસ અને એનસીપી (એસપી)એ સ્પષ્ટ કરી દીધું છે કે વિધાન પરિષદની ચૂંટણી ઉદ્ધવ ઠાકરે ફરીથી લડવાના હોય તો તેમની સામે ઉમેદવાર આપવામાં આવશે નહીં, પરંતુ અન્ય કોઈપણ ઉમેદવાર હશે તો કૉંગ્રેસ

(જુઓ પાનું ૪) ▸▸

# ભિવંડી મેટ્રોના ખર્ચમાં ₹ ૧૪૨૭ કરોડનો વધારોઃ બીજા તબક્કાને અંડર-ગ્રાઉન્ડ કરવાને સૈદ્ધાંતિક મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રો રૂટ પાંચના બીજા તબક્કાનું કામ હજી શરૂ થયું નથી તે પહેલાં જ આ મેટ્રોના કામમાં ૧૪૨૭ કરોડ રૂપિયાનો વધારો થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. હવે આ મેટ્રો પાછળ અગાઉના ૮૪૧૬ કરોડ રૂપિયાને સ્થાને ૯૮૪૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા મુંબઈ મેટ્રો માર્ગ-૫, પ્રોજેક્ટ તબક્કો-૨ (ધામણકર નાકાથી દુર્ગાડી ચોક) અને મુંબઈ મેટ્રો-૫અ (દુર્ગાડી-આધારવાડી-ખડકપાડા-કલ્યાણ અને ભોઈરવાડી-ઉલ્હાસનગર (મુંબઈ મેટ્રો રૂટ-૫નો વિસ્તાર) પ્રકલ્પના વિસ્તૃત અહેવાલનો અમલ કરવા અને આ રૂટના બંને તબક્કા માટે સુધારિત કિંમતને માન્યતા આપવા માટે બુધવારે એક સરકારી આદેશ બહાર પાડવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા ભિવંડી મેટ્રોનું કામ એમએમઆરડીએના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. ૨૪.૯ કિ.મી. લાંબા આ રૂટ પર ૧૭ એલિવેટેડ સ્ટેશનનો સમાવેશ થતો હતો.

આ આદેશમાં જણાવ્યા મુજબ ભિવંડી મેટ્રોના પહેલા તબક્કાનું (થાણેથી ભિવંડી) કામ અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. આ માર્ગના નિર્માણ વખતે પુનર્વસનની આવશ્યકતા ન હોવાથી કામ ઝડપથી પૂર્ણ થયું હતું, પરંતુ આ જ રૂટના બીજા તબક્કામાં (ભિવંડીથી કલ્યાણ) મોટા પ્રમાણમાં બાંધકામો આવેલા હોવાથી તેમના પુનર્વસનની જવાબદારીઓ નિર્માણ થઈ રહી છે. આ બધી બાબતને ધ્યાનમાં રાખીને એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે બીજા તબક્કાને અંડર-ગ્રાઉન્ડ કરવામાં આવે અને તેથી આ તબક્કાના બાંધકામ ખર્ચમાં ૧૪૨૭ કરોડ રૂપિયાનો વધારો થઈ રહ્યો છે. આ ખર્ચના વધારાને અત્યારે સૈદ્ધાંતિક માન્યતા આપવામાં આવી હોવાનું રાજ્ય સરકાર દ્વારા બુધવારે બહાર પાડવામાં આવેલા સરકારી આદેશમાં જણાવવામાં આવ્યું છે.

ભિવંડી શહેરમાં હાલની ટ્રાફિક

(જુઓ પાનું ૪) ▸▸

# મીરા-ભાયંદરના નગરસેવક વિરુદ્ધ જાતીય સતામણીનો ગુનો

## વિવાદ ઊઠતાં નગરસેવકે ફરિયાદી મહિલા વિરુદ્ધ ખંડણી માગવાનો ગુનો નોંધાવ્યો

મુંબઈઃ મીરા-ભાયંદર મહાનગરપાલિકામાંના સત્તાધારી પક્ષ ભાજપના નગરસેવક લક્ષ્મણ જંગમ વિરુદ્ધ મહિલાએ કથિત જાતીય સતામણીની ફરિયાદ નોંધાવતાં રાજકીય વર્તુળમાં ખળભળાટ મચી ગયો હતો. ભારે વિવાદને જોતાં નગરસેવકે પણ એ મહિલા વિરુદ્ધ ખંડણી માગવાનો ગુનો નોંધાવ્યો હતો.

મળતી માહિતી અનુસાર લગ્નની લાલચે જાતીય શોષણ કરવાની ફરિયાદ ૪૦ વર્ષની મહિલાએ કરી હતી. ફરિયાદને આધારે મીરા રોડ પોલીસે નગરસેવક જંગમ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. સામે જંગમે ભાયંદરના નવઘર પોલીસ સ્ટેશનમાં મહિલા વિરુદ્ધ ફરિયાદ કરી હતી, જેને પગલે પોલીસે ખંડણીનો ગુનો નોંધ્યો હતો.

મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે જાતીય સતામણીની શરૂઆત જુલાઈ, ૨૦૨૨થી થઈ હતી. નગરસેવકે ફરિયાદીને પોતાની ઑફિસમાં બોલાવી હતી. લગ્નનું વચન આપી પહેલી વાર તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યાર બાદ ઑગસ્ટ, ૨૦૨૨માં મુંબઈના ગોરાઈ બીચ ખાતેની એક

(જુઓ પાનું ૪) ▸▸

# 'કામ નહીં તો વેતન નહીં'

## હડતાળ પર ઉતરેલા કર્મચારીઓને સરકારની ચેતવણી

નાગપુરઃ જૂની પેન્શન યોજના લાગુ કરવા સહિતની વિવિધ માગણીઓ માટે સરકારી અને અર્ધ-સરકારી કર્મચારીઓએ હડતાળનું એલાન કર્યું. જોકે કેટલાક કર્મચારી સંગઠનોએ હડતાળને ટેકો આપ્યો નથી અને તેઓ કામ પર હાજર રહ્યા હતા. કર્મચારીઓ હડતાળ પર હોવાને કારણે સરકારી કામકાજ પર અસર જોવા મળી હતી. કેટલાક વિભાગો ઠપ થઈ ગયા હતા. ખાસ કરીને મહેસૂલ વિભાગને લગતા કામકાજ પર વધુ અસર જોવા મળી હતી. હડતાલના બીજા દિવસે પણ કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનું કહેવાય છે.

હડતાળમાં જોડાનારાઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે અને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે 'કામ નહીં તો વેતન નહીં' ની નીતિ અપનાવવામાં આવશે. બીજી તરફ કર્મચારીઓ પણ પોતાની હડતાળ પર અડગ છે. મહેસૂલ તૃતીય શ્રેણી કર્મચારી સંગઠનના જનરલ સેક્રેટરી રાજ ઢોમણેએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન ચર્ચા માટે નહીં આવે ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે.

રાજ્ય કર્મચારી સંગઠને રાજ્ય સરકારને ૧૮ માગણીઓનું નિવેદન સુપરત કર્યું છે. આ માગણીઓમાં જૂની નિવૃત્ત પગાર યોજના લાગુ

(જુઓ પાનું ૪) ▸▸



**તૈયારીઃ**

મહારાષ્ટ્ર દિન પહેલી મેના દિવસે દાદરના શિવાજી પાર્કમાં પરેડ યોજાતી હોય છે જેની તૈયારી રૂપે નાયગાંવ પોલીસ ગ્રાઉન્ડમાં મહિલા પોલીસોને તાલીમ આપવામાં આવી હતી. (અમય ખરાડે)

# બદલાપુર લોકલને 'રોંગ સિગ્નલ' આપવા બદલ સ્ટેશન માસ્ટર સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન લોકલ ટ્રેનના ઓપરેશનમાં સોમવાર પછી મંગળવારે ભયાનક હોનારત ટળી ગઈ હતી. મધ્ય રેલવેના ડોંબિવલી સ્ટેશનમાં લોકલ ટ્રેનનું ડિરેલમેન્ટ થયું હતું, જ્યારે મંગળવારે સીએસટી સ્ટેશને એક જ રેલવે ટ્રેક પર બે ટ્રેન જોવા મળી હતી. સમયસૂચક ટ્રેનના મોટરમેન સુરક્ષિત બે ટ્રેન વચ્ચે રાખ્યું હતું, પરંતુ આ બનાવમાં મોટી બેદરકારીનું નિર્માણ થયું હોત તો મુંબઈ રેલવે માટે મંગળવારનો દિવસ લોહિયાળ સાબિત થઈ શક્યો હતો. મોટરમેનની સમયસૂચકતાથી હોનારત ટળી ગઈ છે, પરંતુ રોંગ સિગ્નલની ભૂલ અંગે તાત્કાલિક કાર્યવાહી કરી છે, જે બદલ સ્ટેશન માસ્ટરને સસ્પેન્ડ કર્યો છે, જ્યારે તપાસ પણ હાથ ધરી છે.

મંગળવારે બપોરે ૩.૧૫ વાગ્યાના સુમારે આ બનાવ બન્યો હતો. બદલાપુરની લોકલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ચાર જવાની હતી, પરંતુ રોંગ સિગ્નલને કારણે એને પાંચ નંબરના પ્લેટફોર્મ પર મોકલી દેવામાં આવી હતી. સૌથી ચોંકાવનારી વાત એ હતી કે પાંચ નંબરના પ્લેટફોર્મ પર ઓલરેડી એક ટ્રેન તો હતી. આ બાબતની સિગ્નલ આપનારને જાણ નહોતી, પરંતુ બદલાપુરના લોકો પાઈલટને જાણ થયા પછી સેફ મોડમાં લોકલ

(જુઓ પાનું ૪) ▸▸

# શિક્ષણ વિભાગનો શિક્ષકોને યુજીસી ધોરણે વેતન આપવાનો નિર્ણય

## કેબિનેટની બેઠકમાં અન્ય ત્રણ મહત્ત્વના નિર્ણયો લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય પ્રધાનમંડળની એક મહત્ત્વપૂર્ણ બેઠકમાં ચાર ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા. આનાથી શિક્ષણ ક્ષેત્ર, પર્યાવરણ, ઔદ્યોગિક વિકાસ અને જમીન નીતિમાં મોટા ફેરફારો થશે. સ્પષ્ટ છે કે આ નિર્ણયો રાજ્યના વિવિધ ક્ષેત્રોને નવી ગતિ આપશે.

સૌ પ્રથમ, મહારાષ્ટ્ર રાજ્ય સંકુચિત બાયોગેસ નીતિ (સીબીજી) ૨૦૨૬ ની જાહેરાત કરવામાં આવી છે. આ નીતિ અનુસાર દરેક જિલ્લામાં એક સંકલન સમિતિની રચના કરવામાં આવશે. બાયોગેસ પ્રોજેક્ટ્સ પીપીપી ધોરણે અને હાઇબ્રિડ વાર્ષિકી પદ્ધતિથી અમલમાં મૂકવામાં આવશે. ચાલુ વર્ષમાં આ માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ પહેલ ઘન કચરાના પર્યાવરણને અનુકૂળ વ્યવસ્થાપનને સક્ષમ બનાવશે અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરશે. શહેરી વિકાસ વિભાગે આની જવાબદારી લીધી છે.

બીજો મહત્વપૂર્ણ નિર્ણય શિક્ષણ ક્ષેત્ર સાથે સંબંધિત છે. રાજ્યની સાત મોડેલ કોલેજોમાં શિક્ષકોને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિર્દેશો અનુસાર મૂળ પગાર આપવામાં આવશે. આ કોલેજોમાં કાર્યરત શિક્ષકોને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગની ભરતી પ્રક્રિયામાં વધારાના ગુણ મળશે. આનાથી શિક્ષકોને પ્રોત્સાહન મળશે અને ગુણવત્તાયુક્ત

(જુઓ પાનું ૪) ▸▸

# મોંઘા શોખ પૂરા કરવા 'રીલસ્ટાર' અયાને માતાના દાગીના ચોરીને વેચી નાખ્યા હતા

અમરાવતીઃ અનેક મહિલા-યુવતીઓ સાથે વાંધાજનક વીડિયો બનાવી સોશ્યલ મીડિયા પર વાયરલ કરવાના કેસમાં ધરપકડ કરાયેલા પરતવાડાના 'રીલસ્ટાર' અયાન અહમદની તપાસમાં અનેક ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે. પોલીસ તપાસમાં જણાયું હતું કે અયાને પોતાના મોંઘા શોખ પૂરા કરવા માટે તેની માતાના સોનાના દાગીના ચોરીને વેચી માર્યા હતા.

પરતવાડાના અશ્લીલ કાંડમાં ધરપકડ કરાયેલા અયાન સહિત ચાર આરોપીની પોલીસ કસ્ટડી છ દિવસ વધારવામાં આવી છે. પોલીસ અયાન અને તેના સાથીઓની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ ૧૯ વર્ષના અયાનના ઈન્સ્ટાગ્રામ પર ૧૮ હજાર ફોલોઅર્સ હતા. મેળઘાટની કૉલેજમાં તેણે નામ ખાતર એડ્મિશન લીધું હતું, પરંતુ તેનું બધું ધ્યાન રીલ બનાવવા પર હતું. આ સોશ્યલ મીડિયાના માધ્યમથી જ તેણે અનેક છોકરીઓને પોતાની જાળમાં ફસાવી હતી. એ છોકરીઓ સાથે અશ્લીલ વીડિયો બનાવતો અને તસવીરો પણ પાડતો. અયાન તેની રીલ્સમાં મોટી રકમ અને કીમતી વસ્તુઓ દેખાડીને પોતાની એક ઈમેજ બનાવી રહ્યો હતો. કહેવાય છે કે આલીશાન હોટેલ્સમાં જવું, છોકરીઓ પર નાણાં ખરચ કરવાં અને બ્રાન્ડેડ મોબાઈલનો તેને શોખ હતો. આ શોખ પોષવા તેને રૂપિયાની સતત જરૂર રહેતી. આર્થિક સગવડની લાયમાં તેણે ઘરમાંની સોનાની વસ્તુઓ ચોરવા માંડી. માતાના દાગીના ચોરીને તેણે વેચી નાખ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

સોશ્યલ મીડિયાના ફોલોઅર્સ પર પ્રભાવ પાડવા તેણે થાર કાર અને પિસ્તોલ સાથે પણ રીલ બનાવી હતી. ■

# શિવડી-વરલી એલિવેટેડ રોડઃ શુક્રવાર સુધીમાં મકાનો ખાલી કરો, નહીં તો સોમવારથી કાર્યવાહીનો આદેશ

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ શિવડી-વરલી એલિવેટેડ રોડ પ્રોજેક્ટમાં પ્રભાદેવી ડબલ-ડેકર બ્રિજના નિર્માણમાં રહેલી છેલ્લી અડચણને ટૂંક સમયમાં દૂર કરવા માટે પગલાં લીધાં છે. પુલના કામને કારણે અસરગ્રસ્ત લક્ષ્મી નિવાસ બિલ્ડિંગને તોડી પાડ્યા બાદ એમએમઆરડીએ એ હવે હાજી નૂરાની બિલ્ડિંગના રહેવાસીઓને ઘર ખાલી કરવા માટે નોટિસ ફટકારી છે. આ નોટિસ અનુસાર, રહેવાસીઓને શુક્રવાર સુધીમાં તેમના ઘર ખાલી કરવા વિનંતી કરવામાં આવી છે. સાથે ચેતવણી આપી છે કે જો આ સમયગાળામાં મકાનો ખાલી કરવામાં નહીં આવે તો સોમવારથી કાર્યવાહી કરવામાં આવશે. જો કે રહેવાસીઓએ કેટલીક મુશ્કેલીઓનો હવાલો આપીને એક મહિનાનો સમય માગ્યો છે અને હાલ પૂરતા મકાનો ખાલી કરવાનો ઇનકાર કર્યો છે. તેથી આ અંગે વિવાદ થવાની શક્યતા છે.

દક્ષિણ મુંબઈથી અટલ સેતુ સુધી ઝડપથી પહોંચવા માટે શિવડી-વરલી એલિવેટેડ રોડ બનાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ પર કામ શરૂ થઈ ગયું છે અને તે હવે કાર્યરત થવાની અપેક્ષા હતી. જોકે ટેક્નિકલ મુશ્કેલીઓ અને જમીન સંપાદનમાં અવરોધોને કારણે પ્રોજેક્ટમાં વિલંબ થયો છે, પરંતુ હવે એમએમઆરડીએ આ પ્રોજેક્ટ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની યોજના બનાવી રહ્યું છે. તે મુજબ આ પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવી રહેલા પ્રભાદેવી ડબલ-ડેકર બ્રિજનું કામ ઝડપી બનાવવામાં આવ્યું છે. આ પુલના થાંભલાઓ માટે રસ્તો બનાવવા માટે પ્રભાદેવીમાં હાજી નૂરાની અને લક્ષ્મી નિવાસ ઇમારતોને તોડવી પડશે. આ ઇમારતના રહેવાસીઓ માટે મ્હાડા પાસેથી

(જુઓ પાનું ૪) ▸▸

# વરલીમાં ભાજપની રેલીને કારણે ટ્રાફિક જૅમ થતાં મહિલા વીફરીઃ આયોજકો વિરુદ્ધ ગુનો

મુંબઈઃ દક્ષિણ મુંબઇના વરલી વિસ્તારમાં ભાજપની રેલીને કારણે ટ્રાફિક જૅમ થવાથી મહિલા ગુસ્સે ભરાઇ હતી, જેનો વીડિયો વાયરલ થયા બાદ નિયમોના કથિત ઉલ્લંઘન બદલ આયોજકો વિરુદ્ધ બુધવારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

સંસદમાં મહિલા અનામત ખરડાના પતનના વિરોધમાં નારી શક્તિ વંદન અધિનિયમ રેલી માટે પોલીસે મંગળવારે પરવાનગી આપી હતી, રેલીમાં કેટલાક નિયમોનું ઉલ્લંઘન થયું હતું. આ પ્રકરણે વરલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મંગળવારે રેલીમાં ભાજપના પ્રધાન ગિરિશ મહાજન પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા ત્યારે રસ્તાને અવરોધવા અને અસુવિધા ઊભી કરવા બદલ રોષે ભરાયેલી એક મહિલાએ મહાજન તરફ ઘાંટા પાડ્યા

(જુઓ પાનું ૪) ▸▸

# શાળાએ જવા નીકળતી વખતે ૧૦ વર્ષના વિદ્યાર્થીનું હ્રદયરોગના હુમલાથી થયું મોત

ચંદ્રપુરઃ ચંદ્રપુર જિલ્લાના બ્રહ્મપુરી તાલુકામાં શાળાએ જવા માટે ઘરેથી નીકળતી વખતે ૧૦ વર્ષના વિદ્યાર્થીનું હ્રદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. બેગમાં પુસ્તકો મૂક્યા બાદ પોતે શાળાએ જઇ રહ્યો હોવાનું માતાને કહીને વિદ્યાર્થી ઘરની બહાર પગ મૂકે એ પહેલાં તેને હ્રદયરોગનો હુમલો આવ્યો હતો અને માતાની નજર સામે તે મૃત્યુ પામ્યો હતો.

તાલુકાના દેલનવાડી વિસ્તારમાં બનેલી આ કરુણ ઘટનાને કારણે ગામવાસીઓમાં ગમગીની છવાઇ ગઇ હતી. મૃત્યુ પામેલા વિદ્યાર્થીની ઓળખ ઇશાન સત્યપાલ આત્રામ (૧૦) તરીકે થઇ હતી, જે બ્રહ્મપુરી ખાતે લોકમાન્ય ટિળક પ્રાથમિક વિદ્યાલયમાં ચોથા ધોરણમાં ભણતો હતો. ઇશાને રોજ મુજબ ગુરુવારે સવારે સાત વાગ્યે યુનિફૉર્મ પહેરીને પોતાની બેગમાં પુસ્તકો મૂક્યાં હતાં. હું શાળાએ જઇ રહ્યો છું, એવું તેણે માતાને કહ્યું હતું અને તે બેગ લઇને ઘરની બહાર નીકળી રહ્યો હતો ત્યારે અચાનક તેને છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો અને માતાની નજર સામે તે જમીન પર ફસડાઇ પડ્યો હતો. ■

# શેરબજારમાં ત્રણ દિવસની તેજીને બ્રેક; આઇટી શેરોના કારણે સેન્સેક્સ ૭૫૭ પોઇન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં ત્રણ દિવસની તેજીને બ્રેક લાગ્યો છે અને અમેરિકાએ લંબાવેલા યુદ્ધવિરામ છતાં ક્રૂડ ઓઇલના ભાવમાં જોવા મળેલા વધારા અને ઇન્ડેક્સ હેવીવેઇટ આઇટી શેરોના ભાવના ઘટાડાને કારણે બેન્ચમાર્ક ઇક્વિટી ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી બુધવારે લગભગ એક ટકા ગબડ્યા હતા.

આમ મંગળવારે નોંધાયેલો સુધારો બુધવારે ધોવાઇ ગયો હતો. સેન્સેક્સ ૭૫૬.૮૪ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકા ઘટીને ૭૮,૫૧૬.૪૯ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૮૩૧.૦૩ પોઈન્ટ અથવા ૧.૦૪ ટકા ઘટીને ૭૮,૪૪૨.૩૦ પોઇન્ટ સુધી નીચે ગબડ્યો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો નિફ્ટી ૧૯૮.૫૦ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા ઘટીને ૨૪,૩૭૮.૧૦ની સપાટીએ બંધ થયો હતો.

બજારના ઘટાડા પાછળના પરિબળો વિશે વાત કરતાં અગ્રણી માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, વિદેશી ભંડોળના બાહ્યપ્રવાહ અને પશ્ચિમ એશિયામાં લાંબા સમય સુધી અસ્થિરતાના ભયને કારણે પણ બજારના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી.

૩૦-સેન્સેક્સ કંપનીઓમાં, એચસીએલ ટેકનોલોજી માર્ચ ક્વાર્ટરની કમાણી રોકાણકારોને ખુશ કરવામાં નિષ્ફળ ગઈ હોવાથી તેના શેરમાં ૧૦.૮૫ ટકાનો કડાકો જોવા મળ્યો હતો અને તે ટોપ લુઝર બન્યો હતો. એચસીએલ ટેકનો માર્ચ ક્વાર્ટરમાં સંયુક્ત ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૪.૨૦ ટકાનો વધારો થયો હતો અને તે રૂ. ૪,૪૮૮ કરોડ થયો હતો, જ્યારે મેનેજમેન્ટે ટેરિફ અને નરમ વિવેકાધીન ખર્ચને કારણે ભારે અસ્થિર માગની સંભાવનાને આધારે નાણાકીય વર્ષ ૨૦૨૭માં એકથી ચાર ટકાનો વૃદ્ધિ ગાઇડન્સ જાહેર કર્યું હતું.

આ સાથે તે સેન્સેક્સના સૌથી વધુ ઘટનારા શેરોમાં ટોચના સ્થાને રહ્યો હતો. આ યાદીમાં ઇન્ફોસિસ, મહિન્દ્રા અને મહિન્દ્રા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા અને આઇસીઆઇસીઆઇ બેંક પણ સમાવિષ્ટ હતા. જ્યારે હિન્દુસ્તાન યુનિલિવર, એનટીપીસી, એટરનલ અને ટ્રેન્ટ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને ભૂ-રાજકીય ચિંતાઓ ઇક્વિટી બજારને નુકસાન પહોંચાડી રહી છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૨૬ ટકા વધીને ૯૯.૭૨ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઇ રહ્યું હતું.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં હિંદુસ્તાન યુનિલિવર ૨.૭૫ ટકા, એનટીપીસી ૨.૩૯ ટકા, ઈટર્નલ ૧.૩૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૩૫ ટકા, ટ્રેન્ટ ૦.૯૬ ટકા, રિલાયન્સ ૦.૬૮ ટકા, એશિયન પેઈન્ટ૦.૬૬ ટકા, તાતા સ્ટીલ ૦.૪૭ ટકા, સન ફાર્મા ૦.૨૬ ટકા, પાવર ગ્રીડ૦.૧૪ ટકા અને એક્સિસ બેન્ક ૦.૧૩ ટકા વધ્યા હતા.

જ્યારે મુખ્યત્વે એચસીએલ ટેકનોલોજી ૧૦.૯૫ ટકા, ઈન્ફોસિસ ૩.૪૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૯૯ ટકા, ટીસીએસ ૨.૮૦ ટકા, ટેક મહિન્દ્ર ૨.૫૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૦ ટકા એચડીએફસી બેન્ક ૧.૪૫ ટકા, લાર્સન ૧.૩૨ ટકા ભારતી એરટેલ ૧.૨૬ ટકા આઈટીસી ૧.૨૦ ટકા અને કોટક બેન્ક ૧.૧૦ ટકા ઘટ્યા હતા. વિપ્રોએ નાણાકીય વર્ષ ૨૬ના ચોથા ક્વાર્ટરમાં તેના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧.૮૯ ટકાનો ઘટાડો કરીને રૂ. ૩,૫૦૧.૮ કરોડનો ચોખ્ખો નફો જાહેર કર્યો, સાથે જ ડિરેક્ટર બોર્ડે શેરધારકોની મંજૂરીને આધીન, ૨૫૦ રૂપિયા પ્રતિ શેરના ભાવે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના શેર બાયબેક કરવાની જાહેરાત કરી છે.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, મધ્ય પૂર્વમાં સતત ભૂરાજકીય તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટના સતત બંધ થવાને



કારણે ભારતીય ઇક્વિટી બજારો સમગ્ર સત્ર દરમિયાન સ્પષ્ટ નકારાત્મક પૂર્વગ્રહ સાથે વેપાર કરતા રહ્યા.યુદ્ધવિરામ લંબાવવા છતાં, સતત યુએસ નાકાબંધી અને હોર્મુઝ સ્ટ્રેટમાં વણઉકેલાયેલી પરિસ્થિતિને કારણે ઊર્જા બજારો ઊંચા રહ્યા હતા અને તેની બજારના માનસ પર અસર જોવા મળી હતી.

એક્સચેન્જ ડેટા અનુસાર, ફોરેન ઇન્સ્ટિટ્યૂશનલ ઇન્વેસ્ટર્સ (એફઆઇઆઇ)એ સોમવારના સત્રમાં રૂ. ૧,૦૫૯.૯૩ કરોડના ઇક્વિટી વેચ્યા બાદ પાછલા સત્રમાં મંગળવારે રૂ. ૧,૯૧૮.૯૯ કરોડના ઇક્વિટી વેચ્યા હતો. આ સત્રની નબળાઈ પાછળનું મુખ્ય કારણ ભૂરાજકીય અનિશ્ચિતાનું પુનરુત્થાન હતું.

બજારના સાધનો અનુસાર અટવાયેલી યુએસ-ઈરાન વાટાઘાટોના અહેવાલોએ પશ્ચિમ એશિયામાં લાંબા સમયની અસ્થિરતા અંગે ચિંતાઓ ફરી જગાવી છે અને જોખમની ભૂખને મર્યાદિત બનાવી દીધી છે. આનાથી ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થયો છે, જેનાથી ફુગાવાની અપેક્ષાઓ અને ચલણ સ્થિરતા પર દબાણ વધ્યું છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો જજીઊ કમ્પોઝિટ ઇન્ડેક્સ હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચો રહ્યો.

હોર્મુઝ સ્ટ્રેટના ફરીથી ખુલવા અંગે નવા વિવાદોએ ગ્લોબલ માર્કેટમાં અસ્થિરતા સર્જી દીધી છે. ઇરાને શાંતિ મંત્રણામાં સહભાગી ના થઇને અમેરિકાને સણસણતો લાફો માર્યો છે. દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે, યુદ્ધમાં મધ્યસ્થી કરનારા પાકિસ્તાનની વિનંતીને આધારે ઈરાન સાથે યુદ્ધવિરામ અનિશ્ચિત સમય માટે લંબાવ્યું હોવાનું જાહેર કરતા કહ્યું છે કે આ નિર્ણયનો હેતુ તેહરાનના ખંડિત નેતૃત્વને સાત અઠવાડિયાના યુદ્ધને સમાપ્ત કરવા માટે એકીકૃત પ્રસ્તાવ સાથે આવવા માટે સમય આપવાનો છે.

આ નાટકીય જાહેરાત ૮આઠમી એપ્રિલે જાહેર કરાયેલ બે અઠવાડિયાના યુદ્ધવિરામની સમાપ્તિના થોડા કલાકો પહેલા જ કરવામાં આવી હતી અને ઇરાની વાર્તાલાપકારો સાથે શાંતિ વાટાઘાટો માટે ઉપરાષ્ટ્રપતિ જે ડી વેન્સના નેતૃત્વ હેઠળના યુએસ પ્રતિનિધિમંડળની ઇસ્લામાબાદની આયોજિત મુલાકાતને અસરકારક રીતે વિલંબિત કરી હતી.

જોકે, ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી તેનું નેતૃત્વ વાટાઘાટો માટે એકીકૃત પ્રસ્તાવ રજૂ નહીં કરે ત્યાં સુધી જ અમેરિકા ઈરાન પર હુમલો કરવાનું ટાળશે. સમગ્ર વિશ્વ માટે નકારાત્મક બાબતમાં તેમણે કહ્યું કે ઈરાનના બંદરો પર આર્થિક નાકાબંધી યથાવત રહેશે.

દરમિયાન, યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શને સોમવારે જાહેરાત કરી હતી કે તેના રિફંડ-પ્રોસેસિંગ પ્લેટફોર્મનો પ્રથમ તબક્કો હવે કાર્યરત છે, જે આયાતકારો અને કસ્ટમ બ્રોકરોને તેમણે ચૂકવેલી ડ્યુટી વસૂલવા માટે દાવા ફાઇલ કરવાનું શરૂ કરવાની મંજૂરી આપે છે. આ ચુકાદાથી ભારતીય નિકાસકારોએ ચૂકવેલી રેસિપ્રોકલ ટેરિફના અંદાજે ૧૨ અબજ ડોલર પરત મળવાની આશા છે.

કુલ ૫૬,૦૦૦થી વધુ નોંધાયેલા આયાતકારો હવે વ્યાજ સહિત ૧૬૬ બિલિયન ડોલરથી વધુ ટેરિફ રિફંડ વસૂલવા માટે નવા ફેડરલ પોર્ટલ દ્વારા દાવા ફાઇલ કરવાનું શરૂ કરી શકે છે. આ ૨૦ ફેબ્રુઆરીના રોજ અમેરિકાની સુપ્રીમ કોર્ટે જાહેર કરેલા સીમાચિહ્નરૂપ ચુકાદામાં રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના વ્યાપક આયાત ટેરિફને ગેરબંધારણીય ગણાવીને રદ કરવામાં આવ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા કેટલાક સત્રમાં સાધારણ લેવાલી નોંધાવ્યા બાદ હતા. સોમવારે, સેન્સેક્સ ૨૬.૭૬ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકા વધીને ૭૮,૫૨૦.૩૦ પર બંધ થયો. નિફ્ટી ૧૧.૩૦ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકા વધીને ૨૪,૩૬૪.૮૫ પર બંધ થયો હતો. ■

# રૂપિયો સતત ત્રીજા સત્રમાં નબળો પડ્યો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બુધવારે રૂપિયો સતત ત્રીજા સત્રમાં નબળો પડ્યો, યુએસ ડોલર સામે ૩૯ પૈસા ઘટીને ૯૩.૮૩ (કામચલાઉ) પર ટ્રેડ થઇ રહ્યો હતો, કારણ કે યુએસ-ઈરાન શાંતિ વાટાઘાટો પર અનિશ્ચિતતાએ પશ્ચિમ એશિયા સંઘર્ષ હળવો થવાની આશાઓ પર પાણી ફેરવી દીધું અને ક્રૂડ ઓઇલના ભાવમાં આગ લાગી છે.

ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે સ્થાનિક ઇક્વિટી બજારોમાં તીવ્ર વેચાણ અને વિદેશી મૂડીના સતત પ્રવાહને કારણે ભારતીય ચલણ પર પણ દબાણ વધી ગયું છે. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, સત્ર દરમિયાન રૂપિયો ૯૩.૬૯ પર ખુલ્યો અને ગ્રીનબેક સામે ૯૩.૮૭ ના ઇન્ટ્રાડે નીચા સ્તરે પહોંચ્યો, જે ૨૩ માર્ચે પહેલી વાર પહોંચેલા ૯૪ ના સ્તરની નજીક હતો.

વિદેશી હૂંડિયામણ બજારના ડીલરોએ જણાવ્યું હતું કે, નોન-ડિલિવરેબલ ફોરવર્ડ માર્કેટમાં સટ્ટાકીય બેટ્સ પર નિયંત્રણો હળવા કરવાના રિઝર્વ બેંકના તાજેતરના પગલાની અસર પર પણ પડી રહી છે. રિઝર્વ બેંકે સોમવારે રૂપિયામાં વધુ પડતી સટ્ટાને કાબુમાં લેવા માટે પહેલી એપ્રિલના રોજ લેવામાં આવેલા નિર્દેશોને આંશિક રીતે પાછા ખેંચી લીધા હતા. બેંકિંગ નિયમનકારે નોન-ડિલિવરેબલ ફોરવર્ડ માર્કેટમાં નેટ ઓપન પોઝિશન ૧૦૦ મિલિયન ડોલર સુધી મર્યાદિત કરી હતી, જેના કારણે બેંકોને માટે ૧૦મી એપ્રિલ સુધીમાં તેનું પાલન કરવાનું ફરજિયાત બનાવાયું હતું. ■

# બેન્ચમાર્કના ગબડવા વચ્ચે માર્કેટ કેપમાં રૂ. ૬૯૦૦૦ કરોડનો વધારો

મુંબઇઃ બુધવારે અમેરિકા દ્વારા સીઝફાયરની જાહેરાત છતાં ગબડેલા શેરબજારમાં માર્કેટ કેપમાં રૂ. ૬૯૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો. ખાસ કરીને આઈટી અને બેન્કસ શેરો સૌથી અધિક ઘટ્યા હતા અને યુટિલિટીઝ અને પાવર ઈન્ડેક્સ સૌથી અધિક વધારો જોવા મળ્યો હતો.

બુધવારે બીએસઈ સેન્સેક્સ મંગળવારના ૭૯,૨૭૩.૩૩ના બંધથી ૭૫૬.૮૪ પોઈન્ટ્સ અથવા ૦.૯૫ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૯,૦૧૯.૩૪ ખૂલી ઊંચામાં ૭૯,૦૩૧.૦૩ સુધી અને નીચામાં ૭૮,૪૪૨.૩૦ સુધી જઈ છેવટે ૭૮,૫૧૬.૪૯ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપ્સમાંથી ૧૧ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૯ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૨૯ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૯૦ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૫૦ ટકા વધ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૮.૬૭ લાખ કરોડથી રૂ.૦.૬૯ લાખ કરોડ વધીને રૂ.૪૬૯.૩૬ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે યુટિલિટીઝ ૨.૪૮ ટકા, પાવર ૧.૯૭ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક ૧.૧૩ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૧૧ ટકા, એફએમસીજી ૦.૯૮ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૮૧ ટકા, કોમોડિટીઝ ૦.૭ ટકા, રિયલ્ટી ૦.૫૯ ટકા, એનર્જી ૦.૫૩ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૫ ટકા વધ્યા હતા.

જ્યારે આઈટી ૩.૬૬ ટકા, ફોકસ્ડ આઈટી ૩.૫૪ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૦.૮૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૬૪ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૦.૬૪ ટકા, ઓટો ૦.૫૯ ટકા અને સર્વિસીસ ૦.૪૭ ટકા ઘટ્યા હતા. એક્સચેન્જમાં ૪,૪૨૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૨,૪૪૦ સ્ક્રિપ્સ વધી હતી, ૧,૮૩૮ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૪૪ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૧૫૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૪૧ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૧ સ્ક્રિપ્સને ઉપલી અને ૮ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. ■

# સીઝફાયરની ક્રૂડ ઓઈલના ભાવમાં કોઇ અસર નહીં, ટ્રેડર્સને ટ્રમ્પ પર ભારે અવિશ્વાસ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ઈરાન સાથે યુદ્ધવિરામ અનિશ્ચિત સમય માટે લંબાવવાની જાહેરાત કરી હોવા છતાં, યુદ્ધથી સૌથી વધુ અસરગ્રસ્ત ચીજવસ્તુ, ક્રૂડ ઓઈલના ભાવમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. ક્રૂડના ભાવમાં ઉલ્ટાનો વધારો જોવા મળ્યો હતો. યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ઈરાન સાથે યુદ્ધવિરામ અનિશ્ચિત સમય માટે લંબાવવાની જાહેરાત કરી.

આ નિર્ણયથી પશ્ચિમ એશિયાઈ પ્રદેશને વધુ રાહત મળી છે, જે એક મહિનાથી વધુ સમયથી યુદ્ધ હેઠળ છે. આમ છતાં, ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થવાને સ્તાને વધારો થયો છે. યુદ્ધવિરામનો અંત અપેક્ષિત નહોતો, કારણ કે ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે જો યુદ્ધવિરામ સમાપ્ત થાય તે પહેલાં ઈરાન સાથે કોઈ સોદો ન થાય તો તેઓ યુદ્ધવિરામ લંબાવવાની શક્યતા ખૂબ જ ઓછી છે. ટ્રમ્પે ટવીટર પર એવી જાહેરાત કરી હતી કે, ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફની વિનંતી પર, અમને ઈરાન દેશ પર અમારો હુમલો ત્યાં સુધી રોકવાનું કહેવામાં આવ્યું છે જ્યાં સુધી તેમના નેતાઓ અને પ્રતિનિધિઓ એકીકૃત દરખાસ્ત સાથે ન આવી શકે! જોકે, હોર્મુઝ સ્ટ્રેટ બંધ જ રહેવાથી સેન્ટિમેન્ટ ડહોળાયું છે.

યુદ્ધ પહેલા વિશ્વના ક્રૂડ સપ્લાયનો પાંચમો ભાગ (લગભગ ૨૦ ટકાથી વધારે) જે સ્ટ્રેટમાંથી પસાર થતો હતો, તે સ્ટ્રેટ બંધ થવું એ ક્રૂડ ઓઇલના ભાવ ઘટાડવામાં સૌથી મોટો અવરોધ છે, જે હાલમાં યુદ્ધ પહેલાના સ્તરની તુલનામાં લગભગ પચાસ ટકાના પ્રીમિયમ પર ફરે છે. યુદ્ધવિરામ લંબાવ્યા પછી પણ, તેલના ભાવ ઉંચા રહ્યા છે, વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧૦૦ પ્રતિ બેરલની નજીક છે.

સિટીગ્રુપે મંગળવારે અનુમાન લગાવ્યું હતું કે જો સ્ટ્રેટ બીજા મહિના સુધી વિક્ષેપિત રહેશે તો તેલના ભાવ ૧૧૦ પ્રતિ બેરલ સુધી વધી શકે છે. ટ્રમ્પના યુદ્ધવિરામ લંબાવવાનો ક્રૂડનો શાંત પ્રતિભાવ પાછળનું એક મુખ્ય કારણ અમેરિકા દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ અને ઈરાની બંદરોની સતત નાકાબંધી છે. ટ્રમ્પે કહ્યું છે કે, મેં અમારા સૈન્યને નાકાબંધી ચાલુ રાખવા અને અન્ય તમામ બાબતોમાં તૈયાર અને સક્ષમ રહેવાનો નિર્દેશ આપ્યો છે, અને જ્યાં સુધી તેમનો પ્રસ્તાવ રજૂ ન થાય અને ચર્ચાઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી યુદ્ધવિરામ લંબાવીશું. એક યા બીજી રીતે ટ્રમ્પે નિવેદનમાં એવું જાહેર કર્યુ છે કે તે હોર્મુઝ પરનો બ્લોકેડ હટાવશે નહીં.

યુદ્ધવિરામનું અનિશ્ચિત સમય લંબાવવાનો અર્થ સ્ટ્રેટનું અનિશ્ચિત સમય બંધ થવાનો પણ થાય છે. બજારના નિષ્ણાતોના મતે, યુદ્ધના શરૂઆતના દિવસોમાં ટ્રમ્પની ટિપ્પણીઓ પર ટ્રેડર્સ ખૂબ જ પ્રતિક્રિયાશીલ હતા. જોકે, મહત્વપૂર્ણ બાબતો પર તેમના વલણમાં વારંવાર ફેરફાર હવે તણાવ ઓછો થવાની આશાને બદલે સાવધાનીનું કારણ બની ગયા છે. ટ્રમ્પ અંગેનો અવિશ્વાસ એ હદે વધી ગયો છે કે, જ્યાં સુધી વિક્ષેપિત પુરવઠા શૃંખલાઓને પુનઃસ્થાપિત કરવા માટે નક્કર પગલાં જોવા ન મળે ત્યાં સુધી, ક્રૂડ ઓઇલના વેપારીઓ યુદ્ધના મોરચે સાવધ રહેવાની અપેક્ષા રાખે છે. છઠી એપ્રિલે યુએસ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાર પછી પણ, હોર્મુઝ સ્ટ્રેટમાંથી ટ્રાફિક યુદ્ધ પહેલાના સ્તરનો માત્ર એક ભાગ રહ્યો છે. ■

# એફઆઈઆઈએ ભારતીય શેરબજારમાંથી ત્રણ મહિનામાં આખા વર્ષ જેટલા શેર વેંચી નાંખ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : અમેરિકા-ઈરાન યુદ્ધને પરિણામે ક્રુડ તેલના ભાવમાં આવેલા ઉછાળાની ભારતના આર્થિક વિકાસ પર અસર પડવાની શકયતાને ધ્યાનમાં રાખી વૈશ્વિક ફંડોએ વર્તમાન વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં જ ભારતીય ઇક્વિટી બજારમાં ૧૮.૮૪ અબજ ડોલરનું વેચાણ કર્યું છે, જે ગયા સંપૂર્ણ વર્ષ દરમિયાન કરાયેલા ૧૮.૭૯ અબજ ડોલરના વેચાણને પાર કરી ગયું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત વેચવાલીથી બજાર દબાણ હેઠળ રહ્યા કરે છે અને યુદ્ધ વિરામની જાહેરાત છતાં ગયા સપ્તાહમાં બજારના મૂડમાં સાવચેતીભર્યો સુધારો જોવા મળ્યો હતો. ગયા વર્ષની ઓલટાઈમ હાઈથી ભારતીય ઈક્વિટીસની માર્કેટ કેપમાં ૬૦૦ અબજ ડોલરનું ધોવાણ થઈ ગયું છે. આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના આક્રમણથી ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી) ક્ષેત્રની કંપનીઓ પર અસર, અમેરિકા દ્વારા ટેરિફ મુદ્દે બદલાતી સ્થિતિ તથા યુદ્ધને કારણે ઊભી થયેલી અનિશ્ચિતતાએ દેશની ૪.૮૦ ટ્રિલિયન ડોલરની ઈક્વિટી માર્કેટમાં વિદેશી રોકાણકારોનું આકર્ષણ ઘટી ગયાનું જણાય છે.

ક્રુડ તેલના ઊંચા ભાવને પરિણામે ડોલર સામે રૂપિયામાં બોલાઈ ગયેલા કડાકાએ સ્થિતિને વધુ વણસાવી છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

ભારતની સરખામણીએ દક્ષિણ કોરિઆ તથા તાઈવાન જેવી ઊભરતી બજારો સારી કામગીરી કરી રહી છે. વર્તમાન મહિનામાં વિદેશી રોકાણકારોએ દક્ષિણ કોરિઆમાં ૩.૬૦ અબજ ડોલર જ્યારે તાઈવાનમાં ૫.૬૦ ડોલર ઠાલવ્યા છે, જ્યારે ભારતમાંથી ત્રણ અબજ ડોલર જેટલી રકમ પાછી ખેંચી લેવાઈ હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે.

જો કે ભારતમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)ની સતત લેવાલીને પગલે ઈક્વિટીસને ટેકો મળી રહ્યો છે. એફઆઈઆઈની વેચવાલી સામે ડીઆઈઆઈની ખરીદી જોવા મળી રહી છે. મ્યુચ્યુઅલ ફન્ડસ તથા નાણાં સંસ્થાઓએ મળીને વર્તમાન વર્ષમાં અત્યારસુધી ૩૧ અબજ ડોલરની ઠાલવણી કરી છે. ભારતીય ઈક્વિટીસના મૂલ્યાંકન હાલમાં વ્યવહારુ સ્તરે આવી ગયા હોવાથી યુદ્ધની સમાપ્તિ બાદ ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોની ખરીદી નીકળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ■

# લઘુ ઉદ્યોગોના આઠ લાખ કરોડ રૂપિયા મોટા ઉદ્યોગોમાં સલવાયેલા છે!

મુંબઇઃ એમએસએમઇની સવલત માટે તેમના બિઝનેસમાં નાણાનો ફ્લો અટકે નહીં તે માટે સરકારે અમલમાં મુકેલી ૪૫ દિવસમાં પેમેન્ટની સ્કીમને મોટા ઉદ્યોગો ઘોળીને પી ગયા છે. સ્કીમ બહુ મોટાપાયે શરૂ કરી હતી પરંતુ તેના અમલીકરણના ધાંધીયા શરૂ થયા છે. જે કંપનીઓ ૪૫ દિવસમાં એમએસએમઇને પેમેન્ટ ના કરે તેમની સામે ટોક્ષ સહીતના કડક પગલાંની જાહેરાત કરાઇ હતી, પરંતુ પોતાની સ્કીમના અમલીકરણમાં સરકાર નબળી પુરવાર થઇ છે.

મોટા ઉદ્યોગો એમએસએમઇને ગાંઠતા નથી અને તેમની પેમેન્ટ ટલ્લે ચઢાવવાની નિતી ચાલુ રાખી છે. ઉદ્યોગના અંદાજો અને સરકારી મૂલ્યાંકન મુજબ, સમગ્ર ભારતમાં માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝિસ (એમએસએમઇ)ની આવી બાકી લેણી રકમ અંદાજે રૂ. ૮.૧ લાખ કરોડ હોવાનો અંદાજ છે.

અહીં મહત્વની બાબત એ છે કે એમએસએમઇ એક્ટ હેઠળ એમએસએમઇને ૪૫ દિવસની અંદર ચુકવણી કરવી કાયદેસર રીતે ફરજિયાત છે. પરંતુ મોટા ઉદ્યોગો કાયદાને ગાંઠતા નથી. આ લેણાંના ઇન્વોઇસ (બિલ) બની ગયા છે, પરંતુ અપેક્ષિત સમયમર્યાદામાં તેની પતાવટ થઈ નથી, જે ઘણીવાર ૬૦થી ૯૦ દિવસ અથવા તેનાથી વધુ સમય સુધી ખેંચાય છે.

એમએસએમઇ માટે, આનાથી રોકડ પ્રવાહ (કેશ ફ્લો) પર તાત્કાલિક દબાણ આવે છે. કાર્યકારી મૂડીનો મોટો હિસ્સો લેણાંમાં ફસાયેલો રહે છે, જે કેટલાક કિસ્સાઓમાં ૭૦થી ૮૦ ટકા જેટલો ઊંચો હોય છે, જે તેમની કામગીરી માટે ભંડોળ પૂરું પાડવાની ક્ષમતાને મર્યાદિત કરે છે. વ્યવસાયો આના જવાબમાં વેન્ડર પેમેન્ટ્સમાં વિલંબ કરીને, ઓર્ડરમાં કાપ મૂકીને અથવા ટૂંકા ગાળાના ધિરાણ પર નિર્ભર રહીને પ્રતિક્રિયા આપે છે. ઘણા લોકો માટે, આ ઉધાર લેવું ખૂબ મોંઘું પડે છે.

નાના કારખાના સાથે સંકળાયેલા લોકો કહે છે કે જ્યારે ચુકવણીમાં ૬૦ થી ૯૦ દિવસનો વિલંબ થાય છે, ત્યારે વ્યવસાયો અસંગઠિત ક્રેડિટ માર્કેટ તરફ વળે છે જ્યાં વ્યાજ દર મહિનાના ત્રણથી પાંચ ટકા સુધી હોઈ શકે છે, જે અસરકારક રીતે તેમના નફાને ખતમ કરી નાખે છે. ■

# યુદ્ધવિરામ લંબાવા છતાં સોનાચાંદીના ભાવમાં નરમાઇ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા દ્વારા યુદ્ધવિરામ લંબાવાયા છતાં પ્રવર્તમાન વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે બુધવારે પણ બુલિયન બજારમાં હાજર અને વાયદાના ભાવતાલમાં વિરોધાભાસી વલણ જોવા મળ્યું હતું. હાજર બજારમાં સોના અને ચાંદીના ભાવમાં નરમાઇ જોવા મળી હતી, જ્યારે વાયદા બજારમાં બંને કિંમતી ધાતુઓના ભાવમાં લગભગ સારો વધારો જોવા મળ્યો હતો.

સ્થાનિક ઝવેરી બજારમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૫૨,૩૫૫ના પાછલા બંધ સામે રૂ. ૧,૫૨,૨૫૦ની સપાટીએ અને સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૫૧,૭૪૫ના પાછલા બંધ સામે રૂ. ૧,૫૧,૬૪૦ની સપાટીએ ખૂલ્યા હતા. જ્યારે, હાજર ચાંદીના ભાવ રૂ. ૨,૫૦,૫૧૩ના પાછલા બંધ સામે રૂ. ૨,૪૯,૬૭૭ની સપાટીએ ખૂલ્યા હતા.

સત્રને અંતે ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૯ના ઘટાડા સાથે રૂ. ૧,૫૨,૧૧૬ની સપાટીએ સ્થિર થયા હતા. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૮ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૫૦૭ની સપાટીએ સ્થિર થયા હતા. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ પાછલા બંધ સામે એક કિલો ગ્રામદીઠ રૂ. ૧૮૩૧ના ઝડપી ઘટાડા સાથે રૂ. ૨,૫૪૮,૬૮૨ની સપાટીએ સ્થિર થયા હતા.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુએસ-ઈરાન યુદ્ધવિરામ લંબાવ્યો હોવાના સમાચાર બાદ બુધવારે વાયદા બજારમાં સોના અને ચાંદીના ભાવમાં બે ટકાનો વધારો થયો હતો. ઓનલાઇન પ્લેટફોર્મ પર સોનું ૧,૫૩,૬૯૯ રૂપિયાની નજીક પહોંચી ગયું હતું, જ્યારે ચાંદી ૨,૫૦,૬૯૮ રૂપિયાની નજીક પહોંચી ગઈ હતી. વૈશ્વિક અનિશ્ચિતતા અને શાંતિ માટે સતત રાજદ્વારી



દબાણ હોવા છતાં, બંને ધાતુ ચોક્કસ કોન્સોલિડેશન ફેઝમાં રહેશે એવી નોંધ સાથે નિષ્ણાતો સાવચેતીભર્યું વલણ જાળવી રાખે છે.

અખાતી યુદ્ધની અશાંતિને કારણે બુલિયન માર્કેટમાં ઊથલપાથલ મચી હોવાની અને ડોલરના મૂલ્ય તથા ક્રૂડ ઓઇલના ભાવમાં પડેલી અસરો સહિતના વિવિધ પરિબળોને કારણે સામાન્ય ટ્રેન્ડથી વિપરીત સોનાના ભાવમાં થઇ રહેલા ઘટાડા અંગે વાત કરતા બીટુબી સેગમેન્ટમાં સક્રિય, દેશની મોટાભાગની બ્રાન્ડની સપ્લાયર શ્રીંગાર હાઉસ ઓફ મંગલસૂત્ર લિમિટેડના સીએમડી ચેતન થડેશ્વરે કહ્યું હતું કે અત્યારે વોલેટિલીટી અને અનિશ્ચિત વાતાવરણમાં કશું કહેવું મુશ્કેલ છે, પરંતુ એટલું કહી શકાય કે સોનું વર્તમાન ભાવ સપાટી સામે તીવ્ર ઉછાળો કે ઘટાડો બતાવે એવી સંભાવના ઓછી છે.

યુએસ-ઈરાન યુદ્ધવિરામ અને આગામી મેક્રોઇકોનોમિક ઘટનાઓને લગતી અનિશ્ચિતતાને કારણે બજારે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે. વર્તમાન પરિસ્થિતિમાં અને લગ્નસરાની નવી મોસમ જોતા માગમાં ઝડપી વધારો થઇ શકે છે એટલે જ એસએચએમ વિસ્તરણના પંથે હોવાનું જણાવતાં તેમણે માહિતી આપી હતી કે, ડીજીએફટીએ અનેક બેન્કોને બુલિયન ઇમ્પોર્ટ માટે લાઇસન્સ જારી કરી દીધાં હોવાથી પુરવઠામાં પણ સરળતા રહેવાની અપેક્ષા છે. ■

# લખપતમાં રાજકીય ગરમાવો: 'પોલીસ તંત્ર ભાજપના ઈશારે હેરાન કરે છે', કૉંગ્રેસના ગંભીર આક્ષેપો સાથે મામલતદારને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ચાલી રહેલા પ્રચાર વચ્ચે લખપત તાલુકામાં રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. લખપત તાલુકા કૉંગ્રેસ સમિતિ દ્વારા સ્થાનિક પોલીસ અને સ્થાનિક ગુનાશોધક શાખા પર સત્તાધારી પક્ષના ઈશારે કાર્યકરોને હેરાન કરવાનો ગંભીર આક્ષેપ કરી મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી.

લખપત તાલુકા કૉંગ્રેસ પ્રમુખ ઇબ્રાહીમ કુંભાર દ્વારા પ્રદેશ પ્રમુખને ઉદ્દેશીને લખાયેલા પત્રમાં જણાવાયું હતું કે, તાલુકા પંચાયતની મીંઢીયારી બેઠકના ઉમેદવાર કાસમ જકરીયા જતના પિતા જકરીયા હાજી નૂરમહંમદ જત તથા પાનધ્રો જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર વિમળાબા જાડેજાના પતિ રાણુભા જાડેજાને પોલીસ તંત્ર દ્વારા ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે તપાસના બહાને વારંવાર પોલીસ મથકે બોલાવી, ધમકાવીને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે.

આ મુદ્દે આક્રોશ વ્યક્ત કરતા આગેવાન જકરીયા હાજી નૂરમહંમદે જણાવ્યું હતું કે, ''સ્વરાજ્ય ચૂંટણીમાં પોતાની હાર ભાળી ગયેલો સત્તાધારી પક્ષ હવે પોલીસ અને એલ.સી.બી.ને આગળ ધરીને લોકશાહીનું હનન કરી રહ્યો છે.'' તેઓએ ઉમેર્યું હતું કે જ્યારે તેઓ દયાપર ખાતે પોતાની ઓફિસે હતા ત્યારે એલ.સી.બી.ના અધિકારીઓ પૂછપરછ માટે આવ્યા હતા, જેના કારણે કાર્યકરોમાં રોષ ફેલાયો હતો.

દયાપરમાં જ્યારે પોલીસ અધિકારીઓ પૂછપરછ માટે પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં કૉંગ્રેસના કાર્યકરો એકઠા થઈ ગયા હતા. અધિકારીઓ અને રાજકીય આગેવાનો વચ્ચે થયેલી ઉગ્ર રકઝકના દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયુવેગે વાયરલ થયો છે. કાર્યકરોના વિરોધ બાદ અધિકારીઓ ત્યાંથી પરત ફર્યા હતા. આ રજૂઆત વેળાએ કૉંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવી માંગ કરી હતી. ■



રાજકોટમાં ચૂંટણી ટાણે જ શાસક ભાજપના કોર્પોરેટરો સામે પ્રચંડ રોષ જોવા મળી રહ્યો છે. શહેરમાં પ્રાથમિક સુવિધાનો અભાવ તથા રોડ, રસ્તા અને પાણી ભરાવાની સમસ્યાથી ત્રાહિમામ લોકોએ થાળી વગાડી વિરોધ વ્યક્ત કર્યો હતો... (તસવીર: પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભુજમાં કરોડોનું સાયબર કૌભાંડ: ₹ ૭૦ કરોડની લેતી-દેતીવાળા 'મ્યુલ એકાઉન્ટ' ઝડપાયા, બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશભરમાં આચરવામાં આવેલી ઓનલાઇન છેતરપિંડીના નાણાં સગેવગે કરવા માટે ભુજની બૅંકોના ખાતાનો ઉપયોગ થતો હોવાનું કૌભાંડ એલસીબી અને સાયબર ક્રાઇમ સેલે ઝડપી પાડ્યું હતું. જેની તપાસ દરમિયાન આ કમિશન આધારિત ખાતાઓમાં રૂ. ૭૦ કરોડ જેટલી માતબર રકમના વ્યવહારો થયા હોવાનું બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. પોલીસે આ મામલે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી બે આરોપીઓની અટકાયત કરી હતી.

સાયબર સેલની તપાસમાં ભુજના નિખિલ મહેશ્વરી નામના શખ્સના બે શંકાસ્પદ 'મ્યુલ એકાઉન્ટ' (ભાડે આપેલા ખાતા)નો ખુલાસો થયો હતો. નિખિલની પૂછતાછમાં બિબ્બરના રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજા ગરવાનું નામ ખૂલ્યું હતું. આ બંને શખ્સોએ ભુજના દીપક ભાનુશાલી અને ગાંધીધામના વિરાંગ ઉર્ફે વીરુભાઇ અખાણી સાથે મળીને ખાતા દીઠ રૂ. ૨૦ હજારના કમિશનથી વ્યવહારો કરવાનું નક્કી કર્યું હતું. બૅંક ખાતાની ચેકબુક, એટીએમ કાર્ડ અને પિન જેવી તમામ વિગતો વિરાંગને સોંપી દેવામાં આવી હતી. સ્થાનિક ગુનાશોધક શાખા અને સાયબર સેલની સંયુક્ત ટુકડીએ દરોડા પાડીને આરોપીઓ પાસેથી ૨૭ પાસબુક, ૧૮ એટીએમ કાર્ડ અને ૮ ચેકબુક, ૨ લેપટોપ, ૨૧ સીમકાર્ડ અને એક વાઇફાઇ રાઉટર, અલગ-અલગ પેઢીના ૭ સિક્કા અને ઉદ્યમ સર્ટિફિકેટ કબજે કર્યા હતા.

'સમન્વય પોર્ટલ' દ્વારા મળેલી કડીઓના આધારે આ આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ થયો છે. પકડાયેલા આરોપી નિખિલ અને રાજેન્દ્રકુમારની સઘન પૂછતાછ ચાલી રહી છે, જ્યારે ફરાર દીપક અને વિરાંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ મ્યુલ ખાતાઓમાં જમા થયેલા ૭૦ કરોડ રૂપિયા દેશના કયા કયા સાયબર ફ્રોડ સાથે સંકળાયેલા છે, તે દિશામાં પોલીસે તપાસ કેન્દ્રિત કરી છે. ■

# માંડવી કોર્ટે કાઠડાની જમીન હડપવાના કેસમાં ચાર શખ્સોને જેલ અને દંડની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના માંડવી તાલુકાના કાઠડા ગામે વર્ષ ૨૦૦૮માં બોગસ વારસદાર ઊભા કરી જમીન પચાવી પાડવાના ચર્ચાસ્પદ બનેલા કેસમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે ચારેય આરોપીઓને તકસીરવાર ઠેરવી એકથી ત્રણ વર્ષ સુધીની સખ્ત કેદ અને રોકડ દંડની સજા ફટકારી હતી.

કેસની વિગતો મુજબ, ફરિયાદી પુનશી પચાણ વેલા હરિજનના પિતાના અવસાન બાદ તેમની જમીનની વારસાઈ બાકી હતી. કાઠડા ગામના સર્વે નંબર ૩૫૭ પૈકીની ૧ એકર અને ૮ ગુંઠાની કિંમતી જમીન પર નજર બગાડી આરોપીઓએ ષડયંત્ર રચ્યું હતું. આરોપીઓએ ફરિયાદીના પિતાના ખોટા વારસદાર બની જઈ આ જમીન પ્રવીણ હંસરાજ શાહને વેચી મારી હતી. આ મામલે છેતરપિંડીની જાણ થતાં માંડવી પોલીસમથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

દસ્તાવેજી પુરાવાની તપાસ બાદ માંડવી પોલીસે નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે એ.પી.પી. ડી.સી. ઠાકોરે દલીલો રજૂ કરી હતી કે, આરોપીઓએ પૂર્વ-આયોજિત કાવતરું રચીને ફરિયાદીની વારસાઈ જમીન હડપી લીધી છે. દસ્તાવેજી પુરાવા અને સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખી કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું. અદાલતે આરોપીઓ બાબુ ઉર્ફે કલ્યાણજી પચાણ, માકબાઈ થાવર, બાયાબાઈ નાયા અને મૂલબાઈ વેલજીને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ દોષિત જાહેર કર્યા છે. ગુનાની ગંભીરતા મુજબ તમામ આરોપીઓને ૧ થી ૩ વર્ષની સખત કેદ તેમ જ તમામ આરોપીઓને નાણાકીય દંડ ફટકારવામાં આવ્યો છે અને જો દંડની રકમ ન ભરે તો વધુ કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો. આ ચુકાદાથી ભૂમાફિયાઓ અને બોગસ દસ્તાવેજો બનાવનારા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ■

# ભચાઉના વોંધમાં કૌટુંબિક અદાવતમાં ખૂની ખેલ: ભત્રીજાએ સગા મોટાબાપાની ગોળી મારી હત્યા કરી નાખી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભચાઉ તાલુકાના વોંધ ગામના ઓવરબ્રિજ નીચે ગત મંગળવારે સવારે ફિલ્મી ઢબે હત્યાની ઘટના બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. વોંધના મફતનગર વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધ પૂજારી હરિદાસ ત્રિભુવનદાસ સાધુની તેમના જ સગા ભત્રીજાએ પિસ્તોલમાંથી ફાયરિંગ કરી હત્યા નીપજાવી છે. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડી જેલહવાલે કર્યો હતો.

મળતી વિગત મુજબ, મૃતક હરિદાસ સાધુ સવારે પોતાના પુત્ર હસમુખ સાથે રિક્ષામાં બેસી ચોકડી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમના નાનાભાઈ ઘનશ્યામનો પુત્ર મુકેશ મોટરસાઇકલ પર ત્યાં આવી ચડ્યો હતો. આરોપીએ પહેલા તલવાર કાઢી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જૈફ વયના હરિદાસે લાકડી વડે બચાવ કરતા ઉશ્કેરાયેલા મુકેશે કમરના ભાગે છુપાવેલી પિસ્તોલ કાઢી ફાયરિંગ કર્યું હતું, જેમાં ગોળી છાતીના ભાગે વાગતા વૃદ્ધ પૂજારી સ્થળ પર જ ઢળી પડ્યા હતા. કરપીણ હત્યા બાદ આરોપી મુકેશ મૃતક હરિદાસના પુત્ર હસમુખની પાછળ તેને મારવા માટે ઘર સુધી દોડ્યો હતો, પરંતુ લોકો એકઠા થઈ જતાં તે ફરાર થઈ ગયો હતો. મૃતકની પુત્રી કલાવંતીબેને પોલીસને જણાવ્યું હતું કે, જ્યારે તેઓ તેમની માતા સાથે ફોન પર વાત કરી રહ્યા હતા, ત્યારે જ અચાનક રાડારાડ સંભળાઈ હતી અને ફોન કપાઈ ગયો હતો. પાછળથી જાણવા મળ્યું કે તેમના પિતાને પિતરાઈ ભાઈએ ગોળી મારી દીધી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી મુકેશને તેના મોટાબાપાના પરિવારની પુત્રવધૂ (હસમુખની પત્ની) સાથે આડાસંબંધો હતા. અગાઉ બંને ભાગી ગયા બાદ પરત લાવવામાં આવ્યા હતા. આ બાબતે અવારનવાર ઝઘડા થતા હતા અને મુકેશ અવારનવાર પૂજારી અને તેમના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. આ આંતરિક કૌટુંબિક અદાવત અંતે હત્યામાં પરિણમી હતી.

બનાવની જાણ થતા જ ભચાઉ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતકની પુત્રીની ફરિયાદના આધારે ગુનો નોંધી નાસી છૂટેલા આરોપી મુકેશની શોધખોળ આદરી તેને દબોચી લીધો હતો. પોલીસે હત્યામાં વપરાયેલા હથિયાર અને મોટરસાઈકલને કબજે કરવાની તજવીજ હાથ ધરી છે. ■

# ભુજ-ખાવડા રોડ પર હિટ ઍન્ડ રન: જીપકારની હડફેટે કિશોરનું કરુણ મોત, ચાલક ગાડી મૂકી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરની ભાગોળે આવેલા રુદ્રમાતા પાસે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ વેગે આવતી ગાડીએ રસ્તાની સાઈડમાં ઊભેલા ૧૫ વર્ષીય કિશોરને અડફેટે લેતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. બીજી તરફ, મુંદરાના મોટા કાંડાગરામાં એક પરપ્રાંતિય શ્રમિકે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાનું બહાર આવ્યું હતું.

માધાપર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, રુદ્રમાતાના મેઘમારૂનગરમાં રહેતા પુરાભાઇ મારવાડા અને તેમનો ભત્રીજો પ્રકાશ ગગુભાઇ લખિયા (ઉં.વ. ૧૫) સવારે સાતેક વાગ્યાના અરસામાં મુરલીધર હૉટેલ પાસે દૂધ લેવા ગયા હતા. પ્રકાશ રોડની સાઈડમાં ઊભી રાખેલી મોટરસાઇકલ પાસે ઊભો હતો, ત્યારે ખાવડા તરફથી બેફામ ગતિએ આવતી કાળા રંગની કારના ચાલકે કિશોરને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પ્રકાશને માથા, મોઢા અને પગના ભાગે જીવલેણ ઇજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી ગાડીનો ચાલક વાહન મૂકીને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. ગંભીર રીતે ઘાયલ કિશોરને ૧૦૮ મારફતે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. માધાપર પોલીસે ફરાર જીપકાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, મુંદરાના મોટા કાંડાગરા સ્થિત અદાણી લેબર કોલોનીમાં રહેતા મૂળ પશ્ચિમ બંગાળના શ્રમિક સંજિત બાદલ ઘોષ (ઉં.વ.૪૦)એ સાંજે પોતાના રૂમમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા પાછળનું કારણ હજુ અકબંધ છે. મુંદરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પી.એસ.આઇ. એન.પી. ગોસ્વામીએ આગળની તપાસ શરૂ કરી છે. ■

# ૨૬ એપ્રિલે પાલારા ખાતે પ્રથમ પ્લેનેટોરિયમનું કચ્છના મહારાણીના હસ્તે ભૂમિપૂજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છને અવકાશી વિજ્ઞાન અને બ્રહ્માંડના રહસ્યો સમજવા માટે ટૂંક સમયમાં એક ભવ્ય ભેટ મળવા જઈ રહી છે. આગામી રવિવાર, ૨૬ એપ્રિલના રોજ ભુજ પાસેના પાલારા ખાતે કચ્છના પ્રથમ પ્લેનેટોરિયમ અને વેધશાળા સંકુલનું ભૂમિપૂજન અને શિલાન્યાસ વિધિ યોજાશે. ભુજ-ખાવડા માર્ગ પર અદિતી નગર, પાલારા ખાતે નિર્માણ પામનારા આ પ્રકલ્પનું ભૂમિપૂજન કચ્છના રાજવી પરિવારના મહારાણી પ્રીતિદેવીના હસ્તે સવારે ૧૦ વાગ્યે કરવામાં આવશે. આ સંકુલમાં 'મહારાવ પ્રાગમલજી ત્રીજા પ્લેનેટોરિયમ', 'કાંતિસેન-ચંદાબહેન શ્રોફ ઓડિટોરિયમ' અને અત્યાધુનિક 'સૂર્ય તથા તારા વેધશાળા'નો ત્રિવેણી સંગમ રચાશે. આ ભગીરથ કાર્ય ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી (મુંબઈ)ના સંચાલન અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ઍન્ડ ટેકનોલૉજીની માન્યતા સાથે સાકાર થઈ રહ્યું છે. આ પરિકલ્પનાના સ્વપ્નદ્રષ્ટા અને જાણીતા વૈજ્ઞાનિક ડૉ. જે. જે. રાવલે વિગતો આપતા જણાવ્યું હતું કે, કચ્છનું નિર્મળ અને પ્રદૂષણમુક્ત આકાશ ખગોળશાસ્ત્રના અભ્યાસ માટે આખા દેશમાં આદર્શ છે. તેમણે ઉમેર્યું કે, ''ભારત જ્યારે ચંદ્રયાન અને ગગનયાન જેવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે, ત્યારે કચ્છ વૈશ્વિક 'કોસ્મિક નકશા' પર ઊભરી આવે તે માટે આ યોગ્ય સમય છે. સદીઓથી તારાઓના સહારે દરિયો ખેડનારા કચ્છીઓ માટે હવે આ જ તારાઓ નવી પેઢીના અભ્યાસનું કેન્દ્ર બનશે.''આ સંકુલ માત્ર પ્રવાસન જ નહીં, પરંતુ દેશ-વિદેશના વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે. કચ્છની ભૌગોલિક સ્થિતિ અને પ્રવાસન ક્ષમતાને ધ્યાને રાખીને આ સ્થાનની પસંદગી કરવામાં આવી છે. ■

# મુંદરાના ગુંદાલામાં એલસીબીનો દરોડો: ₹ ૨.૫૮ લાખના વિદેશી શરાબ સાથે એક શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મુંદરાની સ્થાનિક ગુના શોધક શાખાએ તાલુકાના ગુંદાલા ગામમાં દરોડો પાડીને મોટી માત્રામાં શરાબનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ સાથે જ મેઘપર (કુંભારડી) વિસ્તારમાં પણ દરોડો પાડી અન્ય બે શખ્સોની અટકાયત કરવામાં આવી હતી.

એલસીબીના પી.એસ.આઈ. એમ.એચ. શિણોલએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પેટ્રોલિંગ દરમિયાન ગુંદાલાના રણુજા નગરમાં રહેતો જીવણજી ખાનજી જાડેજા મહારાષ્ટ્રથી શરાબનો જથ્થો મગાવી સ્થાનિકે વેચાણ કરતો હોવા અંગે પ્રાપ્ત થયેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે મકાન પર દરોડો પાડી અલગ-અલગ બ્રાન્ડની ૧૨૬ શરાબની બોટલ (કિંમત રૂ. ૨,૪૬,૦૭૨), બિયરના ૫૮ નંગ ટીન (કિંમત રૂ. ૧૨,૭૬૦) રૂ. ૧૦,૦૦૦નો મોબાઈલ ફોન સહિત કુલે રૂ.૨,૬૮,૮૩૨નો મુદામાલ કબ્જે કર્યો હતો અને આરોપીની ધરપકડ કરી પ્રાગપર પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ, અંજાર તાલુકાના મેઘપર (કુંભારડી) પાસે આવેલી રામેશ્વર સોસાયટી પાછળ 'બબા મહારાજ'ના વાડામાં ચાલતી ઓરડીમાં પોલીસે છાપો માર્યો હતો. અહીંથી કરણસિંહ દિલુભા જાડેજા અને ભરત જયંતીલાલ રાવલ નામના બે શખ્સોને ઝડપી લેવાયા હતા. પોલીસે આ સ્થળેથી રૂ. ૮,૯૬૦ની કિંમતના ૨૮ નંગ અંગ્રેજી દારૂના ક્વાર્ટરિયા અને રૂ. ૪૦૦નો દેશી દારૂ જપ્ત કર્યો હતો.

જોકે, આ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને કોણે સપ્લાય કર્યો હતો તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી મળી શકી નથી. પોલીસ આ દિશામાં વધુ તપાસ ચલાવી રહી છે. ■

# ગાંધીધામમાં પંક્ચરની દુકાનની આડમાં ચાલતું હેરોઈનનું નેટવર્ક ઝડપાયું, ₹ ૧.૭૮ લાખનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેરના ખોડિયારનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ટાયર પંક્ચરની દુકાન ચલાવતા એક શખ્સને પોલીસે માદક પદાર્થ 'હેરોઈન'ના વેચાણ બદલ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપએ પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી આરોપી પાસેથી લાખોની કિંમતનું હેરોઈન અને અન્ય ચીજવસ્તુઓ કબજે કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ખોડિયાર માતાના મંદિર નજીક ટાયર પંક્ચરની દુકાન ધરાવતો મૂળ પાટણ (રાધનપુર)નો ભરત રેવા દેવીપૂજક પંક્ચર બનાવવાની આડમાં માદક પદાર્થોનું વેચાણ કરતો હતો. એસઓજીએ જ્યારે દુકાનની તપાસ કરી ત્યારે શંકાસ્પદ રીતે લટકાવેલા દ્વિચક્રી વાહનોના ટાયર મળી આવ્યા હતા. આ ટાયરોની અંદર તપાસ કરતા પ્લાસ્ટિકની ઝિપ લોક થેલીઓમાંથી ક્રીમ રંગનો ગાંગડા સ્વરૂપ પદાર્થ મળી આવ્યો હતો. એફએસએલના અધિકારીઓ દ્વારા પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવતા આ પદાર્થ 'હેરોઈન' હોવાની પુષ્ટિ થઈ હતી. હેરોઈનનો જથ્થો પાલનપુરથી ખરીદીને ટ્રેન મારફતે ગાંધીધામ લાવતો હતો. ગ્રાહકોને માલ આપવા માટે તે પેન્સિલ સેલથી ચાલતા નાના વજન કાંટાનો ઉપયોગ કરી છૂટકમાં વેચાણ કરતો હોવાનું પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે.

પોલીસે આ કાર્યવાહી દરમિયાન ૮.૯૯૦ ગ્રામ હેરોઇન (કિંમત રૂ. ૧,૭૮,૪૦૦), ડિજિટલ વજન કાંટો, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહીત કુલ રૂ. ૧,૮૩,૯૦૦નો મુદામાલ અંકે કરી, આરોપી ભરત દેવીપૂજકની અટકાયત કરી ગુનો નોંધ્યો હતો. આ કેસમાં પાલનપુરના કયા શખ્સ પાસેથી તે માલ લાવ્યો હતો, તેને પકડી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે. ■

# કચ્છમાં કાળઝાળ ગરમી વચ્ચે વન્યજીવોનું માનવ વસાહતો તરફ પ્રયાણ: ઠંડકની શોધમાં ઝેરી સાપ-વીંછી નીકળતા ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સતત વધી રહેલા તાપમાનના કારણે માત્ર માનવજીવન જ નહીં, પરંતુ પશુ-પક્ષીઓ અને વન્યજીવો પણ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગરમીથી અકળાયેલા ઝેરી સાપ અને વીંછી જેવા જીવજંતુઓ હવે ઠંડકની શોધમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોની માનવ વસાહતો તરફ વળી રહ્યા હોવાથી સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉનાળાના પ્રારંભ સાથે કચ્છમાં વાડી-ખેતરો તેમજ રહેણાંક મકાનોમાં ઝેરી જીવજંતુઓ દેખાવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

ગરમીથી બચવા માટે આ સરીસૃપો ઘરના ઠંડકવાળા ખૂણાઓ, સ્ટોરરૂમ, પાણીની ટાંકીની આસપાસ કે ભીનાશવાળી જગ્યાઓએ આશરો લઈ રહ્યા છે. અચાનક સામે આવતા આ ઝેરી જીવોને કારણે લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જીવજંતુઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન સમાન ઘરની આસપાસ કચરો, ઘાસ કે લાકડાના ઢગલા ન રાખવા, અંધારામાં બહાર નીકળતી વખતે ફરજિયાત ટોર્ચનો ઉપયોગ કરવો, વાડી-ખેતરમાં કામ કરતા મજૂરો અને ખેડૂતોએ સુરક્ષા માટે ગમબૂટ અને હાથમોજાં પહેરવા વગેરે જેવી સૂચનાઓ વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી છે. જો કોઈને સાપ કે ઝેરી જંતુ કરડે તો ગભરાયા વગર તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવો અને અંધશ્રદ્ધામાં પડવાને બદલે તબીબી સારવાર લેવી. હાલના તબક્કે સાવચેતી અને સતર્કતા એ જ બચાવનો શ્રેષ્ઠ માર્ગ હોવાનું વન તંત્રના અધિકારીએ જણાવ્યું હતું. ■

# આમ આદમી પાર્ટી રાજકોટ શહેર દ્વારા 'આપ'નું અધિકાર પત્ર જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પ્રચાર અભિયાન તેની ચરમસીમાએ છે ત્યારે આમ આદમી પાર્ટી રાજકોટ શહેર દ્વારા 'આપ'નું અધિકાર પત્ર જાહેર કરવામાં આવ્યું હતું. આ ચૂંટણીમાં રાજકોટ મહાનગર પાલિકામાં જો આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો અધિકાર સાથે રાજકોટને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ સાથેનું સર્વશ્રેષ્ઠ શહેર બનાવવા જાહેરાત કરી છે. જેમાં શિક્ષણ, આરોગ્ય, ટ્રાન્સપોર્ટેશન અને રમતગમત ક્ષેત્ર સહિત અલગ અલગ ૯ મુદ્દાઓને આવરી લઇ આ અધિકાર પત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

'આપ'નાં આ અધિકાર પત્રમાં ઘરવેરો અડધો કરવો, પાણીવેરો માફ કરવો. તમામ પ્રકારના વેરાઓની નવેસરથી સમીક્ષા કરવાનું વચન આપવામા આવ્યું છે. શહેરનીજનોને વધુ સમય સુધી પાણી આપવામાં આવશે. ભાડે આપેલી પ્રોપર્ટીનો ટેકસ ઓછો કરાશે.

તે જ રીતે રાજકોટ મહાનગરપાલિકાની હદમાં વસવાટ કરતા તમામ પરિવારોને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીનું વીમા કવર આપવાની જાહેરાત કરાઈ છે. દરેક ઝોનમાં પ્રાથમિક કક્ષાના તમામ ટેસ્ટ, સોનોગ્રાફી, એક્સ-રે વગેરે સુવિધાઓ એકદમ નજીવા દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભેળસેળયુક્ત ખોરાકને સુનિશ્ચિત કરવા માટે ખાદ્ય પદાર્થોના ટેસ્ટીંગ માટે દરેક ઝોન દીઠ ફૂડ ટેસ્ટીંગ લેબ બનાવવા સહિતની જાહેરાત કરવામાં આવી છે. ■

# ધંધુકા હત્યાકાંડ મામલે માલધારી સમાજ દ્વારા કલેક્ટરને આવેદન, હિંદુઓની સુરક્ષાની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના ધંધુકામાં યુવકની હત્યાના વિરોધમાં સુરેન્દ્રનગર જિલ્લામાં માલધારી સમાજ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. માલધારી સમાજના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી કે, ધર્મેશ ભરવાડની હત્યાના આરોપીઓને કડક સજા, જેમાં આજીવન કેદ અથવા ફાંસીની સજાનો સમાવેશ થાય છે, તે ફટકારવામાં આવે. તેની સાથે સાથે હત્યારાઓ સામે કડક કાર્યવાહી અને હિન્દુ સમાજની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માગ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત તારીખ ૧૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ધંધુકાના હિન્દુ યુવક ધર્મેશભાઈ ગમારા (ભરવાડ)ની અમુક તત્ત્વો દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત સુરેન્દ્રનગર જિલ્લામાં પડ્યા છે. માલધારી સમાજે આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.

આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ધંધુકામાં છેલ્લા દસ વર્ષમાં હિન્દુ યુવકોની હત્યાની આ પાંચમી ઘટના છે. અગાઉ કિશન ભરવાડની હત્યા બાદ ફરી આવી ક્રૂર ઘટના બનતા સમગ્ર સમાજમાં શોક અને આક્રોશની લાગણી જોવા મળી રહી છે. ■

# જૂનાગઢની આંબેડકર હૉસ્ટેલમાં ગેરકાયદે રહેતા યુવકની આત્મહત્યાથી અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ શહેરના રેલવે સ્ટેશન નજીક કેવડાવાડી વિસ્તારમાં આવેલી સરકારી 'ડૉ. ભીમરાવ આંબેડકર કુમાર છાત્રાલય'માં ૨૬ વર્ષીય જયેશ ભીખુભાઈ સોલંકી નામના યુવાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતા અરેરાટી ફેલાઈ હતી.

મૃતક યુવાન છાત્રાલયમાં કોઈ પણ સત્તાવાર પ્રવેશ (એડમિશન) વગર 'ગેસ્ટ' તરીકે રહેતો હતો.

આ ઘટનાએ હૉસ્ટેલના વોર્ડન ભીખુ સોલંકીની અગાઉની કબૂલાતને ફરી ચર્ચામાં લાવી દીધી છે. એક વીડિયોમાં વોર્ડને સ્પષ્ટ સ્વીકાર્યું હતું કે, ૧૦૦ વિદ્યાર્થીની ક્ષમતા ધરાવતી આ હૉસ્ટેલમાં ૨૫-૩૦ યુવક વર્ષોથી ગેરકાયદેસર રીતે 'ગેસ્ટ' બનીને રહે છે. ■